gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

ગુરૂવાર 9 જૂન 2022

જેઠ સુદ-09, વિક્રમ સંવત 2078 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 250 | વર્ષ : 06 | અંક : 05 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



સોનમ કપૂર પહેલા બાળકને જન્મ આપીને માતૃત્વની ખુશીઓ લેશે

પેજ 11

સુવિચાર

ભોજનની કિંમત ભૂખ સમયે થાય છે અને ભગવાનની કિંમત દુ:ખ સમયે થાય છે...


## 20 વર્ષ માટેની 10 લાખની હોમ લોન પર લગભગ 300 રૂપિયા EMI વધી જશે

# મારી નાખ્યાં! હવે લોનના હપ્તા થશે વધુ મોંઘા




ગુજરાત | વંદન

વધતી જતી મોંઘવારીને કાબુમાં લેવા માટે બુધવારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મહત્ત્વની બેઠક મળી હતી.



આ બેઠક બાદ રેપો રેટમાં 50 બેસિસ પોઈંટનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આરબીઆઈ દ્વારા રેપો રેટમાં 0.50 ટકાનો વધારો કરાયો છે. આ વધારાને પગલે હવે રેપો રેટ 4.40 ટકાથી વધીને 4.90 ટકા થઈ જશે. આ સમાચારનો મતલબ એમ થાય છેકે, હવે તમારી બેંક લોન ચાલતી હશે તો તેનો હપ્તો એટલેકે, EMI પહેલાં કરતા વધુ મોંઘી થશે. RBI ની આ જાહેરાત સાથે જ શેરમાર્કેટ પર પણ એની અસર જોવા મળી. સેન્સેક્સમાં 400 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો.

### રેપો રેટમાં 0.50% નો વધારો, હવે 4.90% થયો

આરબીઆઈ દ્વારા છેલ્લાં એક જ માસમાં બીજીવાર રેપો રેટમાં વધારો કરાયો છે. આ પહેલાં 4 મેના રોજ આરબીઆઈએ રેપો રેટમાં અચાનક 40 બેસિસ પોઈન્ટનો વધારો કર્યો હતો. આ સમય દરમિયાન કેશ રિઝર્વ રેશિયો પણ 0.50 ટકાથી વધારીને 4.5 ટકા કરવાનો નિર્ણય લીધો હતો. દેશમાં મોંઘવારી સતત વધી રહી છે. દેશમાં મોંઘવારીનો દર સતત 6 ટકાથી ઉપર રહ્યો છે. ત્યારે વધતી જતી મોંઘવારીને કાબુમાં લેવા માટે અને સામાન્ય લોકોને રાહત આપવા આરબીઆઈ દ્વારા આ નિર્ણય લેવાયો છે.

### રેપો રેટ શું છે?

RBI દ્વારા બેંકોને જે દરે લોન આપવામાં આવે છે તેને રેપો રેટ કહેવામાં આવે છે. રેપો રેટમાં વધારાનો અર્થ એ છે કે બેંકોને આરબીઆઈ પાસેથી ઊંચા દરે લોન મળશે. તેનાથી હોમ લોન, કાર લોન અને પર્સનલ લોન વગેરે પર વ્યાજ દર વધશે, જેની સીધી અસર તમારા EMI પર પડશે.

વાણી-વર્તનમાં દ્રોપદીએ સંયમ ના રાખ્યો, મહાભારત સર્જાયુ, ટીવી ડિબેટમાં સંયમ ચૂક્યા અને...

## નુપૂરે નાક કપાવ્યું-ભારતને ઝુકવુ પડ્યું

■ વિરોધપક્ષો તો રાજી રાજી થઇ ગયા કે અબ આયા ઉંટ પહાડ કે નીચે..પણ મામલો ખૂબ જ સંગીન છે

ગુજરાત | વંદન

છેલ્લાં 8 વર્ષમાં આવુ ક્યારેય થયું નથી. છેલ્લાં કેટલાય સમયમાં આવુ થયું નથી. એમ કહી શકાય કે આઝાદ ભારતના આટલા વર્ષોમાં આવુ થયું નથી જે હાલમાં થયું છે. 30 મે, 2022ના રોજ સળગ શાસનના 8 વર્ષ અને બીજી ઈનિંગ્સના 3 વર્ષ પૂરા થયાની શાનદાર ઉજવણી દેશ આખામાં દબદબાભેર થઇ રહી હતી. અખબારોમાં, ટીવી મિડિયામાં 8 વર્ષની સરકારની કામગીરીના લેખા-જોખાં થઇ રહ્યાં હતા. ત્યાં ભાજપના બે પ્રવકતાઓ જેમાં એક નુપૂર શર્માએ જ્ઞાનવાપી મસ્જીદમાં મળી આવેલા શિવલિંગ અને અન્ય હિન્દુ અવશેષો અંગેની એક ટીવી ડિબેટમાં ઈસ્લામ ધર્મના સ્થાપક મોહમ્મદ પૈયંગબરસાહેબ અંગે એવી વણછાજતી ટીપ્પણી કરી કે ભારત અને ભાજપને કુવૈત, કતાર, સાઉદી અરેબિયા, ઈરાન, મલેશિયા, તુર્કી, લિબિયા,ઈરાક, ઈજીપ્ત અને અન્ય મુસ્લિમ દેશોની સામે



શરમજનક તથા ક્ષોભજનક સ્થિતિમાં મૂકાઈ જવાની સાથે એ દેશોના દબાણમાં આવીને પાર્ટીના પ્રવકતા નુપૂર શર્માને પાર્ટીમાંથી સસ્પેન્ડ અને અન્ય પ્રવકતા તથા દિલ્હી ભાજપ મિડિયાના મુખ્ય નવીન જિન્દાલની હકાલપટ્ટી કરી દેવામાં આવી છે.

નૂપુર શર્મા દિલ્હી ભાજપમાં એક અનુભવી પ્રવકતા છે. દિલ્હી વિધાનસભાની એક ચૂંટણીમાં ભાજપે તેમને આપ પાર્ટીના કેજરીવાલની સામે ઉભા રાખ્યા હતા જો કે નુપૂર શર્મા હારી ગયા હતા. તેઓ કાંઇ પહેલીવાર ટીવી ડિબેટમાં બેઠી હોય એવુ નહોતું અને એવુ નથી. તેમણે અનેક ટીવી ડિબેટમાં ભાજપ તરફથી સંબિત પાત્રાની જેમ ભાગ લીધો છે અને ભાજપ તથા કેન્દ્રની એનડીએની સરકાર સામે ટીવી ડિબેટમાં કરાતાં પ્રહારોનો જડબાતોડ જવાબો આપ્યાં છે. નુપૂર શર્મા એક ઘડાયેલા નેતા છે. તેમ છતાં તેઓ જ્ઞાનવાપીની ટીવી ડિબેટમાં મહાભારતના દ્રૌપદીની

...અનુસંધાન પાના નં. 06

## વર્લ્ડ બેન્કે ભારતનો ગ્રોથ રેટ ઘટાડીને 7.5 ટકા કર્યો

### એપ્રિલમાં અનુમાન 8.7 ટકાથી ઘટાડીને 8 ટકા કર્યું હતું

ગુજરાત | વંદન

વર્લ્ડ બેંકે વધતા જતા ફુગાવા,સપ્લાય ચેઈન વિક્ષેપ અને ભૌગોલિક રાજકીય તણાવને કારણે ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતની આર્થિક વૃદ્ધિનું અનુમાન ઘટાડીને 7.5 ટકા કર્યું છે. સતત બીજી વખત એવું બન્યું છે જ્યારે વર્લ્ડ બેંકે ચાલુ નાણાકીય વર્ષ 2022-23માં ભારત માટે તેના જીડીપી વૃદ્ધિ અનુમાનમાં ફેરફાર કર્યો છે.

એપ્રિલમાં અનુમાન 8.7 ટકાથી ઘટાડીને 8 ટકા કર્યું હતું અને હવે તે 7.5 ટકાનું અનુમાન દર્શાવ્યું છે. જીડીપી વૃદ્ધિ અગાઉના નાણાકીય વર્ષ 2021-22માં 8.7 ટકાના વિસ્તરણની તુલનામાં છે. ભારતમાં નાણાકીય વર્ષ 2022/23માં વૃદ્ધિ દર ઘટીને 7.5 ટકા રહેવાની આગાહી કરવામાં આવી છે. વર્લ્ડ બેંક ગ્લોબલ ઈકોનોમિક પ્રોસ્પેક્ટ્સના તેના તાજેતરના અંકમાં જણાવ્યું હતું. વૃદ્ધિને ખાનગી ક્ષેત્ર અને સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા નિશ્ચિત રોકાણ દ્વારા પણ ટેકો મળશે. વ્યવસાયિક વાતાવરણને સુધારવા માટે પ્રોત્સાહનો અને સુધારાઓ રજૂ કર્યા છે.

આગાહી જાન્યુઆરીના અંદાજથી વૃદ્ધિના 1.2 ટકા પોઈન્ટ ડાઉનવર્ડ રિવિઝનને દર્શાવે છે. જોકે, વૃદ્ધિ 2023-24માં તેની લાંબાગાળાની સંભવિતતા તરફ પાછી ધીમી પડીને 7.1 ટકા થવાની ધારણા છે.ઈંધણથી લઈને શાકભાજી અને રાંધણ તેલ સુધીની તમામ ચીજવસ્તુઓના ભાવમાં થયેલા વધારાએ WPI અથવા જથ્થાબંધ ભાવ આધારિત ફુગાવાને એપ્રિલમાં 15.08 ટકાની વિક્રમી ઊંચી સપાટીએ પહોંચ્યો છે અને રિટેલ ફુગાવો 7.79 ટકાના આઠ વર્ષની ટોચે પહોંચ્યો. ઊંચા ફુગાવાના કારણે રિઝર્વ બેન્કે ગયા મહિને બેન્ચમાર્ક વ્યાજ દરમાં 40 બેસિસ પોઈન્ટ્સ વધારીને 4.40 ટકા કરવા માટે એક અનિશ્ચિત બેઠક યોજી હતી.

પયગંબર સાહેબના વિવાદ મામલે

### અલકાયદાની ગુજરાત સહિત દેશભરમાં હુમલાની ધમકી

ગુજરાત | વંદન

આતંકી સંગઠન અલકાયદાએ ભારતમાં આત્મઘાતી હુમલા કરવાની ધમકી આપી હતી છે. અલકાયદાએ પોતાની ઓફિશિયલ મીડિયા ચેનલના માધ્યમથી ધમકી આપી છે કે તે ગુજરાત, ઉત્તર પ્રદેશ, મુંબઇ, દિલ્હીમાં ગમે ત્યારે આત્મઘાતી હુમલા કરશે. સાથે એવો પણ દાવો કર્યો છે કે ટૂંક સમયમાં ભાજપનો નાશ થશે. ટીવી ડિબેટ દરમિયાન ભાજપના નેતા નૂપુર શર્માએ જે નિવેદન આપ્યું હતું તેના વિવાદ બાદ અલકાયદાએ આ ધમકી આપી છે.

હુમલો થવાના ભયથી વધારી સુરક્ષા

### નુપૂરની જીભ કાપી લાવનારને 1 કરોડ રૂપિયાના ઇનામની જાહેરાત

ગુજરાત | વંદન

ભાજપની પૂર્વ પ્રવકતા નુપુર શર્મા દ્વારા મોહમ્મદ પૈગમ્બર પર વાંધાજનક ટિપ્પણી કરવાનો વિવાદ શાંત થવાનું નામ લેતો નથી, અરબ દેશોમાં નુપૂરના નિવેદનનો વિરોધ થયો આ ઉપરાંત ભારતમાં ભીમ સેના પણ આ વિવાદમાં કુદી પડી છે. ભીમસેનના ચીફ નવાબ સતપાલ તંવરે નૂપૂર શર્માની જીભ કાપીને લાવનારાને 1 કરોડ રુપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરી છે. ઉલ્લેખનીય છે કે નુપુર શર્માના નિવેદનથી મુસ્લિમ દેશો દ્વારા ભારે વિરોધ થઈ રહ્યો છે.

## ટી20 સિરીઝ પહેલા ભારતીય ટીમને ઝટકો, કેપ્ટન રાહુલ થયો બહાર, પંતને મળી કમાન

ગુજરાત | વંદન





9 જૂનથી દક્ષિણ આફ્રિકા સામે શરૂ થઈ રહેલી પાંચ મેચોની ટી20 સિરીઝ પહેલાં ભારતીય ટીમને મોટો ઝટકો લાગ્યો છે. કેપ્ટન કેએલ રાહુલ ઈજાને કારણે બહાર થઈ ગયો છે. કેએલ રાહુલની ઈજા એટલી ગંભીર છે કે તે આફ્રિકા સામે પાંચ મેચોની ટી20 સિરીઝ રમી શકશે નહીં. ભારતીય ક્રિકેટ બોર્ડે કેએલ રાહુલના સ્થાને રિષભ પંતને ટીમ ઈન્ડિયાનો કેપ્ટન બનાવ્યો છે.

કેએલ રાહુલની ઈજા વિશે હજુ વધુ માહિતી સામે આવી નથી. પરંતુ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે પુષ્ટિ કરી દીધી છે કે કેએલ રાહુલ આફ્રિકા સામે ગુરૂવારથી દિલ્હીમાં શરૂ થઈ રહેલી પાંચ મેચોની સિરીઝમાં રમી શકશે નહીં. પરંતુ રાહુલ ઈંગ્લેન્ડના પ્રવાસે જનારી ટીમ ઈન્ડિયાનો ભાગ હશે કે નહીં તે સ્થિતિ હજુ સ્પષ્ટ નથી.

આફ્રિકા સામે ટીમની જાહેરાત થઈ ત્યારે રિષભ પંતને વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. હવે કેએલ રાહુલની ગેરહાજરીમાં રિષભ પંત પ્રથમવાર ટીમ ઈન્ડિયાની કમાન સંભાળશે. મહત્વનું છે કે ભારતના નિયમિત કેપ્ટન રોહિત શર્માને આ સિરીઝ માટે આરામ આપવામાં આવ્યો છે.

ભારત અને આફ્રિકા વચ્ચે પ્રથમ ટી20 મેચ 9 જૂને અરૂણ જેટલી સ્ટેડિયમ દિલ્હીમાં રમાવાની છે. રાહુલ બહાર થવાથી ભારતીય ટીમે પોતાની ઓપનિંગ જોડીમાં ફેરફાર કરવો પડશે. ઈશાન કિશનની સાથે હવે રુતુરાજ ગાયકવાડને ઓપનિંગની જવાબદારી સંભાળવા મળી શકે છે.



# દેશ માટે જાનની કુર્બાની આપવા તત્પર માજી સૈનિકોએ યોજી સન્માન યાત્રા

## ■ 14 મુદ્દાની માંગણી સાથે રજૂઆત, મુખ્ય સચિવ સાથે સોમવારે ગુજરાત માજી સૈનિક સંગઠનની બેઠક યોજાશે

ગુજરાત | વંદન

લશ્કરી સેવામાંથી નિવૃત થયેલા માજી સૈનિકો તથા ફરજ દરમિયાન મોતને ગળે લગાડનારા જાંબાઝ શહીદોના પરિવારો દ્વારા અમદાવાદથી ગાંધીનગર સુધી સૈનિક સન્માન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાહીબાગ, અમદાવાદ સ્થિત શહીદ સ્મારકથી પ્રારંભ થઈને ગાંધીનગર સચિવાલય પહોંચેલી આ યાત્રામાં હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા.

ભારત દેશ માટે પોતાના જીવની બાજી લગાવી દેનારા આ સૈનિકોને, નિવૃત્તિ પછી નડતી અનેક સમસ્યાઓના નિરાકરણ માટે સોમવારે શાહીબાગ અમદાવાદથી ગાંધીનગર સચિવાલય સુધી સૈનિક સન્માન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. માજી સૈનિક સેવા ફાઉન્ડેશન અને ગુજરાત માજી સૈનિક સંગઠનના નેજા હેઠળ સચિવાલય પહોંચેલા પૂર્વ સૈનિકો અને શહીદોના પરિવારો દ્વારા પોતાની સમસ્યાનું ચૌદ મુદ્દામાં નિરૂપણ કરવામાં આવ્યું હતું. આ ૧૪ મુદ્દામાં, શહીદ પરિવારને એક કરોડની સહાય તથા પરિવારનાં એક સદસ્યને સરકારી નોકરી, ગાંધીનગર ખાતે રાજ્ય લેવલનું શહીદ સ્મારક તથા સૈનિકો માટે આરામ ગૃહ, સૈનિકો માટે રાજ્ય સરકાર તરફથી નોકરી માટેની અનામત, ખેતી માટે જમીન તથા રહેણાંક પ્લોટ, દારૂ માટે ભારતીય સેના દ્વારા અપાયેલી પરમીટને જ માન્ય



ગણવી, કોન્ટ્રાક્ટ પધ્ધતિને બદલે સીધી ભરતી કરાય, હથિયારનું લાયસન્સ રીન્યુ કરવા માટે આગવી સુવિધા, પૂર્વ સૈનિકોના પરિવારની સમસ્યાઓના નિરાકરણ માટે કચેરીઓમાં તેની સમસ્યાઓનો તાત્કાલિક ઉકેલ લાવવા માટે ખાસ સુવિધા ઉભી કરવી, પૂર્વ સૈનિકના નોકરીના કિસ્સામાં લશ્કરમાં કરેલી નોકરીનો ગાળો સળંગ ગણવામાં આવે, પાંચ વર્ષનાં ફિક્સ પગાર વાળી પદ્ધતિ પૂર્વ સૈનિકો માટે નાબૂદ કરવામાં આવે, પૂર્વ સૈનિકને પોતાના વતનમાં જ નોકરી આપવામાં આવે, ઉચ્ચ અભ્યાસ અંગેના પ્રવેશમાં સૈનિકોના બાળકોને છૂટછાટ અપાય, સૈનિકોના બાળકોનો ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવે અને સૈનિકો માટે લેવાતો વ્યવસાય વેરો માફ કરવાની માંગ કરવામાં આવી છે.

પૂર્વ સૈનિકો દ્વારા કરવામાં આવેલી રજૂઆતને ધ્યાને લઈને તેના નિરાકરણ માટે તા. ૧૩, જુનના દિવસે મુખ્ય સચિવ સાથે એક ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે ચારેક વર્ષથી રજૂઆત કરી રહેલા માજી સૈનિકોએ પોતાની માંગણીઓ માટે હવે આંદોલન ઉપર ઉતરી આવવું પડે એવી સ્થિતિ સર્જાય તો એ દેશની રક્ષા કરનારા જવાનોના પરિવારજનોની રક્ષા કરવા માટે તંત્ર સક્ષમ નહિ હોવાની પ્રતીતિ કરાવશે એવી પણ ચર્ચાઓ સ્થળ ઉપર સાંભળવા મળી હતી.

### સૈનિકોને યોગ્ય ન્યાય મળવો જોઈએ

પૂર્વ સૈનિકો દ્વારા એવી પણ રજૂઆત કરવામાં આવી હતી કે, માર્ગ અકસ્માતમાં અપમૃત્યુ થયું હોય એવા મૃતકના પરિવારજનોને ચાર લાખની સહાય આપવામાં આવે છે. જ્યારે સામી છાતીએ ગોળીઓ ઝીલીને દેશ માટે શહીદ થનાર સૈનિકના પરિવારને માત્ર એક લાખ રૂપિયા જેટલી મામૂલી રકમ આપવામાં આવે છે. દિવસ-રાત, ઠંડી-ગરમી, કુદરતી વરસાદ હોય કે ગોળીઓનો વરસાદ, કંઈ પણ વિચાર્યા વગર પોતાના જાનનું દેશ માટે દાન કરી દેવા તત્પર સૈનિકના પરિવારને તથા નિવૃત્ત સૈનિકોને યોગ્ય ન્યાય મળવો જોઈએ એવી લાગણી પણ પૂર્વ સૈનિકો દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.

# ગીર ફાઉન્ડેશન દ્વારા પર્યાવરણ દિવસની ઉજવણી

## ■ હેપ્પી યુથ ક્લબ અને નેહરુ યુવા કેન્દ્રના યુવા સ્વયંસેવકો સરકારી વિજ્ઞાન કોલેજના વિદ્યાર્થીઓ જોડાયાં

ગુજરાત | વંદન

ગાંધીનગરમાં વિશ્વ પર્યાવરણ દિવસે ગીર ફાઉન્ડેશન દ્વારા અરણ્ય વન ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં ગાંધીનગરની જાણીતી પર્યાવરણ અને સામાજિક સેવા ક્ષેત્રે કાર્યરત સંસ્થા હેપ્પી યુથ ક્લબ અને નેહરુ યુવા કેન્દ્રના યુવા સ્વયંસેવકો ઉપરાંત સે.૧૫ની સરકારી વિજ્ઞાન કોલેજ, શહેરની દિવ્ય કાશી સંસ્થા અને દાંતીવાડાની રિન્યુએબલ એન્ડ એન્વાયર્મેન્ટ કોલેજના વિદ્યાર્થીઓ જોડાયાં હતા.

કાર્યક્રમના પ્રારંભે ગીર ફાઉન્ડેશનના નાયબ નિયામક આર.બી.સોલંકી અને આર.પી.ગેહલોતે ઉપસ્થિત સ્વયંસેવકો તેમજ વિદ્યાર્થીઓને પર્યાવરણના મહત્વ તેમજ જતન અંગે માહિતગાર કર્યા હતા. માર્ગદર્શન કાર્યક્રમ બાદ સીડ્સબોલ એટલે કે બીજ-દડાં બનાવવા અંગે ગીર ફાઉન્ડેશનના પ્રોગ્રામ ઓફિસર આલાપ પંડિતે માહિતી અને તાલીમ આપી હતી અને સ્વયંસેવકો-વિદ્યાર્થીઓ દ્વારા મોટી સંખ્યામાં બીજ-દડાં બનાવવામાં આવ્યાં હતા જેને સુકવ્યાં બાદ વરસાદી ઋતુમાં ખુલ્લી જગ્યાએ નાંખવામાં આવશે જેમાંથી કુદરતી રીતે વૃક્ષો ઉગી નિકળશે. અ પછી અરણ્ય વનમાં મોટી સંખ્યામાં વૃક્ષારોપણ કરાવામાં આવ્યું હતું.

# હાય રે બેરોજગારી, 3400 તલાટીની જગ્યા માટે 17 લાખ ઉમેદવારોએ ફોર્મ ભર્યા

ગુજરાત | વંદન

ગુજરાત રોજગારી આપવામાં દેશમાં અવ્વલ છે તેવા દાવા અત્યાર સુધી ગુજરાત સરકાર દ્વારા કરાતા હતા. ત્યારે આ દાવા પોકળ સાબિત થયા છે. આજકાલ સરકારી કર્મચારી બનવાની ઈચ્છા દરેક યુવાનને હોય છે. આજે ગુજરાતમાં સરકારી ભરતીની પરીક્ષા આપનાર યુવાનોની સંખ્યા લાખોમાં છે. જ્યારે નોકરીની બેઠકોની સંખ્યા માત્ર ચાર આંકડામાં છે, ગુજરાતમાં આ ઘેલછા જેવી તેની નથી. તલાટીની 3,400 જેટલી જગ્યાઓ માટે 17 લાખ જેટલા ફોર્મ ભરાયા છે. ઉમેદવારોની આ સંખ્યા શું સૂચવે છે? શું ખરેખર ગુજરાતમાં નોકરીઓની ભરપૂર તકો છે? જો જવાબ હા હોત તો આજે આ દશા ન આવી હોત.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, ગુજરાતમાં જેવી સરકારી નોકરીની જાહેરાત પડે કે લાખો અરજીઓ થતી હોય છે, ત્યારે વર્તમાન સમયમાં સરકારી નોકરીમાં તલાટીની ભરતી માટે રેકોર્ડ બ્રેક અરજીઓ કરવામાં આવી છે. જેના આંકડા આજે અમે તમને આપી રહ્યા છીએ. તલાટીની 3,400 જગ્યા સામે લાખો યુવાનોએ અરજી કરી છે. 3,400 જગ્યા માટે 17 લાખ અરજી કરાઈ છે. જે અત્યાર સુધીની તમામ ભરતીઓમાં વધુ છે. રાજ્યમાં કોઈ ભરતીમાં સૌથી વધુ અરજીઓ થઈ હોય તેવી આ પ્રથમ ઘટના છે. તલાટીની 3,400 જગ્યા માટે 17 લાખ અરજી આવી હોય તેવી પ્રથમ ઘટના સામે આવતા ખળભળાટ મચ્યો છે.

એટલું જ નહીં, તલાટીની ભરતીમાં ફોર્મ ભરવામાં ભૂલ વાળી 1 લાખ અરજી તો માત્ર રદ કરાઈ છે. નહીં તો આ આંકડો ક્યાં જઈ પહોંચે તે તમે વિચારી શકો છો. તમને જણાવી દઈએ કે જુલાઈ મહિનામાં તલાટીની પરીક્ષા યોજાવાની શક્યતા દેખાઈ રહી છે. ગુજરાતમાં હવે શિક્ષિત બેરોજગારીનો ગ્રાફ દિવસેને દિવસે વધી રહ્યો છે. સરકારી આંકડા પ્રમાણે ગુજરાતમાં હાલ 3 લાખથી વધુ શિક્ષિત બેરોજગારો છે. જ્યારે 17 હજાર 816 અર્ધ શિક્ષિત બેરોજગારો રાજ્યમાં ફરી રહ્યા છે.તમને જણાવી દઈએ કે, સરકારી નોકરી મળવીને લાઈફ સેટ કરવાનું દરેક યુવાનનું સપનું હોય છે, પણ આ નોકરી મેળવવી એ ખાવાનો ખેલ નથી. ખાંડાનો ખેલ છે. શા માટે સરકારી નોકરી મેળવવા માટે આટલું ઝઝૂમવું પડે છે? હાલ રાજ્યમાં તલાટીની ભરતી ચાલી રહી છે. રાજ્યમાં ઘણાં એવા યુવાનો છે કે જેઓ છેલ્લાં ઘણાં વર્ષોથી સરકારી નોકરી મેળવવા માટેની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહ્યા છે પરંતુ, કોરોનાની મહામારીના કારણે યુવાનો ચિંતામાં મુકાયા છે.

નોંધનીય છે કે, સરકારી નોકરી મેળવવા માટેની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારની સાથે-સાથે તેનો પરિવાર અને ભવિષ્યના પ્લાન પણ જોડાયેલા હોય છે. એક કરતા વધુ વર્ષો સુધી તૈયારી કરતા ઉમેદવારને લગ્નનું દબાણ, કમાણીના સ્ત્રોત, પ્રાઈવેટ નોકરી અથવા બિઝનેસમાં પરત ફરીશું તો શું કરીશું? જેવા પ્રશ્નો સામે પણ સતત લડતા રહેવું પડે છે.

# ગુજરાત ઇન્ફોર્મેટિક્સ કંપની સાથે રૂ. 7 કરોડની છેતરપિંડી

## ■ અનઅધિકૃત કંપનીને બિલો ચૂકવી કરાયું કૌભાંડ

ગુજરાત | વંદન

ગાંધીનગરની ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડ કંપની સાથે રૂપિયા 6.99 કરોડની છેતરપિંડી થઈ છે. આ છેતરપિંડી અનધિકૃત બિલો ચૂકવીને કરવામાં આવી છે. વર્ષ 2019-20ના ઓડિટ રિપોર્ટમાં સમગ્ર કૌભાંડ બહાર આવ્યું છે. જેથી કંપનીના સંચાલકોએ ગાંધીનગર સેક્ટર-7 પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સરકારના વિવિધ સાહસો અને લિમિટેડ કંપનીમાં કરોડો રૂપિયાની ઉચાપતના કિસ્સા સામે આવી રહ્યાં છે ત્યારે આ વખતે સેક્ટર-10માં આવેલા કર્મયોગી ભવનમાં




કાર્યરત ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડ સાથે પણ કર્મચારીઓએ ભેગાં મળીને કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનું બહાર આવી રહ્યું છે.

આ અંગે મળતી માહિતી મુજબ, વર્ષ 2019-20નું ઓડિટ કરવામાં આવતા GILમાં રજીસ્ટ્રેશન નહીં ધરાવતી કંપનીઓને પણ અલગ-અલગ તબક્કે સાત કરોડ રૂપિયા ઉપરાંતની રકમ ચૂકવી દેવામાં આવી હતી. જેથી આ મામલે અહીં કામ કરતા કર્મચારીઓ ઉપર જ શંકાની સોય સેવાઈ રહી છે. જો કે, કાર્યાલયની તપાસ બાદ આખરે ગઈ કાલે GIL દ્વારા સેક્ટર-7 પોલીસ મથકમાં આ મામલે છેતરપિંડી સંદર્ભે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# સંત સરોવરથી માણસાનાં લાકરોડા વચ્ચે 800 કરોડના ખર્ચે 5 ડેમની યોજના કાગળ ઉપર

ગુજરાત | વંદન

ઉપરવાસમાં વરસાદ પડ્યા પછી ધરોઈ ડેમમાંથી છોડવામાં આવતું લાખો ક્યુસેક પાણી વેડફાઈ ના જાય તે માટે 800 કરોડના ખર્ચે સંત સરોવરથી માણસાનાં લાકરોડા વચ્ચે પાંચ દરવાજા વાળા પાંચ ડેમ બાંધવાની યોજના માત્ર કાગળ ઉપર રહી ગઈ છે. સૌ પ્રથમ ડેમ સાદરા ગામ પાસે બાંધવાનું નક્કી થયું હતું. જે હજી શરૂ નહીં થતાં આ આખી યોજના અભરાઈએ ચડી ગઈ છે.

રાજ્ય સરકાર દ્વારા ભૂગર્ભ જળમાં સ્તર ઊંચા લાવવા માટે જળ સંચયનાં કામો ઉપર ભાર મૂકવામાં આવતો રહેતો હોય છે. જોકે, ઉપરવાસમાં ભારે વરસાદ પડવાથી ધરોઈ ડેમમાંથી પાણી છોડવામાં આવતું હોય છે. જે બાદ ગાંધીનગરના લાકરોડા, સંત સરોવર અને છેલ્લે વાસણા બેરેજમાંથી પણ લાખો ક્યુસેક પાણી છોડવામાં આવતું હોય છે અને આ પાણી વેડફાતું અટકાવવા માટે સંત સરોવરથી માણસાનાં લાકરોડા બેરેજ વચ્ચે દરવાજા વાળા પાંચ ડેમ બાંધવાની 800 કરોડની તરતી મૂકવામાં આવેલ યોજના માત્ર કાગળ ઉપર જ રહી ગઈ છે.

ઉપરવાસમાં વરસાદ પડે તે પછી ધરોઈ ડેમ માંથી છોડવામાં આવતું લાખો ક્યુસેક પાણી ની આવક ગાંધીનગર લાકરોડા, સંત સરોવર અને વાસણા બેરેજમાં થયા પછી વધારાનું લાખો ક્યુસેક પાણી છોડી દેવામાં આવતું હોય છે. જે પાણીને વેડફાતુ અટકાવવા માટે દરવાજા વાળા પાંચ ડેમ બાંધવાનું આયોજન કાગળ પર રહી ગયું છે. વર્ષ 2002 માં દોઢસો કરોડના ખર્ચે સંત સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

જે બાદ સંત સરોવરનાં કેચમેટ વિસ્તારમાં પાણી ભરાઈ રહેવાના કારણે તે જમીનમાં ઉતરવાથી આસપાસના 48 હજાર હેક્ટર વિસ્તારમાં પાણીના જળ સ્તર રિચાર્જ થયાનો લાભ થયો હતો. ગાંધીનગરમાં પહેલા 53 બોરથી શહેરને પાણી પુરવઠો પૂરો પાડવામાં આવતો હતો. જે પછી નર્મદા નું પાણી મળવા લાગ્યું છે. જેમાં સૌથી મહત્ત્વના 25 બોર સાબરમતી નદીના પટમાં આવેલા છે.

# રાજકોટના SCA સ્ટેડિયમમાં ટિકિટનો ભાવ 1000થી 8000

ગુજરાત | વંદન

આગામી 17મી જૂનના રોજ રાજકોટના-જામનગર રોડ પર ખંઢેરી સ્થિત સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન (SCA) સ્ટેડિયમમાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ટી-20 મેચ રમાનાર છે. જેને લઈ SCAએ તડામાર તૈયારી શરૂ કરી દીધી છે. જોકે આ મેચને લઈ સૌરાષ્ટ્ર અને ગુજરાતના ક્રિકેટ રસિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. SCAએ આ મેચ માટેની ટિકિટના દરની જાહેરાત કરી દીધી છે. આ મેચમાં ટિકિટના દરમાં વધારો કરવામાં આવ્યો છે, અગાઉના 8 મેચમાં જે ટિકિટ 500થી લઈ 7000 સુધી મળતી હતી તે ટિકિટના ભાવ વધારીને તે 1000થી લઈ 8000 સુધી નક્કી કરવામાં આવ્યા છે.સ્ટેડિયમમાં ઈસ્ટ સ્ટેન્ડ, વેસ્ટ સ્ટેન્ડ અને સાઉથ પેવેલિયન એમ ત્રણ પાર્ટ પાડીને તે મુજબ ટિકિટનાં દર નક્કી કરવામાં આવ્યા છે. એટલું જ નહીં આ મેચ માટે ખાસ કોર્પોરેટ બોક્સ પણ બનાવવામાં આવ્યા છે. જેમાં VIP લોકોને સાથે ડિનર પણ મળશે.

# ચીલોડા હિંમતનગર હાઇવે ઉપર લકઝરી બસમાં મુસાફર પાસેથી પિસ્તોલ ઝડપાઇ

ગુજરાત | વંદન

ગાંધીનગરના ચીલોડા હિંમતનગર હાઈવે પરથી પસાર થતી લકઝરી બસમાં બેઠેલા વડોદરાના મુસાફર પાસેથી પિસ્તોલ ઝડપી લઈ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગરનાં ચીલોડા હિંમતનગર હાઈવે રોડ પરથી છાસવારે ગેરકાયદેસર દારૂ અને હથિયારો મુસાફરો પાસેથી ઝડપાતા રહેતા હોય છે. ગઈકાલે પણ એક લક્ઝરી બસમાં બેઠેલા મુસાફર પાસેથી ગેરકાયદેસર પિસ્તોલ મળી આવતાં પોલીસે તેની ધરપકડ કરી લેવામાં આવી હતી.

પોલીસે વાહન ચેકિંગ દરમિયાન ગઈકાલે હિંમતનગર તરફથી આવતી લક્ઝરી બસને રોકવામાં આવી હતી અને ડ્રાઈવર કંડકટર ને સાથે રાખી મુસાફરોના સામાનની તલાશી લેવામાં આવી હતી. આ દરમ્યાન એક મુસાફરના થેલામાંથી પિસ્તોલ મળી આવી હતી. આથી મુસાફરની ધરપકડ કરી પૂછતાંછ શરૂ કરવામાં કરાઈ હતી. ત્યારે મૂળ હરિયાણાના ભારતનગરના વતની અને હાલ વડોદરાના સાવલી રોડ પર આવેલી અર્થ એમ્બ્રોસીસા વસાહતમાં રહેતા મનદીપ ભીમસેન શર્મા ગેરકાયદેસર પિસ્તોલ સાથે મુસાફરી કરતો હોવાનું બહાર આવ્યું હતું.

જેનાં પગલે મનદીપ શર્મા પિસ્તોલ કોના માટે લાવ્યો હતો અને તેનો ઉપયોગ શું કરવાનો હતો તે જાણવા માટે પોલીસે વધુ પૂછતાંછ શરૂ કરી છે. હાલ તો તેની પાસેથી ત્રીસ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરીને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

# પ્રવાસીઓ માટે બંધ થવા જઈ રહ્યાં છે ગીર જંગલના દરવાજા

## 4 મહિના સિંહદર્શન નહિ કરી શકો

ગુજરાત | વંદન

ગીરના જંગલના દરવાજા બંધ કરવાનો સમય આવી ગયો છે. કારણ કે, હવે ગીરના રાજા વેકેશનમાં જશે. દર વર્ષે ચાર મહિના દરમિયાન ગીરમાં સિંહોનુ વેકેશન પડે છે. એટલે કે, ગીરના દરવાજા ચાર મહિના દરમિયાન પ્રવાસીઓ માટે બંધ કરવામાં આવ્યા છે. આ ચાર મહિના દરમિયાન જંગલમાં માત્ર સિંહોનુ રાજ હોય છે, કોઈ પ્રવાસી પણ ફરકી શક્તો નથી. ત્યારે આ વર્ષે 16 જૂનથી ગીરમાં સિંહોનુ વેકેશન પડવાનું છે.

ચોમાસાના ચાર મહિના વન્ય પ્રાણીઓ (Wildlife) નો સંવનનનો સમય હોવાને કારણે તેમને એકાંત પૂરું પાડવા માટે પ્રતિ વર્ષ આ સમયગાળા દરમિયાન ગીર અભયારણ્યને પ્રવાસીઓ માટે બંધ કરવામાં આવતું હોય છે. ત્યારે 16 જુનથી પ્રવાસીઓ સિંહના દર્શન (Gir Forest) નહિ કરી શકે. વન વિભાગ દ્વારા જણાવાયુ કે, 16 જૂનથી સાસણ ગીરમાં સિંહોનું વેકેશન શરૂ થશે. પ્રવાસીઓ માટે 4 મહિના સફારી રૂટ બંધ થશે.

જોકે, પ્રવાસીઓ માટે દેવળિયા સફારી પાર્ક ચાલુ રહેશે. ચાર મહિના બાદ જ્યારે આ વેકેશન સમય પૂર્ણ થાય છે ત્યારે દિવાળીના સમય દરમિયાન સાસણ DFO, સરપંચ સહિત વન વિભાગના સ્ટાફની હાજરીમાં સિંહ દર્શનને લીલી ઝંડી આપવામાં આવે છે.

## રાષ્ટ્ર ધ્વજના વિતરણ દરમિયાન કોઈ અજાણ્યો ઈસમ તિરંગાને પગ નીચે મુકી અપમાન કરી રહ્યો હતો

# કેજરીવાલની રેલીના આયોજન દરમિયાન તિરંગાનું અપમાન, PIએ ફરિયાદ નોંધાવી

ગુજરાત | વંદન

મહેસાણા શહેરમાં ગઈકાલે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સિવિલથી તોરણવાડી માતા ચોક સુધી રોડ શો યોજી તિરંગા યાત્રા નીકાળી હતી. આ કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. જોકે, કોઈ અજાણ્યા ઈસમે તિરંગા યાત્રા પહેલા જ પોતાના પગ નીચે રાષ્ટ્રી



ધ્વજને મૂકી અપમાનીત કરતા આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

મહેસાણા શહેરમાં ગઈકાલે અરવિંદ કેજરીવાલનો રોડ શો યોજાયો હતો. રોડ શોમાં ભાગ લેવા આવતા કાર્યકરોને આમ આદમી પાર્ટીના ઝંડા તેમજ પરિવર્તન યાત્રા રેલીના અનુસંધાન તિરંગાનું વિતરણ જૂના બસ સ્ટોપના ગેટ નં-1 પાસે કરવામાં આવી રહ્યું હતું.

આ દરમિયાન રાષ્ટ્ર ધ્વજના વિતરણ દરમિયાન કોઈ અજાણ્યો ઈસમ તિરંગાને પગ નીચે મુકી અપમાન કરી રહ્યો હતો. જે વીડિઓ સોશિયલ મીડિયામાં વાઈરલ થતા સમગ્ર મામલો સામે આવતા મહેસાણા એ ડીવીઝન પોલીસ મથકના પી.આઈ બી.એમ.પટેલે અજાણ્યા ઈસમ વિરુદ્ધ ભારતીય ધ્વજધારા 2002 અન્વયે રાષ્ટ્રીય સન્માન પરત્વે આપમાનનો કાયદો 1971ની કલમ 2 મુજબ ફરિયાદ નોંધાવી હતી.



# CID ક્રાઈમના ઈન્ચાર્જ Dyspની કારમાંથી ઝડપાયો વિદેશી દારૂ

### 17 પેટી દારૂ સાથે બનાસકાંઠા LCBએ 2 આરોપીની કરી અટકાયત

ગુજરાત | વંદન

અમદાવાદ CID ક્રાઈમના ઈન્ચાર્જ DySP શેખની ગાડીમાંથી 17 પેટી વિદેશી દારૂ સાથે 2 આરોપીની અટકાયત કરવામાં આવી છે. CID ક્રાઈમના ઈન્ચાર્જ DySP રજા ઉપર હોવાથી તેમની સરકારી ગાડી લઈને ડ્રાઈવર વિષ્ણુ ચૌધરી અને જયેશ ચૌધરી રાજસ્થાન દારૂ ભરવા ગયા હતા. રાજસ્થાનથી પરત ફરવા સમયે બનાસકાંઠા LCB પોલીસે તપાસ કરતાં ગાડીમાંથી 17 પેટી દારૂ મળી આવ્યો હતો. જેથી પાંથાવાડા પોલીસે ગાડી સહિત મુદ્દામાલ જપ્ત કરી બન્ને આરોપીની અટકાયત કરી છે.

આમ, તો એવું કહેવાય છે કે આ તો ગાંધીનું ગુજરાત છે એટલે અહીં તો દારૂ જોવા જ ના મળે. પરંતુ વાસ્તવિકતા કંઈક જુદુ જ ચિત્ર રજૂ કરે છે. ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં બનાસકાંઠા-રાજસ્થાન બોર્ડર ઘણીવાર દારૂનો જથ્થો ઝડપાતો હોય છે. ગુજરાતમાં પાડોશી રાજ્યોમાંથી યેનકેન પ્રકારે દારૂનો જથ્થો ઘૂસાડવામાં આવતો હોય છે. દારૂની હેરાફેરી માટે બુટલેગરો અવનવી તરકીબો અજમાવતા હોય છે. જો કે, આ બનાવ કંઈક અલગ જ પ્રકારનો છે. કારણ કે આ વખતે કોઈ બુટલેગર નહીં પરંતુ અમદાવાદ CID ક્રાઈમના ઈન્ચાર્જ DySPની ગાડીમાંથી LCBએ દારૂનો જથ્થો ઝડપ્યો છે.

આ અંગેની ફરિયાદમાં એવું લખવામાં આવ્યું છે કે, Dysp ક્રાઈમનો ડ્રાઈવર રાજસ્થાન ગયો હતો અને ત્યાંથી દારૂ ભરીને ગુજરાતમાં આવી રહ્યો હતો. આ દરમિયાન પાંથાવાડા પોલીસે તેની ધરપકડ કરી હતી. જો કે, અહીં સવાલ એ પણ થઇ રહ્યો છે કે Dyspની આ ગાડીમાં કેટલાં સમયથી દારૂની હેરાફેરી ચાલી રહી હતી? તદુપરાંત દારૂ શા માટે અને કોના માટે લાવવામાં આવી રહ્યો હતો? ગાડીમાં ડ્રાઈવર અને તેના ભાઈ ઉપરાંત અન્ય કોઈ વ્યક્તિ પણ હતી કે નહીં? પોલીસ જો આ કેસમાં ઊંડી તપાસ કરે છે.

# વિશ્વના સૌથી વધુ ઉંમર ધરાવતા વૃદ્ધા પર સૌથી રિસ્કી ઓપરેશન પાર પાડ્યું

### અમદાવાદમાં 107 વર્ષના વૃદ્ધાને હાર્ટ એટેક આવતા સિમ્સ હોસ્પિટલ લવાયા હતા

ગુજરાત | વંદન

વિશ્વના સૌથી વધુ ઉંમર ધરાવતા વૃદ્ધા પર એન્જિઓપ્લાસ્ટી કરાઈ છે. 107 વર્ષના બાદામબાઈ વ્યાસની સફળતાપૂર્વક એન્જીઓપ્લાસ્ટી અને ડ્રગ ઈલ્યુટિંગ સ્ટેન્ટ દ્વારા સારવાર કરાઈ છે. અમદાવાદમાં આવેલી સિમ્સ હોસ્પિટલમાં તબીબો દ્વારા વિશ્વના સૌથી વધુ ઉંમર ધરાવતા વૃદ્ધા પર એન્જીઓપ્લાસ્ટી કરાયાનો દાવો કરાયો છે. મધ્યપ્રદેશના વતની એવા 107 વર્ષીય વૃદ્ધાને હ્રદયનો હુમલો આવતા મધ્યપ્રદેશના મંદસૌરથી અમદાવાદની સિમ્સ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ 107 વર્ષીય વૃદ્ધાની એન્જીઓગ્રાફિ કરતા હ્રદયની ધમનીઓમાં 99 ટકા બ્લોકેજ આવ્યું હતું.



વર્ષ 1915માં જન્મેલા વૃદ્ધા એન્જીઓપ્લાસ્ટી અને ડ્રગ ઈલ્યુટિંગ સ્ટેન્ટની સારવારના 3 કલાકમાં જ ચાલવા લાગ્યા. ત્યારબાદ ઈન્ટરવેંશનલ કાર્ડિયોલોજિસ્ટ અને સિમ્સ હોસ્પિટલના ચેરમેન ડોક્ટર કેયુર પરીખે જણાવ્યું હતું કે દર્દી શુક્રવારે સિમ્સ હોસ્પિટલમાં આવ્યા અને શનિવારે મેં એમના રીપોર્ટસ જોયા હતા. જેમાં 90 ટકા બ્લોકેજ હોય એવા કિસ્સામાં દર્દીનુ બચવું મુશ્કેલ હોય છે, પછી પરિવારને તમામ રિસ્ક અંગે જાણકારી અમે આપી હતી. એક પરિવારે જે રીતે 107 વર્ષના વૃદ્ધાને બચાવવા પ્રયાસ કર્યો એ સફળ રહ્યો છે. વૃદ્ધામાં માત્ર એક જ સ્ટેન્ટ મૂકવાની જરૂર પડી અને હાલ તેઓ સ્વસ્થ છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે વૃદ્ધાનાં પતિ અનેક વર્ષો પહેલા ગુજરી ગયા હતા, પણ પરિવાર આ વૃદ્ધા જીવે એવું ઈચ્છતો હતો. હ્રદયનો હુમલો આવ્યા બાદ એમપીથી 500 કિમી 8 કલાકની મુસાફરી કરીને દર્દી સિમ્સ હોસ્પિટલમાં પહોંચ્યા હતા. ગત અઠવાડિયે સિમ્સ હોસ્પિટલમાં જ 800 ગ્રામના બાળકની પણ અમે એન્જીઓપ્લાસ્ટી કરી છે, એક દિવસના જન્મેલા બાળકની પણ સફળતાપૂર્વક એન્જીઓપ્લાસ્ટી કરી ચૂક્યા છે, પણ આ 107 વર્ષની ઉંમરના વૃદ્ધા પર કરાયેલી એન્જીઓપ્લાસ્ટી વિશ્વમાં રેકોર્ડ છે.

બાદામબાઈનાં પૌત્ર ચંદ્રશેખર વ્યાસએ કહ્યું કે, દાદીના છાતીમાં દુખાવો થતાં અમે મધ્યપ્રદેશમાં આવેલી મંદસૌરની હોસ્પિટલમાં લઈ ગયા હતા.

3 દિવસની સારવાર બાદ રજા અપાઈ હતી, પણ ઘરે ગયા બાદ એમને ગભરામણ થતા ફરી હોસ્પિટલ લઈ ગયા. આખરે અમે સારવાર માટે દાદીને અમદાવાદની સિમ્સ હોસ્પિટલમાં લઈ આવવાનો નિર્ણય કર્યો હતો. મારા પિતાની એન્જીઓગ્રાફિ પણ સિમ્સ હોસ્પિટલમાં થઈ હતી એટલે મને અહીં ભરોસો હતો.

# અમદાવાદ પોલીસ બેડામાં હલચલ: ફરજમાં બેદરકારી બદલ 2 PIની બદલી, એક PSI સસ્પેન્ડ

ગુજરાત | વંદન

શહેરમાં છેલ્લા ઘણા સમયથી કાયદો- વ્યવસ્થાને ધ્યાનમાં રાખી પોલીસ વિભાગમાં બદલીના ઓર્ડર અપાઈ રહ્યા છે. આ દિશામાં આજે એક મોટા સમાચાર મળી રહ્યા છે. અમદાવાદમાં આજે ખાડિયા પોલીસ સ્ટેશન અને સોલા પોલીસ સ્ટેશનના PIની બદલી કરાઈ છે. જેણા કારણે પોલીસ બેડામાં ખળભળાટ મચ્યો છે.




અમદાવાદમાં આજે ખાડિયા પોલીસ સ્ટેશનના PIની બદલી કરાઈ છે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા લાલઆંખ કરતા ખાડિયાના PI પી.ડી. સોલંકીની બદલી કરાઈ છે. બદલી થવા પાછળનું કારણ પણ સામે આવ્યું છે. જેમાં ખાડિયા પોલીસ સ્ટેશનના પીઆઈ પી.ડી. સોલંકીની ટ્રાફિક મેનેજમેન્ટમાં ઝીરો, નબળી કામગીરીને લઈ બદલી કરાઈ છે. રથયાત્રાની કામગીરી નબળી હોવાથી શહેર પોલીસ કમિશનર દ્વારા આકરા પગલાં લીધા છે.

સોલા પોલીસ સ્ટેશનના PSI સસ્પેન્ડ

બીજી બાજુ અમદાવાજના સોલા પોલીસ સ્ટેશનના PSIને સસ્પેન્ડ કરાયા હોવાના સમાચાર મળતા પોલીસ બેડામાં ખળભળાટ મચ્યો છે. સોલા પોલીસ સ્ટેશનના PSI અને ડીસ્ટાફ PSI જે.જે. રાણાને સસ્પેન્ડ કરાયા હોવાની માહિતી મળી રહી છે. PSI જે.જે. રાણાએ લોકો પાસેથી લાખો રૂપિયા પડાવ્યા હોવાની ફરીયાદ મળતા શહેર પોલીસ કમિશનર દ્વારા આકરી કાર્યવાહી કરવામાં આવતા તેમને સસ્પેન્ડ કરાયા છે.

# અમદાવાદમાં એક વર્ષમાં ૩૦,૩૬૦ કૂતરાનું ખસીકરણ, ૨.૭૭ કરોડનો ખર્ચ

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરમાં છેલ્લા લાંબા સમયથી રખડતા કૂતરાંનો ત્રાસ વધી ગયો છે.રાત્રિના અંધકારમાં એકલદોકલ લોકો પગપાળા પોતાના ગંતવ્ય સ્થાન સુધી જતા પણ કૂતરાંના ભયના કારણે ડર અનુભવી રહ્યા છે.બીજી તરફ છેલ્લા એક વર્ષમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૩૦૩૬૦ રખડતા કૂતરાનાં ખસીકરણ પાછળ ૨.૭૭ કરોડથી વધુની રકમનો ખર્ચ કરાયો છે.શહેરમાં વર્ષ-૨૦૧૯ના એક સર્વે મુજબ ૨.૧૦ લાખ રખડતા કૂતરા છે.દર મહિને પાંચ હજાર લોકોને રખડતા કૂતરાં કરડે છે.આમ છતાં ખસીકરણની કામગીરીને લઈ તંત્રની ઢીલી નિતી જોવા મળી રહી છે.

એ.બી.સી.ડોગ રુલ્સના નિયમની જોગવાઈ હેઠળ અમદાવાદ શહેરમાં છેલ્લા વીસ વર્ષથી રખડતા કૂતરા પકડી તેના ખસીકરણની કામગીરી સ્વૈચ્છીક સંસ્થાઓ પાસેથી કરાવવામાં આવી રહી છે. રખડતા કૂતરાઓને પકડી તેનું ખસીકરણ કરવા માટે એજન્સીને એક કૂતરા દીઠ ૯૩૦ રુપિયા ચૂકવવામાં આવી રહ્યા છે. આમ છતાં શહેરના તમામ વિસ્તારોમાં રખડતા કૂતરાઓ અંગેની ફરિયાદોનું પ્રમાણ સતત વધી રહ્યુ છે.વર્ષ-૨૦૧૯માં એક સંસ્થા દ્વારા શહેરમાં રખડતા કૂતરા અંગે કરવામાં આવેલા સર્વેમાં રખડતા કૂતરાઓની સંખ્યા ૨.૧૯ લાખ હોવાનું સત્તાવારસૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

# પર્યાવરણ દિને નરેન્દ્ર-ફેનાલીના વોટર કલર વર્કશોપનું આયોજન

ગુજરાત | વંદન

વિશ્વ પર્યાવરણ દિવસ ના પવિત્ર અવસર પર CWC પરિવાર ના સિનિયર આર્ટિસ્ટ નરેન્દ્ર / ફેનાલી ના વોટર કલર વર્કશોપ ને "વિશાલા" માં નિરવ અને કોર કમિટી ના Chunchun devani, kulin patel, dilip dave અને milan barad દ્વારા લીલી ઝંડી અપાઈ અને સૌ cwc ટીમ ના સભ્યો કામે લાગી ગયા.રીમા શાહ દ્વારા જોતજોતામાં આખોય કાર્યક્રમ તૈયાર થઈ ગયો. અને પાંચમી જુન ના પરોઢિયે CWCના સૌ સર્જનકાર સભ્યો જાગી ગયા હતા અને ઝટપટ તૈયાર થઇ ને વિશાલા આવી પહોંચ્યા હતા.

સૌ સર્જનકાર મિત્રો સવાર સવારમાં પોતપોતાની ડ્રૉઈંગ ની કીટ રીમા અને નરેન્દ્ર ના હાથે મેળવી વિશાલા ના કુદરતી પટાંગણમાં પલટાઈ ગયા. Chunchun ના રાખોડી રંગના પહેરવેશ માં રાખોડી માટલા સાથ પુરાવી રહ્યા હતા, જયના ના જીવંત ચિત્ર માં બાજુમાં પડેલા ગાડાના પૈડાં ને ચિત્રમાં રૂપાંતરિત કરીને સાથે લીલોતરી એ સ્થાન લઈ લીધું હતું અને જિજ્ઞા એ બાજુમાં પડેલા શ્યામ રંગે રંગાયેલા ગાડા પાસે બેસીને સુંદર ચિત્ર સર્જન કર્યું હતું, જયારે નયના મેવાડા એ કાળી કોઠી માં મોટાં વૃક્ષ ને વાવ્યૂ અને હંસાબેને તેમાં પાણી પાયુ હતું.. અને શોભાના બેન ના બનાવેલા ચડિયા એ લાલ રંગનો બુશકોટ પહેરી નેહા નીરવ ને આવકાર્યા હતાં.સફેદ માટલા અને કોઠીઓ નાં સાનિધ્યમાં કપિલ અમીપરા એ પીળા વસ્ત્રો પહેરી ને સશક્ત સર્જન કર્યું



હતું, આઈપીએસ અજય ચૌધરી ચિત્રકાર દ્વારા પર્યાવરણ સમજાવતું એબ્સ્ટ્રેક્ટ ચિત્ર બનાવ્યું અને સુરેન્દ્ર પટેલે સુંદર કોલાજ દ્વારા પર્યાવરણ ને સજાવ્યૂ હતું , આ વર્કશોપમાં તૈયાર થયેલા ચિત્રો નું પ્રદર્શન વિશાલા ઓપન આર્ટ ગેલેરી માં યોજવાની જાહેરાત કરી હતી.

નિરવે આખા વિશાલા માં ફરીને કોરાં કાગળ ઉપર સ્કેચ કરીને વોટર કલર વર્કશોપ ને જીવંત બનાવી હતી, મિલન બારડે કેમેરામાં આખો ઘટનાક્રમ ક્રમસર કંડારી બધાને મુગ્ધ કર્યા હતા. એ દરમિયાન Chunchun devani એ આખાય વાતાવરણ ને રંગબેરંગી રંગો થી perfect prospective દ્વારા કાગળ પર ઉતાર્યું હતું. દિપડા જેવાં વસ્ત્રો માં સુસજ્જ મોસમ પ્રજાપતિ એ વિચાર મ્યુઝિયમ ની દિવાલો ને દર્શાવી હતી..

બાજુમાં જ આવેલા ભવ્ય શણગારેલા દરવાજા પાસે બેસીને ભરત ચોક્સી દ્વારા કાગળ ઉપર અદ્ભુત ચિત્રસર્જન સર્જાયું હતું. આખાય કાર્યક્રમ ના સંભારણા રૂપે બધાએ એક સ્થળે સાથે ઊભા રહીને ફોટો પડાવવા પડાપડી કરીને સુંદર ફોટા પડાવ્યા હતા, જે આખાયે વિશ્વમાં પ્રસિદ્ધ થયા હતા. નીરવ એ લાક્ષણિક શૈલીમાં આખાય કાર્યક્રમ ની રૂપરેખા પ્રસ્તુત કરી ત્યારે આખું વાતાવરણ ગુલાબી ગુલાબી બની ગયું હતુ અને નરેન્દ્ર / ફેનાલી ના વોટર કલર વર્કશોપ ને CWC ના સભ્યોએ બિરદાવી બહુમાન કર્યું હતું.

જયારે જીવ કુલીન પટેલ દ્વારા આખાયે વોટર કલર વર્કશોપ ના વાતાવરણને સુંદર શબ્દો ને સર્જવા કલમ ને વોટર કલર માં ઝબોળી ઝબોળીને આપ સૌ સુધી વહેવરાવ્યૂ હતું.

# સાબરકાંઠા: ભાજપ આગેવાનના પરિવારમાં શોકની લાગણી

ગુજરાત | વંદન

સાબરકાંઠાના હિંમતનગરથી પ્રસિધ્ધ દલિત કી કલમ (ડીડીકે) ના સંપાદક અને સાબરકાંઠા જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના મિડિયા ટીમના સદસ્ય કૌશિકકુમાર સીંધવાણીના દાદીશ્રી મીણાબેન



માલાભાઇ સીંધવાણીનું દુખદ અવસાન થયું છે. સમાજની જ્ઞાતિ-રીતરિવાજ મુજબ પાણી(ઘડાઢોળ) ની વિધિ સંવત 2028 જેઠ સુદ 13ને રવિવાર તા. 12-6-2022ના સવારે 10 વાગે ગામ મેઘગામે રાખવામાં આવેલ છે. કૌશિકભાઈને જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા દિલસોજી પાઠવવામાં આવી છે.

### અમદાવાદના સોલા સાયન્સ સિટી ખાતેના મેકડોનાલ્ડ રેસ્ટોરન્ટનો બનાવ

# મેકડોનાલ્ડના કોલ્ડ્રિંક્સમાં ગરોળી નીકળવા મામલે AMCએ ફટકાર્યો એક લાખનો દંડ

ગુજરાત | વંદન

અમદાવાદમાં થોડા દિવસ અગાઉ રેસ્ટોરન્ટમા કોલ્ડ ડ્રિંક્સમાંથી મરેલી ગરોળી નીકળી હતી. આ મામલે ગ્રાહકોએ દેકારો બોલાવતા તંત્ર દ્વારા તાત્કાલિક તપાસ હાથ ધરી રેસ્ટોરન્ટને સીલ મારવા સહિતની કાર્યવાહી કરી હતી. ત્યારબાદ આ પ્રકરણમાં AMCએ મેકડોનાલ્ડને દંડનો ડામ દીધો છે. તંત્ર દ્વારા એક લાખના દંડની વસૂલાત કરાયા બાદ જ રેસ્ટોરન્ટ ખોલવાની મંજૂરી આપવામાં આવશે. તેમ જણાવાયું છે.



### દંડની વસૂલાત બાદ જ રેસ્ટોરન્ટ ખોલવાની મંજૂરી

આ મામલે 15 દિવસમાં AMCએ મેકડોનાલ્ડ વિરુદ્ધ આકરી કાર્યવાહી કરી છે. તંત્ર દ્વારા રેસ્ટોરન્ટને એક લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ દંડની વસૂલાત બાદ જ એકમ ખીલી શકાશે તેવી સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. વધુમાં ત્રણ મહિના સુધી તંત્ર દ્વારા આ એકમનું સરપ્રાઈઝ ચેકિંગ પણ કરવામાં આવશે. જેમાં ગંભીર બેદરકારી સામે આવશે તો આગામી સમયમાં પણ વધુ કડક કાર્યવાહી કરવામાં આવે તેવું જાણવા મળી રહ્યું છે.

અમદાવાદના સોલા સાયન્સ સિટી ખાતેના મેકડોનાલ્ડ રેસ્ટોરન્ટમાં કોલ્ડ ડ્રિંક્સમાંથી ગરોળી નીકળી હતી. ભાર્ગવ જોષી અને તેનો મિત્ર મેહુલ મેકડોનાલ્ડ રેસ્ટોરન્ટમાં નાસ્તો કરવા ગયા હતા. જ્યાં બર્ગર અને કોલ્ડ ડ્રિંક્સનો ઓર્ડર આપ્યો હતો. આ દરમિયાન કોલ્ડ ડ્રિંક્સને સ્ટ્રો વડે હલાવતા જ તળીયે રહેલી ગરોળી ઉપર આવી ગઈ હતી. ત્યારબાદ મરેલી ગરોળી હોવાનું માલૂમ પડતાં બંને ગ્રાહકો તાત્કાલિક મેનેજરને ફરિયાદ કરવા ગયા હતા. આ ઉપરાંત હોબાળો મચાવી અમદાવાદ પોલીસ, મીડિયા તથા ફૂડ અને ડ્રગ્સ વિભાગ સમક્ષ ફરિયાદ કરી હતી. જે બાદ અમદાવાદ મનપાના ફૂડ વિભાગે દોડી જઈ મેકડોનાલ્ડ રેસ્ટોરન્ટને સીલ કરી દીધું હતું.

# અમદાવાદમાં વસ્ત્રાપુરમાં એમ.ડી ડ્રગ્સ, ચરસ અને ગાંજો લઈને ફરતો શખ્સ ઝડપાયો

ગુજરાત | વંદન

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી યુવાનોને બરબાદ કરવા માટે રીતસર ડ્રગ્સનો કારોબાર ચાલી રહ્યો છે. ઘણા સમયથી ડ્રગ્સ પેડલર અને ડીલરને પકડવા માટે પોલીસનો આખો એક્શન પ્લાન ચાલી રહ્યો છે. એટલું જ નહીં પોલીસે અંડર કવર લોકોનું જાળ બિછાવ્યા બાદ હવે નાના-મોટા ડ્રગ્સ વેચનાર ઝડપાઈ રહ્યા છે. આ વખતે ગુજરાત એટીએસના સ્ટાફને બાતમીના આધારે વસ્ત્રાપુર જેવાં પોશ અને ભરચક વિસ્તરમાંથી ડ્રગ્સ અને અન્ય નશીલા પદાર્થ સાથે એક શખ્સને ઝડપી લીધો છે.

ગુજરાત એટીએસએ ડ્રગ્સની બદીને ડામવા માટે કવાયત હાથ ધરી છે. દરિયામાં મોટા જથ્થા બાદ હવે નાના ડીલરને પકડવા માટે સક્રિય બની છે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે અમરેલીના રાજુલાનો એક વ્યક્તિ ડ્રગ્સની ડીલિંગ કરાવતો હતો.

એટીએસને બાતમી મળતા અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાંથી એક શખસની ધરપકડ કરી છે. એમ.ડી, ચરસ અને ગાંજાનો જથ્થો મળી આવ્યો છે. જેમાં 80 ગ્રામ એમ.ડી, 325 ગ્રામ ચરસ, સાડા ત્રણ કિલો ગાંજો મળ્યો હોવાની વિગત જાણવા મળી રહી છે.

# AMC કમિશનરની જાહેરાત

### 6 માસમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ CNG-ઈલેક્ટ્રિક થઈ જશે, શહેરમાં રિંગ રોડ ફરતે ગ્રીન વોલ બનાવાશે

ગુજરાત | વંદન

આગામી ડિસેમ્બર સુધીમાં અમદાવાદમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ સંપૂર્ણ પણે સીએનજી અને ઈલેક્ટ્રિક થઈ જશે. આ માહિતી મ્યુનિ. કમિશનર લોચન સહેરાએ આપી હતી. તેમણે કહ્યું હતું કે, કોર્પોરેશનની એપથી લોકોને ફ્રીમાં રોપા આપવામાં પણ આવશે.



પર્યાવરણ દિવસ નિમિતે ગુજરાત સરકાર અને ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા યોજાયેલા 'ચાલો પ્રકૃતિ તરફ પાછા વળીએ' કાર્યક્રમમાં રાજ્ય કક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્મા, પ્રસિદ્ધ વક્તા જીગ્નેશ દાદા, આરએસએસના રાષ્ટ્રીય કન્વીનર ગોપાલ વર્મા, યોગ બોર્ડના અધ્યક્ષ શિશુપાલ રાજપૂત, નેચર એંડ એડવેન્ચર ક્લબના સ્થાપક હિમાંશુ જોશીએ પર્યાવરણની વાત કરી હતી. મ્યુનિસિપલના કમિશનર લોચન સહેરાએ કહ્યું કે છેલ્લા 3 વર્ષ માં કોર્પોરેશન એ 15 લાખ વૃક્ષો વાવ્યા છે અને આ વર્ષે પણ બીજા 15 લાખ વૃક્ષો વાવવાનો સંકલ્પ છે. રિંગ રોડ ફરતે ગ્રીન વોલ બનાવામાં આવશે. કાર્યક્રમમાં બીજા વક્તાઓ દ્વારા પર્યાવરણ તરફ કેવી રીતે પાછા વળીએ, પ્રકૃતિનું જતન, સંવર્ધન, ક્લાઈમેટ ચેન્જ, યોગ અને પ્રકૃતિની વાત કરી હતી. જ્યાં સરકાર દ્વારા હું પણ આત્મનિર્ભર બુક વિમોચનનું તથા 'અર્થનું અનર્થ' એમ શોર્ટ ફિલ્મ પણ બતાવાઈ હતી અને પર્યાવરણ જાગૃતિ અંગેના સંદેશા આપવામાં આવ્યા હતા.

## તસવીર સમાચાર

(તસ્વીરો-મૌર્ય ભાગ્યવાન)



મહારાષ્ટ્રની જેમ અમદાવાદમાં પણ કોરોનાના કેસો વધતા એએમસી દ્વારા ગીતા મંદિર એસટી બસ મથક ખાતે કોરોના ટેસ્ટ ફરીથી શરુ કરવામાં અવ્યા છે અને માસ્ક પહેરવાની ફરી એકવાર અપીલ થઈ રહી છે.



અમદાવાદમાં ચોમાસુ બારણે ટકોરા મારી રહ્યુ છે અને શહેરમા હજુ ખાડા પુરાણ ચાલી રહ્યુ છે, બાપુનગરમાં ગરીબનગર રોડ પર ઢેર-ઢેર ખાડા પડી ગયા છે અને રસ્તો બંધ કરાતા વાહન ચાલકો પર પરેશાન થઈ રહ્યા છે.



ચોમાસુ આવવાની તૈયારી છે બીજી તરફ હજુ ઉનાળાની ગરમીમાં અમદાવાદના શાહઆલમ વિસ્તારમાં આવેલ F કોલોની પોલીસ લાઈન મા પાણીની સમસ્યા હોવાથી દરરોજ આવી રીતે પાણી મંગાવવામાં આવી રહ્યું છે.



તાજેતરમાં ધોરણ 10નું પરિણામ જાહેર થયુ છે. શહેરના કેન્ટોનમેન્ટ સદરબજારમા આવેલી GGI શાળાનું 43 ટકા આવતા ઉત્સાહનુ વાતાવરણ, એટલા માટે સર્જાયુ કેમ કે ગઈ વખતે માત્ર 15 ટકા પરિણામ આવ્યુ હતું.

# નીમેષભાઈ ડી.પટેલની બિલ્ડર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાનાં રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિમણુંક

ગુજરાત | વંદન

જાણીતા બિલ્ડર નીમેષભાઈ ડી.પટેલની બિલ્ડર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાનાં રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નીમણુંક થયેલ છે તે નીમીતે ગઈ તારીખ 5ને રવિવારનાં રોજ ગોલ્ડન ગ્લોરી હોલ માં તેમનાં સન્માન સમારંભ નું આયોજન કરવામાં આવેલ હતુ . જેમાં ચીફગેસ્ટ તરીકે ડૉ.ભારતીબેન સીયાળ - સંસદ સભ્ય તથા નેશનલ વાઈસ પ્રેસીડેન્ટ ભારતીય જનતા પાર્ટી, કનકમલ કટારા - સાંસદસભ્યતથા વ્હીપ ભારતીય જનતા પાર્ટી લોક સભા , ગેસ્ટ ઓફ ઓનર એન.જી.પટેલ - પ્રેસીડેન્ટ કર્ણાવતી કલબ, શેખરભાઈ પટેલ - ગણેશ હાઉસીંગ ગ્રુપ, ગૌતમભાઈ જૈન - સી.એમ. ડી. મેટ્રોગ્લોબલ લી., બાબુભાઈ જે . પટેલ - પ્રેસીડેન્ટ ઉમીયાધામ ઉંઝા, ગગજીભાઈ સુતરીયા - પ્રમુખ સરદારધામ, સિધ્ધાર્થભાઈ પટેલ - EX પ્રેસીડન્ટ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ તથા પૂર્વ ધારાસભ્ય, ધનશ્યામભાઈ અમીન - ચેરમેન ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ યુનીયન તથા ચેરમેનશ્રી - કો.ઓપરેટીવ



બેંક ઓફ ઈન્ડીયા ઉપસ્થિત રહયાં હતાં અને તેઓએ નીમેષભાઈ ડી. પટેલને પ્રમુખ તરીકે નીમાયા તે બદલ શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે બિલ્ડર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાનાં ભારતનાં તમામ રાજયો માંથી લગભગ આશરે ૫૦૦ ડેલીગેટસ હાજર રહેલ હતા. આ પ્રસંગે સેરીમની બાદ ઉમદા ભોજન તથા ગુજરાતી સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ હતું . ભારત ના સ્વપ્નદ્રષ્ટા આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જે ભારતને વિશ્વગુરૂ બનાવવા માટેના અથાગ પ્રયાસો કરી રહ્યાં છે તે વિકાસપથ પર આગેકુચ કરવા દેશના ઈન્ફ્રાસ્ટ્રકચર , કન્સ્ટ્રકશન તેમજ એન્જીનીયરીંગ ક્ષેત્રના અભુતપુર્વ વિકાસ માટે બિલ્ડર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાનાં ૨૦૦ થી વધારે સેન્ટર નાં અંદાજીત ૧,૫૦,૦૦૦ સભ્યો આ વિકાસકુચને પૂર્ણ કરવા માટે સંકલ્પબધ્ધ રહેશે.

ગૃહમંત્રી તથા સહકારીતા મંત્રી અમીતભાઈ શાહ ધ્વારા દેશનાં નાગરીકો માટે કાયદો , વ્યવસ્થા તેમજ સુરક્ષા જળવાઈ ર હે તે માટે તેમજ આશરે ૬ લાખ ગામડાનાં આર્થિક રીતે પછાત રહેલી જનતા ને સમૃધ્ધ કરવાનું કાર્ય માટે સતત પ્રયત્નશીલ છે . તેમનુ આ કાર્ય વંદનીય છે . ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ગુજરાતનાં વિકાસ માટે કટીબધ્ધ છે જે પ્રશંસનીય છે .

બિલ્ડર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા ઈન્ફ્રાસ્ટ્રકચર તેમજ કન્સ્ટ્રકશન ક્ષેત્રનાં વિકાસ માટે સતત સહયોગ આપશે. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે નીમેષભાઈ ડી.પટેલ ધ્વારા આશરે ૧,૦૦૦ છોડ રોપવાનો સંકલ્પ લેવામાં આવેલ છે તેમજ દેશભર નાં તમામ સેન્ટરને આ અંગે પ્રોત્સાહન આપેલ છે.

સાપ્તાહિક ગુજરાત વંદન **સંપાદકીય....**

# ચાલો, ધાર્મિક ટીપ્પણીથી દૂર રહીએ, દરેક ધર્મનું માન-સન્માન જાળવીએ..

અતિ ઉત્સાહમાં આવી જઈને કોઈ ટીવી ડિબેટમાં કોઈ ધર્મ અંગે ટીકા-ટીપ્પણી કરવાનું ભાજપના પ્રવકતા નુપૂર શર્મા અને નવીન જિન્દાલ નામના ભાજપના બે નેતાઓને ભારે પડ્યું. ભાજપ અને મોદી સરકાર



પર ઈસ્લામિક દેશો કતાર, કુવૈત અને ઈરાનનું રાજકિય દબાણ વધતા અને ભારતના માલસામાનના બહિષ્કારની ધમકીના પગલે ભાજપે સમસસર પગલા ભરીને પોતાના બે આગેવાનોને પક્ષમાંથી દૂર કરીને આ ઈસેલામિક દેશોના આક્રોશને શાંત પાડવાનો પ્રયાસ કર્યો છે. પણ મૂળભૂત સવાલ તો એ છે કે ભાજપના મહિલા પ્રવકતા શર્માએ ઈસ્લામ ધર્મના સ્થાપક મોહ્મ્દ પૈયગંબર સાહેબ વિષે ટીપ્પણી કરવાની હિંમત કેમ કરી હશે..?

સમગ્ર વિવાદના મૂળમાં જ્ઞનવાપી મસ્જીદમાંથી મળી આવેલ હિન્દુ ધર્મના અવશેષો છે. જેના અંગે ટીવી ચેનલમાં ડિબેટ ચાલી રહી છે.મહિલા પ્રવકતાએ ખુલાસો કર્યો કે મહાદેવના અપમાનને તેઓ સહન ન કરી શક્યા અને બોલી ગયા. તેમની એ વાત સાચી છે કે હિન્દુ ધર્મની ભારે ટીપ્પણીઓ થાય છે. સોશ્યલ મિડિયામાં મજાક થાય છે. પણ તેની સામે એવા કોઈ કડક પગલા ભરાતા નથી જેવા કેટલાક ઈસ્લામિક દેશોએ ભારત પર દબાણ લાવવા ભર્યા અને ભાજપને ઝુકવુ પડ્યું.

કોઈપણ ધર્મની ઠેકડી ઉડાડવી ન જોઈએ. દરેક ધર્મનું એક મહત્વ છે. તે એક આસ્થા અને વિશ્વાસ છે. માનવીના જીવન સાથે જોડાયેલી અને વણાયેલી બાબત છે. ઉદારમતવાદી હિન્દુ ધર્મ સહન કરી લેશે પણ અન્ય ધર્મના લોકો સહન ન પણ કરે. ટીવી ડિબેટ જેવા જાહેર મંચ પરથી બોલતી વખતે વિશેષ કરીને કોઈ ધર્મના સ્થાપક અંગે ટીપ્પણી કરવાનું ટાળવુ જોઈતુ હતું. સ્થિતિ એવી બની કે બની રહી છે કે જે ઈસ્લામિક દેશોએ વડાપ્રધાન મોદીનું કેટલાક સમય પહેલાં સર્વોચ્ચ સન્માન કર્યું તે દેશો હવે એક થઈને આ મુદ્દે ભારત માફી માંગે એવો આગ્રહ કરી રહ્યાં છે. ભારતની ઘેરાબંધી કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે. ભારતના રાજદૂતોને બોલાવીને તેમની સમક્ષ પોતાનો વિરોધ નોંધાવી રહ્યાં છે. કદાજ એવુ પહેલીવાર થઈ રહ્યું છે.

જાહેર મંચ પર ચર્ચામાં ભાગ લેતા તમામ પક્ષના પ્રવકતાઓ અને આગેવાનોએ તેમાંથી બોધપાઠ લેવુ જોઈએ કે વાણી અને વર્તનમાં સંયમ રાખે. ભાજપના સંબિત પાત્રા કે નૂપુર શર્મા કોંગ્રેસની સામે ગમે તેટલા રાજકીય આરોપો અને આક્ષેપો કરશે તો નબળી કોંગ્રેસ તરફથી સજ્જડ જવાબ નહીં મળે. પરંતુ એક ધાર્મિક ટીપ્પણી કરશે તો તેની શું અસર થશે તે ભારત જોઈ રહ્યું છે.

### એંગ્લો-ઝાંઝીબાર યુદ્ધમાં 500 સૈનિકો માર્યા ગયા હતા અને સુલતાનને ભાગી જવુ પડ્યુ હતું

# રસપ્રદઃ ઇતિહાસનું સૌથી નાનું યુદ્ધ જે માત્ર 38 મિનિટ જ ચાલ્યું!

## વિશ્વ યુધ્ધો વર્ષો સુધી ચાલ્યા પણ ઝાંઝીબારમાં ગણતરીની મિનિટોમાં સત્તાપલટો થઈ ગયો

ગુજરાત | વંદન

વિશ્વમાં અનેક નાના મોટા યુધ્ધો ઈતિહાસના પાને નોંધાયેલા છે. બબ્બે વિશ્વ યુધ્ધોમાં દુનિયાના કેટલાય દેશો બરબાદ થઈ ગયા. વર્ષો સુધી યુધ્ધો ચાલ્યા હોય તેવી ઘટનાઓ પણ બની. હાલમાં યુક્રેન પર રશિયાએ કરેલો હુમલો યુધ્ધ જ છે અને 3 મહિના કરતાં વધુ સમય થઈ ગયો. છતાં યુધ્ધનો અંત હજુ આવ્યો નથી. યુધ્ધ કેટલુ ચાલશે તે રશિયાના હાથમાં છે.

ભારતમાં મોગલોના આગમનના પગલે અનેક નાના મોટા યુધ્ધો રાજાઓ સાથે થયા. કોઈએ યુધ્ધ વગર જ શરણાગતિ સ્વીકારી તો કોઈએ સામનો કર્યો. મોગલોનો ઈતિહાસ યુધ્ધથી ખરડાયેલો છે. મોગલો બાદ અંગ્રેજો આવ્યાં પણ તેમનો સામનો કરવા કોઈ મોટા યુધ્ધ થયા નહોતા. 1957નો બળવો માત્ર એક વિરોધ હતો. જેને યુધ્ધ ન કહી શકાય.

ઈતિહાસના પાને મોટા યુધ્ધોની સાથે એક એવા યુધ્ધની પણ રસપ્રદ નોંધ છે કે જે એક દિવસ તો ઠીક એક કલાક પણ ચાલ્યુ નહોતુ. માત્ર 38 મિનિટમાં યુધ્ધ આટોપાઈ ગયું અને સત્તા પરિવર્તન થઈ ગયુ હોવોનો અનોખો કિસ્સો નોંધાયેલો છે.

ઈતિહાસમાં નોંધાયેલ દુનિયાનું સૌથી નાનું યુદ્ધ 27 ઓગસ્ટ, 1896 ના રોજ સવારે 9 વાગ્યે શરૂ થયું હતું. તે એક કલાકના ત્રણ ચતુર્થાંશ કરતાં પણ ઓછા સમયમાં સમાપ્ત થઈ ગયું હતું, જેમાં 501 સૈનિકો માર્યા ગયા અથવા ઘાયલ થયા હતા. આ બહુ ઓછા જાણીતા એંગ્લો-ઝાંઝીબાર યુદ્ધનો કિસ્સો છે.

આ નાનકડા યુધ્ધની ગાથા 1890માં બ્રિટન અને જર્મની વચ્ચે હેલિગોલેન્ડ-ઝાંઝીબાર સંધિ પર હસ્તાક્ષર સાથે શરૂ થાય છે. જર્મનીને તાંગાનિકા (આધુનિક એટલે આજનું તાન્ઝાનિયા ) પર નિયંત્રણ આપવામાં આવ્યું હતું અને ઝાંઝીબારને બ્રિટિશરોને સોંપવામાં આવ્યું હતું. ઝાંઝીબાર માટે બ્રિટનની મોટી યોજનાઓમાંની એક યોજના એ હતી કે ત્યાં ગુલામીપ્રથા નાબૂદ કરવાની હતી. યાદ રહે કે તે વખતે માનવીને પશુની જેમ ગુલામીમાં રખાતા અને ખુલ્લા બજારમાં તેનું જાનવરોની જેમ ખરીદ-વેચાણ થતું હતું. ગુલામી નાબૂદ કરવાની વાતથી જો કે આનાથી શ્રીમંત વેપારીઓ અને શાસક વર્ગ નારાજ થયા અને ઝાંઝીબારના સુલતાન સૈયદ અલી ઈબ્ન સૈદે 1893માં મૃત્યુ પામ્યા ત્યાં સુધી આ આદેશોનો માનવાનો ઈન્કાર કર્યો હતો. તેમના નિધનના પગલે તેમના સ્થાને સુલતાન હમાદ બિન થુવેનીને સ્થાપિત કરવાની બ્રિટન માટે આ તક હતી, કે જે શાહી શાસનને વધુ આધીન હતા.




જો કે 25 ઓગસ્ટ, 1896ના રોજ, હમાદનું તેના મહેલમાં અચાનક અવસાન થયું, જે તેના પિતરાઈ ભાઈએ તેને ઝેર આપવાના કારણે હોઈ શકે. હમાદના નિધનના પગલે થોડા કલાકોમાં, તેના પિતરાઈ ભાઈ, પ્રિન્સ ખાલિદ બિન બરગાશે, સુલતાનનું પદ સંભાળ્યું અને મહેલમાં પ્રવેશ કર્યો.

ખાલિદની છાપ એ પ્રદેશમાં યુરોપીયન દખલગીરી સામે પ્રતિકારનું પ્રતિક સમાન હતી. અને તેના લગભગ 3,000 સૈનિકો અને સમર્થકો મહેલમાં તેની સાથે જોડાયા હતા. અંગ્રેજોએ આદેશ આપ્યો કે તેણે સિંહાસન તેના પિતરાઈ ભાઈ હમૌદ બિન મોહમ્મદને સોંપી દેવો. જો કે ત્યારબાદ પોતાની શક્તિ અને સત્તા પૂરવાર કરવા માટે, તેઓએ 900 સૈનિકોનું દળ એકત્ર કર્યું અને રાજમહેલની નજીકના બંદરમાં રોયલ નેવીના પાંચ જહાજો મૂક્યા.

રીઅર એડમિરલ હેરી રોસને સુલતાનને અલ્ટીમેટમ મોકલ્યું, આદેશ આપ્યો કે તે અને તેના સૈનિકો કાં તો મહેલ છોડી દે અથવા બીજા દિવસે સવારે 9 વાગ્યા સુધીમાં તેમના શસ્ત્રો સોંપી દે, નહીંતર તેમણે યુદ્ધની ઘોષણાનો સામનો કરવો પડશે. ખાલિદ આને ખાલી ધમકી માનતો હતો અને તેણે મહેલ છોડવાનો કે શરણાગતિ સ્વીકારવાનો ઈનકાર કર્યો.

27 ઓગસ્ટ, 1896ના રોજ 9 વાગ્યે, રોસને જહાજોને મહેલ પર ગોળીબાર કરવાનો આદેશ આપ્યો, જે ટૂંક સમયમાં જ જ્વાળાઓમાં લપેટાઈ ગયો.. માત્ર 38 મિનિટમાં યુદ્ધ સમાપ્ત થઈ ગયું... અને અંગ્રેજોએ રક્ષણાત્મક બંદૂકોનો નાશ કર્યો હતો અને સુલતાનના 500 માણસોને મારી નાખ્યા હતા અથવા ઘાયલ કર્યા હતા. આ મીની યુધ્ધમાં એક બ્રિટિશ સૈનિક પણ ઘાયલ થયો હતો. તે જ દિવસે બપોરે અંગ્રેજોએ તેમના પસંદ કરેલા શાસક હમૌદ બિન મોહમ્મદને ગાદી પર બેસાડ્યા.

દરમ્યાન ખાલિદ બિન બારગાશ મહેલ ઉપર હુમલો થતાં જ મહેલમાંથી ભાગી ગયો અને જર્મન કોન્સ્યુલેટમાં આશ્રય માંગ્યો. જર્મનોએ તેને દેશ છોડવામાં મદદ કરી અનેજો કે ત્યારબાદ 1916 માં, વિશ્વયુધ્ધ-1 દરમિયાન બ્રિટિશરો દ્વારા તેને પકડવામાં આવ્યો હતો. જો કે સલ્તનત પરના તેના દાવાઓને છોડી દીધા બાદ, ખાલિદને મોમ્બાસામાં રહેવાની મંજૂરી આપવામાં આવી. 1927માં ત્યાં તેમનું અવસાન થયું. અને 1897માં ઝાંઝીબારમાં ગુલામી નાબૂદ કરવામાં આવી...



**ધર્મ**

# નિર્જળા એકાદશી (ભીમ અગિયારસ)નું મહત્ત્વ !

ગીતાનો ભાવાર્થ છે કે,

'કર્મમાં તારો અધિકાર છે ફળમાં નહીં તારો,
ફળની ઇચ્છા છોડી દઇને, કર્મ કરવાને જોડાઈ જા,
સઘળી વાતો છોડી દઇને, પ્રભુને શરણે દોડી જા,
શ્રીજી તને સઘળાં પાપોથી છોડાવશે, ફક્ત તું શરણે જા.

વર્ષમાં ચોવીસ અગિયારસ આવે છે. આ એકાદશીનું વ્રત એ પણ એક પ્રકારની ભક્તિ છે. એકાદશી એ ત્યાગનું વ્રત છે. શરીરની તમામ ઈન્દ્રિયોને સંયમપૂર્વક રાખવા આવાં વ્રતો જરૂરી છે. ઈન્દ્રિયોનો સંયમ ચોમાસામાં આરોગ્યની દ્રષ્ટિએ પણ આવા ઉપવાસ જરૂરી છે. તે આરોગ્યની સાથે સાથે પ્રભુની સાથે તાલ મિલાવે છે, આથી જ ચાતુર્માસનો મહિમા વધુ છે. એકાદશીનું વ્રત જીભને નવા ચટકા કરાવવા માટે નથી તેનાથી તો અપરાધ થાય અને આરોગ્યને નુકશાન થાય છે. વ્રત કરનારા ઉપર ભગવાન વિષ્ણુ પ્રસન્ન રહે છે. શ્રધ્ધાથી જ વ્રત કરવું, શ્રધ્ધા વગરનું અને સમજ્યા વિનાનું કરેલું વ્રત કે ઉપવાસ ફળતાં નથી.

નિર્જળા એકાદશીનું મહાત્માય શું છે ? કરવાથી શું ફાયદો થાય. આ વ્રત પાછળ એક કથા છે કે ભીમને ખાવા પુષ્કળ જોઈએ, તેનાથી ભૂખે રહેવાતું ન હતું તેથી ભીમસેને વ્યાસજીને પૂછયું કે : 'હે પિતામહ ! મારા બધા ભાઈઓ અને માતાજી ઉપવાસ કરે છે અને એકાદશી વ્રત કરે છે, તો આપ મને એવો ઉપાય બતાવો કે હું ભૂખ્યો ન રહું અને વ્રત પણ ગણાય. હું પ્રભુની ભક્તિ કરીશ, ધ્યાન ધરીશ, પ્રાર્થના કરીશ.' વ્યાસજી હસ્યા અને કહ્યું કે ભીમસેનજી. તારે સ્વર્ગમાં મૃત્યુ બાદ જવાની ઈચ્છા હોય તો આ ઉપવાસ તો તારે કરવો જ પડશે. આ દિવસ જેઠ સુદી અગિયારસ હતી. ભીમે આ અગિયારસનું વ્રત કર્યું અને ફળફળાદિ પણ ન લીધાં. આ અગિયારસમાં તેણે પાણી પણ ન પીધું. અને દુનિયાને બતાવ્યું કે, વગર અન્ન કે ફળફળાદિ ખાધા વિનાવ્રત થઈ શકે છે. આથી પુરાણકારોએ આ અગિયારસને



ભીમ અગિયારસ નિર્જળા એકાદશી નામ આપી ભીમની કીર્તિને વધારી. એવું માનવામાં આવે છે કે બધી અગિયારસો ન થાય પણ આ એક નિર્જળા એકાદશી તેના નિયમ મુજબ કરવામાં આવે તો બધી અગિયારસનું ફળ મળે છે. આ દિવસે અન્ન ખાનારનો ખરાબ યોનિમાં જન્મ થાય છે. પદ્મપુરાણમાં આનો વિસ્તૃત અહેવાલ આપવામાં આવ્યો છે.

આ દિવસે કરેલું અન્નદાન અક્ષય થાય છે, ગાયનું દાન શ્રેષ્ઠ ગણાય છે. મહાભારહતમાં પણ નિર્જળા એકાદશીની કથાનો ઉલ્લેખ છે. વ્રત (અગિયારસ) પોતાનાં શ્રીજીનું શરણ અને સ્મરણ, યમુનાષ્ટક, સર્વોત્તમ પાઠ કરવા વૈષ્ણવો માટે શ્રેષ્ઠ છે.

# સરકારે મોટા પ્રમાણમાં પલટવાર કરવાની જરુર છેઃ હુડ્ડા

## સર્જિકલ સ્ટ્રાઈકના હિરો હુડ્ડાએ કાશ્મિરી પંડિતોની હત્યાના સંદર્ભમા સરકારને કર્યા સલાહ- સૂચન

ગુજરાત | વંદન

સર્જિકલ સ્ટાઈકના હીરો નિવૃત્ત જનરલ ડીએસ હુડ્ડાએ તાજેતરમાં જ કાશ્મીરી પંડિતો જેમને કાશ્મીરના લઘુમતી હિન્દુઓ તરીકે પણ ઓળખી શકાય તેમના પર વધી રહેલા આતંકવાદી હુમલા બાબતે સરકારને અનેક સલાહસૂચન આપ્યા છે. તેમણે 'નેરેટિવ વૉર'ની વાત કહી હતી જેના માટે સરકારના મોટા પલટવાર કરવાની જરુર છે. હુડ્ડા ઉત્તર કમાનના સૈન્ય કમાન્ડર છે, માટે તે કાશ્મીરની સમસ્યાને સમજી શકે છે. વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને તેમણે અમારા સહયોગી ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં એક લેખ લખ્યો છે. પાછલા થોડા દિવસમાં થયેલી ટાર્ગેટ કિલિંગ્સની ઘટનાઓને કારણે કાશ્મીરી પંડિતો અને હિન્દુ સમાજના લોકો ગભરાઈ ગયા છે. જનરલ હુડ્ડા જણાવે છે કે, આમ તો તમામ નિર્દોષ લોકોનો જીવ જવાની સમાન પીડા હોય છે, પરંતુ અલ્પસંખ્યકોની હત્યાની અસર વ્યાપક હોય છે. તેનાથી સમાજમાં પેનિક અને ભય ઉત્પન્ન થાય છે અને વધતો જાય છે. આપણે પંડિતોનું પ્રદર્શન જોઈ રહ્યા છીએ, તેઓ કાશ્મીરથી બહાર ટ્રાન્સફરની માંગ કરી રહ્યા છે.

### નેરેટિવ વૉર એટલે શું?

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, નાગરિકો પર આ હુમલો નેરેટિવ વૉરનો ભાગ છે, જે આતંકવાદી સંગઠનોની રણનીતિનો એક મહત્વનો ભાગ છે. તે આ બતાવીને સરકારની વિશ્વસનીયતાને સમાપ્ત કરવા માંગે છે કે તે પોતાના



નાગરિકોને સુરક્ષા પૂરી પાડવામાં અસમર્થ છે. તે દર્શાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે કે આતંકી કાશ્મીરી પંડિતોને જ્યાં ઈચ્છે ત્યાં નિશાન બનાવી શકે છે. એકતરફ સરકાર આ સમાજના લોકોને ફરીથી કાશ્મીરમાં વસાવવાના પ્લાન પર કામ કરી રહી છે.

સરકાર જમ્મુ અને કાશ્મીરમાં સામાન્ય સ્થિતિનો દાવો કરી રહી છે, પરંતુ આ આતંકવાદી હુમલાઓથી ડરનો માહોલ ફેલાવવા માંગે છે. જો કે સમયની સાથે આ વાતની પણ પૂરતી શક્યતા છે કે નિર્દોષ લોકોની હત્યાઓથી આતંકવાદીઓ વિરુદ્ધ વાતાવરણ તૈયાર કરવામાં આવે. જમ્મુ અને કાશ્મીરમાં બીજા પરિબળો પણ ચિંતાજનક છે. મોટી સંખ્યામાં નાના મેગ્નેટિક બોમ્બ મળી રહ્યા છે, ચિંતાની વાત એ છે કે તેનો ઉપયોગ અમરનાથ યાત્રા પર નિશાન સાધવા માટે કરી શકાય છે. વ્હાઈટ કૉલર ટેરરિસ્ટ અને હાઈબ્રિડ આતંકવાદી જેવા શબ્દોનો ઉપયોગ વધી રહ્યો છે. આતંકવાદીઓને ઓળખવા મુશ્કેલ બની રહ્યા છે. પાકિસ્તાનથી સતત ઘુસણખોરી ચાલુ છે. ગત વર્ષની સરખામણીમાં 2022માં મોટી સંખ્યામાં વિદેશી આતંકવાદી માર્યા ગયા છે.

હુડ્ડા લખે છે કે, કાશ્મીરમાં સંઘર્ષને 3 દશકાથી વધારે સમય થઈ ગયો છે અને તેનું તાત્કાલિક અને સરળ સમાધાન મળી જાય તેવી આશા ના રાખવી જોઈએ. જો કે આ લડાઈમાં, સરકારે આતંકવાદીઓ દ્વારા અપનાવવામાં આવતી રણનીતિનો જવાબ આપવા માટે અત્યંત સતર્ક રહેવું જોઈએ. આ પહેલા સરકારે સ્વીકાર કરવો પડશે કે સમસ્યા છે. કાશ્મીરમાં સ્થિતિ સામાન્ય છે એમ કહેતા રહેવાથી સમાધાન શોધવામાં વિલંબ થશે.

આ સિવાય તેમણે જણાવ્યું કે કાશ્મીરી પંડિતોને ચોક્કસપણે સુરક્ષિત સ્થાનો પર અને શક્ય હોય તો કાશ્મીરની બહાર સ્થાળાંતરિત કરવા જોઈએ. આતંકવાદીઓ માટે કોઈ સરળ ટાર્ગેટ ના હોવું જોઈએ. હત્યાઓથી વાતાવરણ ડહોળાશે અને સરકાર બેકફૂટ પર આવી જશે. જનરલ હુડ્ડા જણાવે છે કે, સુરક્ષાદળોએ નાગરિકોની સુરક્ષા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. હું એમ નથી કહી રહ્યો કે આતંકવાદીઓને ખાત્મો ના કરવો જોઈએ, પરંતુ વધારે પ્રયત્નો એ દિશામાં કરવા જોઈએ જેનાથી નાગરિકોને સુરક્ષાદળોની હાજરીમાં સુરક્ષિત હોવાનો અનુભવ થાય. જ્યારે નાગરિક સુરક્ષિત અનુભવ કરશે ત્યારે જ સ્થિતિ સામાન્ય થશે. હું સ્વીકાર કરુ છું કે ડેમોગ્રાફિક્સને ધ્યાનમાં રાખીને આ સરળ ટાસ્ક નથી, પરંતુ સુરક્ષાદળોમાં લોકોનો વિશ્વાસ હોવો એ જરુરી છે.

અંતમાં, સરકારે સમજવાની જરૂર છે કે સ્થિતિને સામાન્ય બનાવવામાં જમ્મુ અને કાશ્મીરના સ્થાનિક લોકોની ઘણી મહત્વની અને મોટી ભૂમિકા છે. તેમની મદદ વગર નવી દિલ્હી વધારે ઉપલબ્ધિ મેળવી નથી શકતી. સ્થાનિક પોલીસે 2001થી લઈને અત્યાર સુધી આતંકવાદની કમર તોડવામાં એક મહત્વની ભૂમિકા ભજવી છે. જમ્મુ-કાશ્મીરના અનુભવી પોલીસ ઓફિસરોએ પોતાનું નેટવર્ક ફરીથી એક્ટિવ કરવું જોઈએ, સ્થાનિક સૂત્રો સાથે કામ કરીને તે આતંકવાદીઓનો ખાતમો કરવામાં મદદ કરી શકે છે. વધુમાં તેમણે જણાવ્યું કે, સિવિલ સોસાયટી સુધી પ્રામાણિકતાથી પહોંચવું પડશે, ખાસકરીને યુવાનો સુધી. ઐતિહાસિક ફરિયાદો અને કથિત ભૂલો માટે આર્થિક વિકાસના વચનો પૂરતા નથી. સહાનુભૂતિની જરૂર છે. સુનિશ્ચિત કરવું જોઈએ કે, અમુક લોકોની ભૂલો અને ગેરપ્રવૃત્તિઓને કારણે આખા સમાજને બદનામ કરવાનો કોઈ પ્રયાસ કરવામાં ન આવે. આતંકવાદને કારણે ફેલાયેલા ડર વિરુદ્ધની લડાઈમાં સ્થાનિક નેતાઓને પણ સાથે લેવા જોઈએ. સ્થાનિક પાર્ટીઓનો આધાર મજબૂત છે, તે પોતાના વિસ્તારોમાં આતંકવાદથી બચવાની અને તેને વખોડવાની અપીલ કરી શકે છે. સ્થિતિ નબળી હોય તો આતંક સંગઠનો પોતાની રણનીતિ બદલીને જીતનું નેરેટિવ પ્રમોટ કરવા લાગે છે. જો આ લડાઈ જીતવી હોય તો સરકારે જ્યારે પણ જરૂર પડે ત્યારે પોતાની રણનીતિ અને પદ્ધતિઓમાં બદલાવ માટે તૈયાર રહેવું જોઈએ.

**ડિલિવરી મેન**

# "સાહેબ લાગે છે અમારી જિંદગી આમ જ પાર્સલ ફેરવવામાં પૂરી થઈ જશે."

સાપ્તાહિક ગુજરાત વંદન

જીવન વહેણ

અશોકસિંહ એ. ટાંક

આજે વાતાવરણમાં ખૂબ બફારો હતો.સાંજનો પાચેક વાગ્યાનો સમય હતો.હું મારા ફળિયામાં ટહેલતો હતો.મારા દરવાજા આગળથી એક ટૂ વ્હીલર બે-ત્રણ વખત આવ્યું અને ગયું.મને લાગ્યું કે કોઈકનું ઘર શોધે છે.પણ ઉભો રહી કોઈકને પૂછે તો કોઈ કહેને!

એ તો કાને ફોન રાખી રઘવાયો થ ઈ દોડાદોડ કરતો હતો. હું તેને મદદ કરવા દરવાજા બહાર ગયો. પરંતુ મારી સામે પણ જોયા વગર એ મારી આગળથી પસાર થઈ ગયો.વાળી થોડી વાર થઈ ત્યાં ફરી પાછો આવી મારી આગળ ઉભો રહ્યો. હજુ પણ તે ફોનમાં જ વહીવટ કરતો હતો. હું જાણે ત્યાં ઊભો જ ન હોવ તેમ તેણે મને લક્ષમાં જ ના લીધો. મારા દરવાજે લગાડેલી મારી નેમ પ્લેટ વાંચીને તેનાં આધારે તે સામેવાળાને ફોનમાં પોતાનું લોકેશન બતાવતો હતો.

જેમ જેમ ફોનમાં વાત કરતો ગયો તેમ તે વધુ ને વધુ ઘુસવાતો ગયો. ફોન કટ કર્યો. માથેથી બ્લ્યુ કલરની કેપ કાઢી તે પરસેવે રેબઝેબ થઈ ગયેલાને વિખાય ગયેલા વાળ ખંજોળવા લાગ્યો.તે ઓનલાઈન ખરીદી કરતાં લોકોને તેની વસ્તુની ડીલીવરી કરવાવાળો ડિલિવરીમેન હતો. તેણે જીન્સને બ્લુ કલરનું કંપનીના લોગો વાળું ટી-શર્ટ પહેરેલું હતું. તેણે પાછળ કીટ ઉપાડેલી હતી. આમ તો તેને કીટ ના કહેવાય પણ મોટો કોથળો જ કહેવાય એટલી મોટી હતી. આવા બફારાવાળા વાતાવરણમાં આ કિટને લીધે તે પરસેવે ન્હાય ગયેલો હતો.પરસેવાની દુર્ગંધ પણ આવતી હતી.રસ્તા પર ઊડતી ધૂળ તેના ચહેરા પર ચોંટી ગયેલી હતી.તડકાને આ ધૂળને લીધે તે વધું કાળો લાગતો હતો. ઘણી વારે હવે તેણે મને જોયો હોય તેમ મારી સામે પેલું પાર્સલ રાખી દીધું ને સમર્પણ જાહેર કર્યું.હજી તેનો રઘવાટ હેઠો નહોતો બેઠો.મે નામ ઠામ જોઈ તેને બે શેરી વટીને આ એડ્રેસ છે તેમ બતાવ્યું.પૂરું સમજ્યા વગર વળી પાછો મારા હાથમાંથી પાર્સલ જૂટવી ઢરુમ... કરીને બાઈક લઈ ભાગ્યો.

થોડી વાર થઈ ત્યાં ફરી પાછો મારા દરવાજે આવી ઊભો રહ્યો. યાર આ સાહેબનું ઘર જ નથી મળતું. કહી કેપ ઉતારી નીતરતાં



પરસેવાને વાળમાં રગદોળી ફરી ઊંધી કેપ પહેરી લીધી.મે તેને નિરાંત રાખવાં કહ્યું.હું ફરી તેને એડ્રેસ બતાવતો હતો ત્યાં જેનું પાર્સલ હતું તેનો ફોન આવ્યો.મને તે બંનેનો સંવાદ સંભળાતો હતો.

"સાહેબ,તમારું ઘર મળતું નથી તો આ સાહેબને તમારું પાર્સલ આપી દવ?''

"ના,બિલકુલ નહિ. ને પાર્સલ મારા ઘરે પણ ના આપતો.આજે મારી વાઈફનો બર્થડે છે એટલે હું મારા હાથે જ તેને સરપ્રાઈઝ આપીશ.હું બહાર ગામ છું આવીને તારો કોન્ટેક કરી પાર્સલ લઈ જઈશ. ત્યાં સુધી તું બીજા પાર્સલની ડિલિવરી કરી આવ."

" સાહેબ હવે મારે બે પાર્સલની ડિલીવરી બાકી છે. મારે આજે થોડી ઉતાવળ છે. સાહેબ મોડું ના કરતાં મારે જલદી ભાવનગર પાછું પહોંચવાનું છે."

શિહોરથી ભાવનગર પોણી કલાકનો રસ્તો ખરો.તે પરેશાન થતો થોડો કંટાળાથી ને થોડી દયામણી નજરે મારી સામે જોઈ પીઠ પાછળ કોથળો લાદી બાઈકનો શોર્ટ ટર્ન લઈ નીકળી ગયો.એકાદ કલાક પછી તે ફરી આવી ગયો.દિવસ આથમવા આવ્યો હતો.હું ફરી દરવાજે ગયો.હવે તે થાકી લોથપોથ થઈ ગયો હતો.એક પગનું સ્ટેન્ડ કરી બાઈકની સીટ પર બેસીને તે ફોન કરી રહ્યો હતો.બે ત્રણ ટ્રાય કરી પછી કંટાળા થી ફોનને પગ સાથે પછાડી બોલ્યો, " મારે ઉતાવળ નો પાર નથી ને આ સાહેબ મારો ફોન નથી ઉપાડતા."

મે તેને પાણી પાયું. તે ઉતાવળે આખો ગ્લાસ ઠાલવી ગયો.ત્યાં સામેથી પેલાં ભાઈનો ફોન આવ્યો, " હું રસ્તામાં જ છું, તું જ્યાં છો ત્યાં જ ઉભો રહે.મારા ઘરે પણ ના જતો ને બીજા કોઈને પણ પાર્સલ ના આપતો.આજે મારી વાઈફને હું બર્થડે ગિફ્ટ આપીને જોરદાર સરપ્રાઈઝ આપીશ.."

" પણ...સાહેબ...મોડું... પણ..." ત્યાં તો ફોન કપાઈ ગયો.વાળમાંથી પરસેવાનાં રેલા ઉતરતાં હતાં.તેના મોઢા પર ઉદાસી છવાઈ ગઈ.મારી સામે જોઈ માથુ ધુણાવી ફિક્કું સ્મિત આપ્યું.

" સાહેબ લાગે છે અમારી જીંદગી આમ જ પાર્સલ ફેરવવામાં

(અનુસંધાન પેજ નં.6 પર)

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

## સાચા અર્થમાં પર્યાવરણ દિનની ઉજવણી



- અશોક એ. ટાંક

આ પૃથ્વી ફક્ત આપણી નથી. તેનાં પર દરેક વૃક્ષો, વનસ્પતિ, પશુ, પંખી, સરીસૃપ, કિટકોનો અધિકાર છે. એટલું યાદ રાખીએ એટલે સાચા અર્થમાં પર્યાવરણ દિનની ઉજવણી કરી કહેવાય. આવી રીતે આપણી આસપાસના પર્યાવરણનું જતન કરીને પર્યાવરણ દિનની ઉજવણી કરીએ. અહીં ચકારાણા પાણીની પરબડીમાં પાણી પીતા પોતાના અનોખા અંદાઝમાં તસ્વીરકારના કેમેરામાં ઝડપાઈ ગયાં.

## રાજકોટ એરપોર્ટની સુવિધામાં થશે વધારો, 15 જૂનથી 4 નવા એપ્રેન ઓપન થશે

ગુજરાત | વંદન





રંગીલા રાજકોટને વધુ એક મોટી ભેટ મળી છે. રાજકોટના એરપોર્ટ પર પાર્કિંગની તકલીફ હોવાના કારણે ફ્લાઈટ મોડી પડતી હોવાથી હવે રાજકોટ ડીજીસીએ દ્વારા એરપોર્ટ પર નવા પાર્કિંગ માટે મંજુરી આપવામાં આવી છે. જેના કારણે હવે રાજકોટથી વધુ ફ્લાઈટ ઉડાન ભરી શકશે. 15 જૂન થી 4 નવા એપ્રેન ઓપન થશે. ત્યારબાદ નવી ફ્લાઈટ ઉડાન ભરી શકશે.

રાજકોટના એરપોર્ટ પર પાર્કિંગની સુવિધા નહોતી જેને કારણે કોલકતા, બનારસ અને જયપુરની ફ્લાઈટ શરૂ થઈ શકી નહોતી. પહેલા એરપોર્ટના રન-વે પર ફ્લાઈટ હોય ત્યાં સુધી બીજી ફ્લાઈટ ઉતરી શકતી નહોતી. ફ્લાઈટમાં ફોલ્ટ આવતા રન વે પર ફ્લાઈટ રહેતા અગાઉ અનેક ફ્લાઈટો રિટર્ન થઈ હોવાનું અનેક વખત સામે આવ્યું છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે રાજકોટ એરપોર્ટ પર નવા પાર્કિંગ બનાવવા માટેની મંજૂરી મળી ગઈ છે. પરિણામે 15 જૂનથી 4 નવા એપ્રેન ઓપન થશે. નવું પાર્કિંગ બનતાં જ નવી ફ્લાઈટો ઉડાન ભરી શકશે. અગાઉ પાર્કિંગની સુવિધાના અભાવે કોલકાતા, બનારસ અને જયપુરની ફ્લાઈટ શરૂ થઈ શકી ન હતી. આ સિવાય પહેલા એરપોર્ટના રન-વે પર ફ્લાઈટ હોય ત્યાં સુધી બીજી ફ્લાઈટ લેન્ડ થઈ શકતી ન હતી. તો પાર્કિંગની સુવિધાના અભાવે અનેક ફ્લાઈટો રિટર્ન થઈ હોવાનું પણ સામે આવ્યું હતું.

રાજકોટ એરપોર્ટ પર છેલ્લા 6 મહિનાથી પ્રવાસીઓના ટ્રાફિકમાં સારો એવો વધારો થયો છે. પરંતુ એરપોર્ટ પર પાર્કિંગની પુરતી વ્યવસ્થા ન હોવાથી વીઆઈપીઓની અવરજવર તેમજ એક સમયે એક જ ફ્લાઈટ પાર્કિંગ થઈ શકે તેમ હોવાથી અન્ય ફાઈટ્સને ઉડાનની મંજુરી મળતી નહતી. હવે ડીજીસીએ દ્વારા બે દિવસ પૂર્વે રાજકોટ એરપોર્ટ પર નિરીક્ષણ કરી નવા પાર્કિંગ માટે મંજુરી આપવા આવી છે.

## IAS કે. રાજેશ સામે હવે ઈન્કમટેક્સ તપાસ કરશે

### પાંચ કરોડની રોકડ સહિત બેનામી આવકની કરશે તપાસ

ગુજરાત | વંદન



લાંચ-ભ્રષ્ટાચારનાં આક્ષેપોને પગલે સીબીઆઈ દ્વારા આઈએએસ અધિકારી કે.રાજેશ પર દરોડા કાર્યવાહી હાથ ધર્યા બાદ હવે વધુ તપાસનીસ એજન્સીઓ તવાઈ ઉતારે તેવા સંકેતો સાંપડયા છે.કેન્દ્ર સરકારના માહિતગાર સુત્રોએ કહ્યુ કે સીબીઆઈ દ્વારા કે.રાજેશ સામેના કથીત ભ્રષ્ટાચારનાં પુરાવાઓ અન્ય વિભાગોને પણ સોંપ્યા છે અને તેના આધારે આવતા દિવસોમાં વધુ એજન્સીઓ તપાસમાં જોવાય શકે છે.

સીબીઆઈએ સુરેન્દ્રનગરની રાષ્ટ્રીયકૃત બેંકના કે.રાજેશનાં લોકરમાંથી પાંચ કરોડની રોકડ તથા અન્ય કિંમતી ચીજો કબ્જે કરી હતી તેના વિશે ઈન્કમટેક્સ તતા એન્ફોર્સમેન્ટ ડીરોકટોરેરને રીપોર્ટ કરવામાં આવ્યો છે. રસપ્રદ બાબત એ છે કે સુરેન્દ્રનગરનાં પૂર્વ કલેકટર કે.રાજેશે પોતાના કલેકટર તરીકેનાં કાર્યકાળ દરમ્યાન મોટો ભ્રષ્ટાચાર આચર્યો હોવાની થોકબંધ ફરીયાદો અને તેની પ્રાથમીક તપાસમાં તથ્ય માલુમ પડયુ હોવા છતાં લાંચ રૂશ્વત વિભાગ દ્વારા કોઈ પગલા લેવામાં આવ્યા નહતા.

દરમ્યાન કલેકટર તરીકેના કાર્યકાળ દરમ્યાન કે.રાજેશ પોતાના સીનીયર અધિકારીઓને વહીવટીતંત્રમાં ચર્ચાનો મુદ્દો બનેલા આવા એક કિસ્સા અંતર્ગત સૌરાષ્ટ્રમાં મે 2021 માં ભયાનક તાઉતે વાવાઝોડુ ત્રાટકયુ હતું. અને વિવિધ જીલ્લાઓ ક્ષેત્રોમાં પારાવાર તારાજી થઈ હતી. રાજયના મુખ્ય સચીવ દ્વારા વીડીયો કોન્ફરન્સ દ્વારા ક્ધટીજન્સી મીટીંગ રાખવામાં આવી હતી. ડીઝાસ્ટર મેનેજમેન્ટ આપેરેશનમાં સામેલ થવા તમામ અધિકારીઓને સુચના આપવામાં આવી હતી. કે.રાજેશને પણ અગાઉથી કહેવાયુ હોવા છતાં ઓફિસમાં હાજર રહ્યા ન હતા અને અજ્ઞાત સ્થળેથી મોબાઈલ ફોન મારફત બેઠકમાં ભાગ લીધો હતો.

આ વખતે તેઓએ મુખ્ય સચિવને પોતે ઓફિસમાં હોવાનું જણાવ્યુ પણ ન હતું. વિડીયો કોન્ફરન્સ વખતે સ્ક્રીનના આધારે તેઓ ઓફિસમાં ન હોવાનું માલુમ પડયુ હતું અને બેઠકમાં સામેલ અન્ય અધિકારીઓ પણ સમસમી ગયા હતા. વાવાઝોડા જેવી આફતની કામગીરી વખતે પણ તેઓએ બેઠકને ગંભીરતાથી લીધી ન હતી. એમ કહેવાય છે કે રાજકીય નેતાઓના ચાર હાથ હોવાના કારણે તેઓ સીનીયર નેતાઓને પણ ગાંઠતા ન હતા એટલું જ નહીં લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોની તપાસ-પગલા આ કારણે જ અટકયા હતા.

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
રાજકીય-સરકારી-ખાતાકીય કામમાં, કોર્ટ કચેરીના કામમાં કોઈને કોઈ રૂકાવટ રહ્યા કરે. આપના ધાર્યા મુજબનું કામ ન થતાં ઉદ્વેગ રહે.આપના માટે માનસિક પરિતાપ- ઉચાટનો સમય પૂરો થઈ રહ્યો છે. ખર્ચાઓ અને ઓછો નફો તમને પુનર્વિચાર કરવાની ફરજ પાડશે.

**વૃષભ** (બ.વ.ઉ)
આપના કાર્યમાં વ્યસ્ત રહેવાનો પ્રયાસ કરો. મિત્રવર્ગ સગા સંબંધી વર્ગની ચિંતા જણાય. જમીન-મકાન-વાહનની લે-વેચમાં ઉતાવળ ન કરવી. દરમ્યાન આપ કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહો. આપના કાર્યને પૂર્ણ કરવા માટે દોડધામ શ્રમ જણાય. ક્ષણિક ચિંતા રહે.

**મિથુન** (ક.છ.ઘ)
વધુ પડતા આત્મવિશ્વાસમાં આવી જઈને ઉતાવળે કોઈ નિર્ણયો લેવા નહીં. આપે તન-મન-ધનથી અને વાહનથી સંભાળીને શાંતિથી સમય પસાર કરી લેવો. મિત્રવર્ગની ચિંતા જણાય. ધર્મકાર્યમાં અડચણ જણાય તો કુળદેવીનું સ્મરણ કરવું. આપના અગત્યના કામ અંગે બહાર જવાનું બને.

**કર્ક** (ડ.હ)
આપના કામકાજને પૂર્ણ કરવા માટે દોડધામ-શ્રમ કરવા પડે. અન્ય કર્મચારીગણનું કાર્ય આપની પાસે આવવાથી કાર્યભાર દોડધામ શ્રમ વધે. તમારી દરેક પ્રવૃત્તિમાં નોકરી, ધંધો અને પૈસા ચાલકબળ રહેશે. આ સમયગાળો આનંદન અને આવક માટે શુભ સંકેત બની રહેશે.

**સિંહ** (મ.ટ)
આપ હરો-ફરો-કામકાજ કરો પરંતુ આપના હૃદય-મનને શાંતિ રાહત જણાય નહીં. માતૃપક્ષે બિમારી ચિંતાનું આવરણ આવીઆપે પરંતુ તે દરમ્યાન કામમાં ઉતાવળ કરવી નહીં. ઘર- પરિવારના શ્નોના લીધે ચિંતા-ઉચાટ રહે, કામમાં મન લાગે નહીં.

**કન્યા** (પ.ઠ.ણ)
આ સપ્તાહ તમારા શારીરિક અને માનસિક વિકાસ માટે જરૂરી તક આપી જાય. થોડી મહેનત પણ કરવી પડે. શેરબજારના કામમાં, વીમા કંપનીના કામમાં, બેંકોના કામમાં આપે ધ્યાન રાખવું પડે. આપના કાર્યમાં વ્યસ્ત રહેવાની સાથે સામાજિક વ્યવહારિક કામમાં પણ વ્યસ્ત રહેવું પડે.

**તુલા** (ર.ત)
સપ્તાહ દરમ્યાન માનસિક પરિતાપ ઉચાટના લીધે કામમાં મન લાગે નહીં - પરંતુ, એ સમય પૂરો થઈ ગયો છે . તમારા, અગત્યના કામ અંગેની મિલન-મુલાકાત દરમ્યાન સાવધાની રાખવી.જેમ જેમ દિવસ પસાર થતો જાય આપના કાર્યમાં રાહત થતી જાય.

**વૃશ્ચિક** (ન.ય)
નોકરી ધંધાના કામકાજમાં ધ્યાન રાખવું. આપના યશ-પદ-ધનને હાનિ ન પહોંચે તેની તકેદારી રાખવી પડે. નવું કામ શરૂ કરતા પહેલા માતાજી કે કુળદેવીનું સ્મરણ કરવું. ધર્મકાર્ય, શુભકાર્ય થઈ શકે. પરદેશના કામમાં મિલન- મુલાકાત જણાય. યાત્રા પ્રવાસનું આયોજન ગોઠવાય.

**ધન** (ભ.ધ.ફ)
સીઝનલ ધંધામાં માલનો ભરાવો કરી રાખવો નહીં. જેમ- જેમ સમય પસાર થતો જાય તેમ તેમ આપના કામમાં ધીરે ધીરે વ્યસ્ત થતા જાવ. રૂકાવટ મુશ્કેલી દૂર થતા કામમાં રાહત જણાય.આપની વિકાસયાત્રામાં સંદેશાવ્યવહાર અને સંપર્ક ઘણો મહત્ત્વના છે.

**મકર** (ખ.જ)
અગત્યના કામકાજ અંગેની મિલન-મુલાકાતમાં આપે ઉતાવળ ન કરવી. સાવધાની રાખવી. કોઈના દોરવાયા દોરવાઈ જઈને નિર્ણય લેવા નહીં. આપના કાર્યમાં વ્યસ્ત રહેવાનો પ્રયાસ કરો, પરંતુ અન્ય કોઈ કાર્ય આવી જવાના લીધે આપના કાર્યને પૂર્ણ થવામાં વિલંબ થાય.

**કુંભ** (ગ.સ.શ.ષ)
યાત્રા-પ્રવાસ, મિલન-મુલાકાતમાં આપે સાવધાની રાખવી પડે. પરદેશના કાર્યમાં રૂકાવટ જણાય. ઉપરી વર્ગના ઠપકાનો ભોગ બનવું પડે તે માટે સાવધાની રાખવી. આપના કાર્યમાં રૂકાવટ- વિલંબ જણાય, સીઝનલ ધંધામાં માલનો ભરાવો કરી રાખવો નહીં.

**મીન** (દ.ચ.ઝ)
વાણીની સંયમતા રાખીને શાંતિથી પોતાનું કામ કરવું. મહત્ત્વના નિર્ણયો લેવામાં ઉતાવળ ન કરવી. પરદેશના કામમાં રૂકાવટ જણાય. આપના કાર્યમાં આકસ્મિક સરળતા જણાય. ધંધામાં આવક થાય. આ સમયગાળામાં આપ આધ્યાત્મિક બાબતો તરફ પણ ઢળશો. હકારાત્મક વલણના કારણે તમે વધુ લોકપ્રિયતા પ્રાપ્ત કરી શકો છો.

## શિક્ષણમંત્રી જીતુ વાઘાણીની જાહેરાત

### ગુજરાતી માધ્યમમાં ધોરણ 1થી ભણાવાશે અંગ્રેજી

ગુજરાત | વંદન



ગુજરાતના વિદ્યાર્થીઓનો અંગ્રેજીનો પાયો કાચો ન રહી જાય તે માટે હવે રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના શિક્ષણમંત્રી જીતુ વાઘાણી દ્વારા આજે એક મોટી જાહેરાત કરાઈ છે.

જીતુ વાઘાણીની જાહેરાત પ્રમાણે નવા સત્રથી ધોરણ 1 થી 3માં ગુજરાતી માધ્યમમાં અંગ્રેજી વિષય ભણાવવાનો નિર્ણય કર્યો છે. ધોરણ 1 અને 2 માં મૌખિક અને ધોરણ 3 માં પુસ્તક હશે. વિદ્યાર્થીઓને શબ્દો અને ચિત્રો દ્વારા અંગ્રેજી શીખવાશે. બાળકની નાની ઉંમર હોય ત્યારે તેમની યાદ શક્તિ સારી હોય છે, જેના કારણે સરકારનો નાની ઉંમરથી જ અંગ્રેજી વિષય ભણાવવાનો નિર્ણય કરાયો છે.

નોંધનીય છે કે, હાલમાં રાજ્યમાં પાંચમાં ધોરણથી અંગ્રેજી વિષય ભણાવવામાં આવે છે. પરંતુ હાલમાં અંગ્રેજીનું જ્ઞાન હોવું અત્યંત જરૂરી બની ગયું છે અને તેવામાં ગુજરાતના વિદ્યાર્થીઓ પણ અંગ્રેજીમાં પાછળ ન રહી જાય તે માટે સરકાર શરૂઆતથી જ આ વિષય ભણાવવાનું શરૂ કર્યું છે. ધોરણ-1 અને ધોરણ-2થી જ અંગ્રેજી ભણાવવામાં આવશે જેથી વિદ્યાર્થીઓનો અંગ્રેજીનો પાયો કોચા ન રહી જાય. પરંતુ હા... ધોરણ 1 અને 2 માં મૌખિક અને ધોરણ 3 માં અંગ્રેજી પુસ્તક મારફતે ભણાવવામાં આવશે. ધોરણ 1 અને 2 માં વિદ્યાર્થીઓને મૌખિક શબ્દો અને ચિત્રો દ્વારા અંગ્રેજી શીખવાશે.

## કચ્છ ડ્રગ્સ ઘુસાડવાનું સ્વર્ગ બની ચુક્યું છે, 250 કરોડ રૂપિયાનું હેરોઈન મળી આવતા ચકચાર

ગુજરાત | વંદન



કચ્છ ધીરે ધીરે જાણે કે ડ્રગ્સ માટેનું સ્વર્ગ બની રહ્યું છે. રોજે રોજ મોટા પ્રમાણમાં કચ્છના જખૌ વિસ્તારમાંથી પાકિસ્તાન દ્વારા ડ્રગ્સ ઘુસાડવામાં આવે છે. પાકિસ્તાન પોતાના નાપાક ઈરાદાઓ પુરા પાડવા માટે ખાસ કરીને ભારતીય યુવાધન બરબાદ થાય તે માટે કોઈ પણ હદે જઈ શકે છે. તેવામાં આજે ફરી એકવાર જખૌમાંથી ડ્રગ્સ મળી આવ્યું છે. જખૌના કાંઠેથી ચરસ નહીં પણ અઢીસો કરોડના હેરોઈનના બિનવારસી પેકેટ મળતા ચકચાર મચી જવા પામી છે.

BSFએ આજે સવારે જખૌ મરીન પોલીસ સાથે સંયુક્ત ઓપરેશન હાથ ધરી સયાલી ક્રીકમાંથી ડ્રગ્સના આ બિનવારસી પેકેટ્સ કબ્જે કર્યા છે. ‘કેફે ગુરમેટ’ અને ‘બ્લ્યૂ સફાયર ૫૫૫’ લખેલાં પેકેટ્સમાં ડ્રગ્સ પેક કરાયું હતું. ઉલ્લેખનીય છે કે, ૩૦-૩૧ મેની રાત્રે કૉસ્ટગાર્ડ અને એટીએસએ જખૌ નજીક આંતરરાષ્ટ્રીય જળસીમામાંથી સાત પાકિસ્તાની કેરીયર સાથે એક પાકિસ્તાની બોટ ઝડપી હતી. આ બોટમાં ડ્રગ્સ લવાતું હતું.

જો કે, ભારતીય એજન્સીઓથી બચવા માટે બોટમાં સવાર પાકિસ્તાનીઓએ ડ્રગ્સના પેકેટ્સ દરિયામાં ફેંકી દીધા હતા. આ હેરોઈનના પેકેટ્સ તે બોટમાંથી ફેંકાયેલાં પેકેટ્સ હોવાનું BSF માને છે. પાકિસ્તાનીઓએ હેરોઈનના પેકેટ દરિયામાં ફેંકી દીધી હોવાની જાણકારી મળતાં જ BSFએ સમુદ્રમાં સઘન સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું હતું.

કચ્છના જખૌ અને અબડાસાના સાગરકાંઠે છેલ્લાં ત્રણ વર્ષથી બિનવારસી ચરસના પેકેટ તણાઈ આવવાના ભેદી ઘટનાક્રમ અંગે એકપણ સુરક્ષા એજન્સી આજ દિન સુધી કશો સત્તાવાર ખુલાસો કરી શકી નથી. દરમિયાન, આજે જખૌ બંદર પાસેથી ૨૫૦ કરોડના ડ્રગ્સના ૪૯ પેકેટ્સ મળી આવ્યાં છે. બોર્ડર સિક્યોરીટી ફૉર્સે આ પેકેટ્સ ચરસના નહીં પરંતુ હેરોઈનના હોવાની સંભાવના વ્યક્ત કરી છે.

## ભાવનગરમાં વિદેશી દારૂની 624 બોટલ સાથે યુવકની ધરપકડ

ગુજરાત | વંદન

શહેરના ઉત્તર કૃષ્ણનગરમાંથી આજે વહેલી સવારે લોકલ ક્રાઈમબ્રાંચે બાતમીના આધારે રેઈડ કરી વિદેશી દારૂની કુલ 624 બોટલ અને દારૂની હેરફેરમાં ઉપયોગમાં લેવાતી 3 મોટર સાઈકલ જપ્ત કરી 1 શખ્સ વિરૂદ્ધ ગુન્હો નોંધ્યો હતો.

શહેરના ઉત્તર કૃષ્ણનગર કુવાવાળા ચોક આગળ નરસંગદાદાના મંદિર પાસે રાહુલ ઉર્ફે ચીની નામનો શખ્સ બહારથી મંગાવેલો વિદેશી દારૂનો જથ્થો બાઈકમાં અલગ અલગ માણસો દ્વારા હેરફેર કરવે છે તેવી લોકલ ક્રાઈમબ્રાંચને મળેલી બાતમીના આધારે વહેલી સવારે રેઈડ કરતા અહીં કોઈ શખ્સ હાજર મળી આવ્યું નહોતું. પરંતુ પોલીસને સ્થળ પરથી વિદેશી દારૂની કુલ 624 બોટલ તથા ત્રણ બાઈક મળી આવતા પોલીસે કુલ રૂ. 1,96,800નો મુદ્દામાલ કબ્જે લઈ રાહુલ ઉર્ફે ચીની જયેશભાઈ મારૂ (રહે. ઉત્તર કૃષ્ણનગર, મફતનગર) વિરૂદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી.

## ‘તે મારી ડોર બેલ કેમ વગાડી....’ કહીને ઘરમાલિકે વૃદ્ધની હત્યા કરી

ગુજરાત | વંદન

રંગીલા રાજકોટમાં ફરી એક વખત સામાન્ય વાતમાં હત્યાની ઘટના સામે આવી છે. ડોર બેલ વગાડવા પ્રશ્ને 70 વર્ષીય વૃદ્ધની હત્યા કરી દેવામાં આવી છે. સાંભળીને નવાઈ લાગીને... પરંતુ વાત એકદમ સાચી છે. જામનગર રોડ પર નાગેશ્વરમાં આવેલ અરિહંત એપાર્ટમેન્ટ પાસે હત્યાની ઘટના બની છે. ગાંધીગ્રામ પોલીસે આરોપીને સકંજામાં લઈ પૂછપરછ હાથ ધરી હતી.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, જામનગર રોડ પર નાગેશ્વરમાં આવેલ અરિહંત એપાર્ટમેન્ટ પાસે હત્યાની ઘટના બની છે. જેમાં ગત સાંજે 70 વર્ષીય કિરીટ ભાઈ શાહ અરિહંત એપાર્ટમેન્ટમાં રહેતા અભય ઉર્ફે મોન્ટુ વ્યાસના ઘરે બુક લેવા ગયા હતા. જ્યાં અભયના એપાર્ટમેન્ટનું ડોર બેલ વગાડતા તેણે ડોર ખોલ્યો નહોતો. ત્યારબાદ વૃદ્ધ ત્યાંથી નીકળી પોતાના એપાર્ટમેન્ટ તરફ જતા હતા. તે દરમ્યાન “તે મારી ડોર બેલ કેમ વગાડીને મારી નીંદર બગાડી” કહી અભય વ્યાસે વૃદ્ધ પર હુમલો કર્યો હતો. આરોપીએ વૃદ્ધ પર બોથડ પદાર્થ વડે હુમલો કરતા સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં વૃદ્ધનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું છે.

## સુરતમાં ગંદકી જોઈ ગૃહમંત્રી હર્ષ સંઘવી વિફર્યા

### મહિલાઓને કહ્યું; ‘હાથમાં લાકડી લઈને બેસો, કોઈ ગંદકી નહી કરે’


ગુજરાત | વંદન



સુરત તાજેતરમાં જ સ્વસ્છતા માટે દેશમાં બીજું સ્થાન મળ્યું છે. પણ આ એવોર્ડ માટે ખરેખર સુરલ લાયક છે? આ સવાલ ખુદ સુરત શહેરના નાગરિકો જ નહીં, રાજ્યના ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉઠાવી રહ્યા છે. કારણ કે સુરતની વાસ્તવિક સુરત કંઈક અલગ જ ચિત્ર બતાવી રહ્યું છે. સુરત શહેરના અનેક વિસ્તારો એવા છે કે જ્યાં ઠેરઠેર ગંદકી અને ઉકરડા જોવા મળી રહ્યા છે. સુરતના સુમન આવાસમાં ગંદકી જોતાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી વિફર્યા છે. તેમણે મહિલાઓને જણાવ્યું છે કે, હાથમાં લાકડી લઈને બેસો તો કોઈ ગંદકી નહીં કરે..

આ વિશે મળતી માહિતી પ્રમાણે, ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી સુમન આવાસ ખાતે પહોંચ્યા હતા. સુમન આવાસ ગંદકી જોઈ ગૃહપ્રધાન હર્ષ સંઘવી વિફર્યા હતા. આવાસમાં માવાની પિચકારીઓ અંગે મહિલાઓએ હર્ષ સંઘવીને ફરિયાદ કરી હતી. ત્યારે હર્ષ સંઘવીએ મહિલાઓને કીધું કે, હાથમાં લાકડી લઈને બેસો, કોઈ માવાની પિચકારીથી બિલ્ડીંગ અને લિફ્ટમાં ગંદકી કરશે નહીં. મહિલાઓએ હર્ષ સંઘવીને આવાસના પુરુષો દ્વારા કરવામાં આવતી ગંદકી અંગે ફરિયાદ કરતા હર્ષ સંઘવીએ કાર્યવાહી માટે અશ્વાસ પણ આપ્યું છે.

## શબ્દોની સંતાકૂકડી 13 — ગુજરાત વંદન



**ઊભી ચાવી**

(1) રંગ [2]
(2) અરીસો, ચાટલું [2]
(3) સરિતા [2]
(4) શશિ [2]
(5) ઉઘાડુંનું વિરોધી [2]
(6) આંજણ, કાજલ [2]
(7) સફેદ, શ્વેત [2]
(8) ગુનો, ભૂલ [2]
(9) તાંબું [2]
(10) મકાનનો ઉપરનો માળ, અગાસી [2]
(11) મોકો, લાગ [2]
(12) એક રૂઢિપ્રયોગ - .....માં હસવું [2]
(13) જમવા માટેનું એક વાસણ [2]
(14) મડદું [2]

**આડી ચાવી**

(1) એક જંગલી પ્રાણી [2]
(2) લાકડું [2]
(4) પક્ષી ખાવાનું આની મદદથી ખાય [2]
(5) કેદી [2]
(6) શરીરની ચરબી [2]
(7) ઊંચેથી વેગથી પડતો પાણીનો પ્રવાહ [2]
(8) એક ઝાડ જેમાંથી ફર્નિચર બનાવી શકાય [2]
(9) લોક [2]
(11) પરવા, દરકાર [2]
(12) મોટરકાર [2]
(13) સુસ્તી [2]
(14) એક રંગ [2]
(15) કડાણ, કોર, ધાર [2]
(16) કોઈના તાબામાં [2]
(17) એક ગુજરાતી ફિલ્મ .... હુંશી અને હુંશીલાલ [1]

શબ્દોની સંતાકૂકડી-13 નો ઉકેલ આવતા અંકે

**શબ્દોની સંતાકૂકડી-12નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 ચા | 2 ર | ■ | 3 આ | 4 વ | 5 ર | દા |
| 6 મ | ગ | 7 ર | ■ | 8 ડી | લ | ■ |
| ર | ■ | 9 ક | 10 ત | લ | ■ | 11 પ |
| ■ | 12 રં | ■ | લ | ■ | 13 ગ | ર્વ |
| 14 ગા | જ | 15 ર | ■ | 16 વિ | ગ | ત |
| ય | ■ | 17 સ | મા | ધા | ન | ■ |
| 18 ન | મ | ક | ■ | ન | ■ | 19 ગો |

## કોયડો નં. 15 સુડોકુ — ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 1 | 7 | | | | | | 3 |
| | | 2 | | 1 | 3 | | 7 | |
| 9 | | | 6 | 4 | 7 | | 5 | |
| | | 1 | 5 | | 6 | 3 | | 4 |
| 3 | 8 | | | | | | 2 | |
| | 5 | 6 | | | 2 | | | 1 |
| | | | 7 | 6 | | 8 | 3 | |
| 7 | | | | | 4 | | | 9 |
| | 9 | 3 | | 2 | | | | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-15નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 1 | 7 | 2 | 5 | 8 | 9 | 4 | 3 |
| 5 | 4 | 2 | 9 | 1 | 3 | 6 | 7 | 8 |
| 9 | 3 | 8 | 6 | 4 | 7 | 1 | 5 | 2 |
| 2 | 7 | 1 | 5 | 9 | 6 | 3 | 8 | 4 |
| 3 | 8 | 9 | 4 | 7 | 1 | 5 | 2 | 6 |
| 4 | 5 | 6 | 3 | 8 | 2 | 7 | 9 | 1 |
| 1 | 2 | 4 | 7 | 6 | 9 | 8 | 3 | 5 |
| 7 | 6 | 5 | 8 | 3 | 4 | 2 | 1 | 9 |
| 8 | 9 | 3 | 1 | 2 | 5 | 4 | 6 | 7 |

# અબ્બાસ તૈયબજી


# ભારતની આઝાદીના અનોખા સેનાની અને દાંડીયાત્રાના હીરો જેમને દેશ ભૂલી ગયો...

## તેમને 'ગ્રાન્ડ ઓલ્ડ મેન ઓફ ગુજરાત' નું બિરુદ આપ્યું હતું

## જલિયાંવાલા ઘટના પછી મહાત્મા ગાંધીના અનુયાયી બન્યા હતા

ગુજરાત | વંદન

વર્ષ 1930માં આયોજિત દાંડી કૂચને આધુનિક ભારતીય ઈતિહાસમાં એક વળાંક માનવામાં આવે છે. અમેરિકાના બોસ્ટન ટી પાર્ટી વિદ્રોહની જેમ, ગાંધીએ મીઠા પર કર ન લગાડવા માટે સત્યાગ્રહની યોજના બનાવી હતી. ગાંધીજીએ તેમની સાથે દાંડી કાંઠે જઈને મીઠાનો કાયદો તોડનારા કુલ 70 લોકોની યાદી બનાવી હતી તે એક કિસ્સો છે. તેમાંથી એકનું નામ તૈયબજી પણ હતું. ગાંધીજીએ 76 વર્ષના તૈયબજીને આવતા જોયા તો તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. તે તૈયબજીને ખૂબ પ્રેમથી મળ્યા અને આવવાનો હેતુ પૂછ્યો. જ્યારે તેમને ખબર પડી કે તૈયબજી ચળવળમાં જોડાવા આવ્યા છે, ત્યારે તેમના આશ્ચર્ય વચ્ચે બાપુએ તેમને પ્રેમથી ઠપકો આપ્યો અને કહ્યું, 'તૈયબજી, તમારે ઉંમર ધ્યાનમાં લેવાની હતી, શું તમે આ ઉંમરે આ ચળવળમાં જોડાવા માંગો છો?' અબ્બાસ તૈયબજી અચકાયા. અને કહ્યું કે યાત્રામાં સામેલ 70 લોકોની યાદીમાં તેમનું નામ જોઈને તેઓ ખૂબ જ ખુશ થયા અને તેથી જ તેઓ નીકળી ગયા. વાત સમજતા બાપુએ કહ્યું કે તેમના આશ્રમમાં એક 20 વર્ષનો છોકરો રહે છે. તેમનું નામ તૈયબજી છે અને તેઓ તેમની સાથે જશે. તૈયબજી મક્કમ હતા કે આપણે સાથે જઈશું. બાપુએ થોડો સમય વિચારીને કહ્યું કે તેમની ધરપકડ બાદ તૈયબજીએ ધરાસણામાંથી આ આંદોલનની કમાન સંભાળી લેવી જોઈએ. 4 મે, 1930 ના રોજ, ગાંધીની ધરપકડ પછી, તૈયબજીએ



સેંકડો સાક્ષીઓ અને પીડિતોને મળ્યો. આ અનુભવ પછી તેઓ ગાંધીજીની નજીક આવ્યા અને ખુલ્લેઆમ કોંગ્રેસને સમર્થન આપવા લાગ્યા.

જસ્ટિસ અબ્બાસ તૈયબ જીના નેતૃત્વમાં, મહાત્મા ગાંધીએ ગુજરાતમાં અનેક સફળ ચળવળો કર્યા, પછી તે અસહકાર ચળવળ હોય કે સવિનય અસહકારની ચળવળ હોય, વિદેશી ચીજવસ્તુઓનો બહિષ્કાર હોય કે દારૂબંધીની ચળવળ હોય, તમામ ગાંધી અબ્બાસ તૈયબ જીના સમર્થનથી. તે ફક્ત

## અબ્બાસ તૈયબજી, જેઓ બરોડા રજવાડાની હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને બ્રિટિશ રાજના વકીલ હતા



મોરચો સંભાળ્યો, કસ્તુરબા તેમની સાથે હતા. બંનેની ધરપકડ કરવામાં આવી હતી અને ત્રણ મહિનાની સજા ફટકારવામાં આવી હતી. આ ભાવના જોઈને બાપુએ તેમને 'ગ્રાન્ડ ઓલ્ડ મેન ઓફ ગુજરાત' નું બિરુદ આપ્યું. અફસોસની વાત છે કે તેઓ સ્વતંત્ર ભારત જોઈ શક્યા નથી. આજના રોજ 1936માં તેમનું અવસાન થયું હતું.

અબ્બાસ તૈયબજીનો જન્મ 1 ફેબ્રુઆરી 1854ના રોજ પ્રખ્યાત તૈયબ જી પરિવારમાં થયો હતો. વાલિદનું નામ શમશુદ્દીન તૈયબ જી હતું. તેઓ બાળપણમાં અભ્યાસ કરવા ઈંગ્લેન્ડ ગયા હતા અને ત્યાંથી તેમણે 1875માં કાયદાનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો અને તે જ વર્ષે તેઓ ભારત પાછા ફર્યા હતા, 1893માં બરોડા રાજ્યના મુખ્ય ન્યાયાધીશ બન્યા હતા, ત્યારબાદ નિવૃત્ત થયા બાદ કોંગ્રેસમાં જોડાયા હતા. 1915 માં, તેઓ મહાત્મા ગાંધીને મળ્યા અને તેમની સાથે ઘણી સામાજિક પરિષદોમાં ભાગ લીધો. જ્યાં તેમનું વલણ અંગ્રેજો જેવું જ હતું, પરંતુ જલિયાવાલા બાગ કત્લ-એ-આમ પછી, જ્યારે તેમને ગોળીબારની તપાસ માટે કોંગ્રેસ કાર્યકારી સમિતિ દ્વારા નિયુક્ત કરવામાં આવેલી સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા ત્યારે તેમનામાં ઘણો બદલાવ આવ્યો હતો. જ્યાં તે એક કારણને કારણે સફળ થયો, જેના કારણે અબ્બાસ તૈયબજીની ઘણી વખત ધરપકડ કરવામાં આવી અને જેલમાં ગયા. જસ્ટિસ અબ્બાસ તૈયબજીનું 9 જૂન 1936ના રોજ મસૂરીમાં 82 વર્ષની વયે અવસાન થયું હતું. મહાત્મા ગાંધીએ તેમની યાદમાં "હરિજન" અખબારમાં "ગુજરાતના ગ્રાન્ડ ઓલ્ડ મેન" શીર્ષક હેઠળ એક લેખ લખ્યો હતો, જેમાં તૈયબ જીને માનવતાના એક દુર્લભ સેવક તરીકે વર્ણવવામાં આવ્યા હતા. સાથે જ લખ્યું છે કે અબ્બાસ મિયાં મર્યા નથી, તેમનો મૃતદેહ કબરમાં આરામ કરી રહ્યો છે. તેમનું જીવન આપણા માટે પ્રેરણારૂપ છે.

1879માં અબ્બાસ તૈયબજી વડોદરા રાજ્યની વડી અદાલતમાં ન્યાયાધીશ તરીકે જોડાયા અને 1913માં મુખ્ય ન્યાયાધીશ તરીકે નિવૃત્ત થયા. મુસ્લિમ સમાજમાં કેળવણીનું પ્રમાણ ખૂબ ઓછું હોવાથી તેમણે તેના ફેલાવા માટે પ્રયાસ કર્યો. તે વડોદરાની અંજુમન-એ-ઈસ્લામ સંસ્થા તેમજ તેમના પિતામહે સ્થાપેલી સુરમાયા-જમાતે-સુલેમાની બૉર્ડિંગ-સ્કૂલનાં ઘણાં વર્ષો સુધી પ્રમુખ રહ્યા હતા. વડોદરા તેમજ નગરવાડામાં પણ તેમણે બોર્ડિંગ-સ્કૂલોની સ્થાપના કરી. ઉદાર અને સુધારાવાદી વિચારો તેમ જ વિવિધ ક્ષેત્રે તેમના રસને લીધે વડોદરાના જાહેર જીવનમાં તેમણે લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી. તે સંગીત તેમજ રમત-ગમતના પણ ખૂબ શોખીન હતા.

કૉંગ્રેસની સ્થાપનાના સમય(1885) થી જ તેઓ તેના સભ્ય હતા. ગાંધીજીના કહેવાથી જલિયાંવાલા બાગ હત્યાકાંડના બનાવ અંગે રચાયેલી કૉંગ્રેસ તપાસ સમિતિમાં તેઓ જોડાયા (1919) અને ત્યાર પછી તે બ્રિટિશ શાસનના વિરોધી બન્યા. તે પછી તેમની જીવનર્દષ્ટિ અને શૈલીમાં મૂળભૂત પરિવર્તન આવ્યું. ગાંધીજીના પ્રભાવ હેઠળ તે અસહકાર આંદોલનમાં જોડાયા અને એક સત્યાગ્રહી તરીકે સાદગીનો સ્વીકાર કર્યો. તે વડોદરા પ્રજામંડળ સાથે પણ ગાઢ રીતે સંકળાયેલા હતા. 1920માં તે ગુજરાત રાજકીય પરિષદ(અમદાવાદ)ના પ્રમુખ બન્યા. તે ગુજરાત-કાઠિયાવાડની ખાદી-પ્રવૃત્તિ સાથે જોડાયેલા હતા. તેમણે બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો અને 1930ની દાંડીકૂચ વખતે ગાંધીજીની ધરપકડ પછી તે આંદોલનના મુખ્ય નેતા બન્યા હતા. તેથી તેમને 78 વર્ષની જૈફ વયે જેલમાં જવું પડ્યું હતું. 1932માં પણ તે ફરી જેલમાં ગયા હતા. 1933 અને 1935માં તે વડોદરા પ્રજામંડળના પ્રમુખ રહ્યા હતા.

ગાંધી આગળ લખે છે કે 'અબ્બાસ મિયાંનો ઈસ્લામ દરેક ધર્મને સમાવે છે. ન્યાયાધીશ બનવું, બંદીવાસમાં રહેવું, આરામ છોડીને સામાન્ય માણસ સાથે ભળવું એ કંઈ નાનીસૂની વાત નથી. તેણે કોઈ પણ કામ અડધેથી નહોતું કર્યું. તેમની નજરમાં ભગવાનનું વાસ્તવિક સ્વરૂપ દરિદ્ર નારાયણ છે જે લાચારીમાં રહે છે. ગાંધીજીએ તેમને માનવતાના સાચા સેવક કહ્યા હતા.

આઝાદીની લડાઈમાં માત્ર એક જ વાર ધ્વજ લહેરાવનાર માણસને યાદ કરવામાં આવ્યો છે, પરંતુ તૈયબજી જેવા લોકોને ભૂલી ગયા છે. દાંડી કૂચ દરમિયાન, બાપુ દાંડીના સૈફી વિલામાં રોકાયા હતા, જે બોહરા સમુદાયના ધાર્મિક નેતાના પરિવાર સાથે સંકળાયેલા હતા. બોહરા સમાજે તે ઘર પણ રાષ્ટ્રને આપ્યું છે.

અનુસંધાન પેજ 01 પરથી...

### ભારતને ઝુકવુ...

જેમ વાણી વર્તનમાં વિવેક ચૂક્યા અને મુસ્લિમ ધર્મના વડાની ટીપ્પણી શું કરી ભાજપ અને ભારત પર એક પછી એક મુસ્લિમ દેશો ઉભા થઇ ગયા અને મહાભારત શરૂ થયું છે. યાદ રહે કે દ્રૌપદીએ દુર્યોધનને આંધળાનો દિકરો આંધળો જ....એવી ટીપ્પણી કરી અને તેમાંથી મહાભારત સર્જાયું હતું.

ટીપ્પણીના એકાદ સપ્તાહ સુધી તો તોફાન પહેલાની શાંતિ છવાયેલી હતી. મુસ્લિમ દેશોએ એકબીજા સાથે ખાનગીમાં સંવાદ કર્યો હશે અને એકાએક કુવૈતથી સમાચારો શરૂ થયા કે ત્યાંના સુપર માર્કેટમાં ભારતની પ્રોડક્ટ્સનો બહિષ્કાર શરૂ થયો છે, કુવૈત, કતાર સહિતના દેશોમાં કાર્યરત ભારતના રાજદૂતોને બોલાવી બોલાવીને નુપૂર શર્માના મામલે ભારત માફી માંગે અને તેમની સામે પગલાં ભરે એવી કડક ચેતવણીઓનો દૌર પહેલીવાર શરૂ થયો. રાજકીય ક્ષેત્રે ભાજપ વિરોધી પરિબળોને ભાવતુ મળ્યું હોય તેમ ભારે હોબાળો મચાવ્યો- ભારતનું ઘોર અપમાન થઇ રહ્યું છે, ભારતની બેઇજ્જતી થઇ રહી છે અને એ બધુ પહેલીવાર થઇ રહ્યું છે. કેમ કે વિરોધપક્ષોના મતે આજદિન સુધી કોઇ મુસ્લિમ દેશ કે કોઇપણ દેશોએ ભારતની સામે આ ભાષામાં વાત કરી નથી જે કડક ચેતવણીની ભાષામાં ભારતની સામે બોલી રહ્યાં છે...

અલબત, ભાજપે અને ભારતે તેનો જવાબ આપીને કહ્યું કે અમે દરેક ધર્મનું માન-સન્માન કરીએ છીએ અને જેમણે આડુઅવળુ બોલ્યુ છે તે શરારતી તત્વો છે..! નુપૂર શર્માના મામલે ભાજપ વિરોધીઓને એવુ લાગી રહ્યું છે કે, અબ આયા ઉંટ પહાડ કે નીચે.. ભાજપ ભેરવાઇ ગયું છે અને ભાજપ-ભારત ઉંચી આંખ કરીને બોલવા જેવા રહ્યાં નથી..એવો કૂપ્રચારવાણીનો મારો ચલાવ્યો છે.ગલવાન ઘાટી ઘટના બાદ ભારતે ચીનના ઉત્પાદનોનો બહિષ્કાર શરૂ કર્યો તેમ ખાસ કરીને કુવૈતમાં ભારતના માલસામાનનો જાહેર બહિષ્કાર કરીને સુપર માર્કેટમાં ભારતની ચીજવસ્તુઓને ઢાકીને તેના ઉપર અરબી ભાષામાં લખ્યું- અમે ભારતીય પ્રોડક્ટ દૂર કરી છે.... તેના વિડિયો ફરતા થયાં અને વિશ્વભરમાં ભારત પર માછલા ધોવાનું શરૂ થયું. જવાબ આપે તો શું આપે...? નુપૂર શર્માને જિન્દાલની જેમ પાર્ટીમાંથી દૂર કરવાને બદલે 6 વર્ષ માટે સસ્પેન્ડ કર્યા તેથી મુસ્લિમ દેશો વધારે ચિડાયા હશે અને ભાજપ વિરોધી યુટ્યુબર્સ દ્વારા તો

કહોવામાં કાંઇ બાકી રાખવામાં આવ્યું નથી. આર્ટીકલ 19 ઇન્ડિયા નામના યુટ્યુબર નવીનકુમારે તો દાવાની સાથે કહી દીધુ કે મારા શબ્દો લખી રાખો.. ટીપ્પણીનો સમગ્ર મામલો શાંત પડતા જ નુપૂર શર્માને ફરીથી પાર્ટીમાં લઇ લેવાશે અને એટલે જ જિન્દાલની જેમ તેમની હકાલપટ્ટી કરવામાં આવી નથી..!

નુપૂરની સામે ધાર્મિક લાગણીઓ દુભાવવાના કેસો થયા છે અને હજુ વધુ નહીં થાય તેની કોઇ ગેરંટી નથી. કેમ કે જે મુસ્લિમ દેશોએ કેટલાક વર્ષો પહેલાં ભારતના વડાપ્રધાન મોદીનું સર્વોચ્ચ નાગરિક સન્માન કર્યુ હતું તેઓ પણ તેમનાથી નારાજ થઇ ગયા છે.. રોષે ભરાયેલા મુસ્લિમ દેશોને ડિપ્લોમેટિક રીતરસમ અજમાવીને તેમને શાંત પાડવાના પ્રયાસો સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને વિદેશમંત્રી એસ. જયશંકર દ્વારા થઇ રહ્યાં હશે. તેઓ પોતાની તમામ વગનો ઉપયોગ કરીને કોઇપણ રીતે ટીપ્પણીનો મામલો આગળ ન વધે અને નુપૂર શર્માને કોઇ હાનિ ન પહોંચાડે તેવા પ્રયાસો ચોક્કસપણે કરી જ રહ્યાં હશે. કેમ કે આવા જ મામલે ફ્રાન્સમાં સેમ્યુઅલ પેટી નામના એક શિક્ષકનું વર્ગમાં જ માથુ ધડથી અલગ કરી દેવામાં આવ્યું હોવાની ઘટના ઓક્ટોબર 2020માં બની જ્યારે એ શિક્ષકે આવી જ કોઇ ટીપ્પણી કરી હતી. ફ્રાન્સમાં એક કાર્ટુન મેગેઝીન પર હુમલો કાંઇ લાંબા ભૂતકાળની ઘટના નથી. જાન્યુ. 2015માં શાર્લી હેબ્ડો નામના કાર્ટુન મેગેઝીને પૈયગંબરસાહેબનો વિવાદિત કાર્ટુન છાપતાં તેમના ઉપર હુમલો કરીને સંપાદક સહિત 12 જણાંની હત્યા કરી દેવામાં આવી હતી. તે જોતાં નુપૂર શર્મા પર જોખમ થઇ શકે.

ભારતે અને ભાજપે તાકીદે ડેમેજ કન્ટ્રોલ હાથ ધર્યું છે અને મુસ્લિમ દેશોનો સારૂ લાગે એટલે યુપીના કટ્ટર હિન્દુવાદી સીએમ યોગીને મથુરામાં ભગવાન શ્રી કૃષ્ણના એક મુસ્લિમ અનુયાયી સૈયદ ઇબ્રાહિમખાનની સમાધિની મુલાકાત લેવાની ફરજ પડી છે...! આવુ અગાઉ ક્યારેય થયુ નથી. તેમાં વળી આતંકી સંગઠન અલકાયદા પણ કૂદી પડ્યું અને ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં બોંબ ધડાકા કરવાની ધમકી આપી છે. ચાલો, આપણે વાણી અને વર્તનમાં સંયમ રાખીએ.. અને સમગ્ર મામલો સત્વરે થાળે પડે...

અનુસંધાન પેજ 12 પરથી...

### ક્ષમા, ક્ષમા કરજે...

સરકારને આવક વધે અને લોકો બિયર પીતા પીતા ગાય- થોડી સી જો પી હૈ..ચોરી તો નહીં કી હૈ..!

**દિનશા પટેલ હવે યોગી આદિત્યનાથની ભૂમિકામાં-નામ બદલો...સ્ટેડિયમનું નામ બદલો..!**

નામમાં શું બોળ્યું છે...એમ જો કોઇ કહે તો સબૂર સાવધાન અને કહેજો કે જે છે એ નામમાં જ છે. જો હૈ નામવાલા વોહી તો બદનામ હૈ..એમ ભલે અમિતાભે ગાયું હોય પણ ખબરદાર જો મોટેરા ખાતેના સ્ટેડિયમનું નામ બદલ્યું તો...?! માંડ માંડ એક સરસ નામ મળ્યું છે-નરેન્દ્ર મોદી સ્ટેડિયમ. અને તેને બદલીને સરદાર પટેલ સ્ટેડિયમની માંગણી શરૂ થઇ છે.

આ માંગણીની પાછળ કોંગ્રેસ જ હોઇ શકે. કેમ કે તેમને એ નામ ગમતુ જ નથી. ભલે ના ગમે પણ સ્ટેડિયમનું નામ તો એ જ રહેશે જે બદલીને રાખવામાં આવ્યું છે. માંગણીની આગેવાની પાટીદાર નેતા દિનશા પટેલને સોંપવામાં આવી છે. 13 જૂને મોટેરા ખાતે ઘેરાવનો કાર્યક્રમ જાહેર થયો છે. દેખીતી રીતે જ પોલીસ સાથે ઘર્ષણ થઇ શકે, ઝપાઝપી થઇ શકે અને કોંગ્રેસ પછી કહેશે કે જુઓ ભાજપને સરદાર પટેલનું નામ ગમતુ નથી. પણ ભાઇ પંજેવાલી પાર્ટી, તમે સત્તામાં હતા ત્યારે સરદારસાહેબની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યૂ બનાવતા કોણે રોક્યા હતા..?

### ગુજરાત હાઇકોર્ટની...

વિભાગ સુધી સરળતાથી પહોંચી શકે છે, તેવી વ્યવસ્થા થઈ છે, જે અંગે એડવોકેટ જનરલ ઓફિસને પણ જાણ કરવામાં આવી છે.

### જીવન રક્ષક...

વપરાતી દવાઓનો હાલ ઉપયોગ કરવામાં આવી રહ્યો નથી- માટે આ દવાઓના ભવિષ્ય પર પણ કાળા વાદળો ઘેરાઈ રહ્યા છે.

ધર્મેન્દ્ર શાહ કહે છે કે, દેશમાં રૂપિયા 800-1000માં વેચાતી રેમડેસિવિર દવાની હાલ જરુરી પડી રહી નથી, તેઓ કહે છે કે, આ દવાઓમાં રેમડેસિવિર, લિપોસોમલ એમ્ફોટેરિસિન બી ઈન્જેક્શન, બારિસિટિનિબ ટેબલેટ્સ, મોલનુપિરાવિર ટેબલેટ્સ અને ફાવિપિરાવિર ટેબલેટ્સનો સમાવેશ થાય છે. શાહ કહે છે કે ફાર્મા કંપનીઓએ આ નુકસાન ઉઠાવવું પડશે કારણ કે તેમની પાસે અન્ય કોઈ વિકલ્પ નથી.

ઈન્ડિયન ડ્રગ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (IDMA) જણાવે છે કે, દેશમાં રસીકરણની અસર દેખાઈ રહી છે, અને બીજી લહેર જેવું ઘાતક અસર ભારતમાં ફરી જોવા મળી નથી. આ સિવાય દુનિયામાં પણ રેમડેસિવિરની કોઈ માંગ નથી, માટે જે કંપનીઓ કોરોનાની દવા બનાવે છે તેમને ભારે નુકસાન થઈ રહ્યું છે.

ફેડરેશન ઓફ ગુજરાત સ્ટેટ કેમિસ્ટ્સ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશનના પ્રમુખ જશવંત પટેલ જણાવે છે કે, "પાછલા જુલાઈથી રેમડેસિવિરની કોઈ માંગ ઉભી થઈ નથી. આ સાથે મોટાભાગના કેમિસ્ટોએ પોતાનો સ્ટોક કંપનીમાં પરત મોકલાવી દીધો છે." બીડીઆર ફાર્માસ્યુટિકલ્સ, સિપ્લા, ડૉ. રેડીસ લેબોરેટ્રીસ, હેટેરો, જ્યુબિલન્ટ ફાર્મા, માયલન, સીનજીન અને ઝાયડસ લાઈફસાયન્સ જેવી કંપનીઓમાં ભારતમાં રેમડેસિવિર બનાવનારી ટોચની કંપનીઓ છે.

### ચૂંટણી પહેલા ભાજપ...

તે દૂર કરવા માટે રાજ્ય સરકાર સમક્ષ માગણી કરી રહ્યા છે. વિસંગતતાઓને કારણે રીયલ એસ્ટેટ ક્ષેત્ર તથા શહેરોનો યોગ્ય વિકાસ થઇ શકતો ન હોવાની દલીલ કરવામાં આવી રહી છે.

હવે રાજ્ય સરકારને બિલ્ડરોની માગણીઓમાં તથ્ય હોવાનું જણાયું છે અને વિવિધ માગણીઓનો અભ્યાસ શરુ કરીને સીજીડીસીઆરમાં બદલાવ કરવાની તૈયારી શરુ કરવામાં આવી છે.તમામ પ્રકારની નીતિ-નિયમો તથા જીડીસીઆર એકસમાન કરવામાં આવશે. તે સિવાયની પણ અન્ય માગણીઓની વિચારણા કરવામાં આવશે. અત્યારે હોસ્પિટલોને લગતી નીતિમાં ઘણા મુદ્દાઓ અવઢવ ઉભી કરી રહ્યા છે.

અને તેને કારણે આરોગ્ય ક્ષેત્રના વિકાસને અસર થઇ રહી છે. વિવિધ આરોગ્ય સંગઠનોએ હોસ્પિટલ ક્ષેત્રને નડતરરુપ જોગવાઇઓ દૂર કરવા માગણી કરી છે. આ સિવાય પણ જુદા-જુદા ક્ષેત્રના સંગઠનો દ્વારા પણ વિવિધ માગણીઓ મુકવામાં આવી છે.

રીયલ એસ્ટેટ ક્ષેત્રના રાષ્ટ્રીય સંગઠન ક્રેડાઈ દ્વારા સીજીડીસીઆરમાં બદલાવ કરવા માટે રાજ્ય સરકારને અનેક વખત રુબરુ રજૂઆતો પણ કરી છે. વિસંગતતાઓ દૂર થાય તો રીયલ એસ્ટેટ ક્ષેત્રને નવું જોર મળે અને વિકાસ તથા રોજગારીના પડકારોનો પણ હલ આવી શકે.

# એક લાઈટ બલ્બ તમારા Wi-Fi નેટવર્કને હેક કરી શકે છે..!

ગુજરાત | વંદન




ગયા લેખમાં આપણે જોયું કે કેવી રીતે PayTm દ્વારા આપની સાથે છેતરપિંડી થઈ શકે છે. હવે આપણે આ લેખમાં જોઈશું કે કેવી રીતે એક લાઈટ બલ્બ તમારા Wi-Fi નેટવર્કને હેક કરી શકે છે.

અત્યારના જમાનામાં ઘણી બધી રીતે તમારા Wi-Fi ને હૅકર્સ હેક કરી તેના દ્વારા તમારી ઉપર હેકરો નજર રાખે છે. જેથી તેઓ જોઈ શકે કે તમે તમારા કમ્પ્યુટર, ફોન, લેપટોપ, અને ટેબ્લેટ્સમાં તમે શું કરો છો અને તમને કેવી રીતે હેરાન કરી શકાય છે. તે ઓપરેટિંગ સિસ્ટમ અને સોફ્ટવેરની નબળાઈઓ દ્વારા શોષણ કરવા અથવા નેટવર્ક ટ્રાફિકની હેરાફેરી કરવા વિશે સક્ષમ છે, દરેક હુમલો કોઈ હુમલાખોર અને ટાર્ગેટેડ ઉપકરણો વચ્ચેની પુનઃપ્રાપ્તિ(રિકવરી) પર આધાર રાખે છે.

તાજેતરનાં વર્ષોમાં, આપણે જોયું છે કે કેવી રીતે સેંકડો વ્યાપકપણે ઉપયોગમાં લેવામાં આવતા સ્માર્ટ-પણ-અસુરક્ષિત ઉપકરણોએ દૂરસ્થ હુમલાખોરોને Wi-Fi પાસવર્ડ્સ તોડ્યા વિના કનેક્ટેડ નેટવર્ક્સમાં ઝંપલાવવું સરળ બનાવ્યું છે.

એક અત્યંત નવીનતમ પ્રકારના સંશોધનમાં જાણવામાં આવ્યું છે કે, જે ચેક પોઈન્ટ સેક્યુરીટીના નિષ્ણાતો(જે સિસ્ટમ ની નબળાઈઓ શોધે છે તેઓ) એ આજે ફિલિપ્સ(Philips) હ્યુ સ્માર્ટ લાઈટ બલ્બ્સને અસર કરતી નવી ઉચ્ચ-ગંભીરતાની નબળાઈઓ દ્વારા કરવામાં આવે છે, જે લક્ષ્યાંકિત Wi-Fi નેટવર્કમાં પ્રવેશ મેળવવા માટે 100 મીટરથી વધુ અંતરથી હવામાં શોષણ(એબ્સોર્બ) કરી શકે છે.

ઝિગબી એ એક વ્યાપકપણે ઉપયોગમાં લેવામાં આવતી વાયરલેસ તકનીક છે જે દરેક ઉપકરણને નેટવર્ક પરના કોઈપણ અન્ય ઉપકરણ સાથે વાતચીત કરવા દેવા માટે રચાયેલ છે. આ પ્રોટોકોલ વોર્લ્ડવાઈડ એમેઝોન



તેજ દફતરી
(સાયબર અને ડિજિટલ ફોરેન્સિક્સ એક્સપર્ટ)

ઈકો, સેમસંગ સ્માર્ટટીંગ્સ, બેલ્કીન ઈમો અને વધુ સહિતના વિશ્વભરમાં લાખો અને કરોડો ડિવાઈસમાં બનાવવામાં આવ્યો છે. "આ શોષણ દ્વારા, ધમકી આપનાર હેકર 100 મીટરથી વધુના લેપટોપ અને એન્ટેના સિવાય કંઈ પણ ઉપયોગ કરીને, ઘર અથવા ઓફિસના કમ્પ્યુટર નેટવર્કની મદદથી ઘુસણખોરી કરી શકે છે," ચેક પોઈન્ટના સંશોધનકારોએ જણાવ્યું હતું. ચેક પોઈન્ટના સેક્યુરિટીના નિષ્ણાતોએ પણ પુષ્ટિ આપી છે કે બફર ઓવરફ્લો "બ્રિજ" નામના ઘટક પર થાય છે જે મોબાઈલ ડિવાઈસ અથવા એલેક્ઝા હોમ સહાયક જેવા અન્ય ડિવાઈસીસથી ઝિગ્બી પ્રોટોકોલ પર બલ્બને મોકલવામાં આવતા રિમોટ કમાન્ડ્સને તે સ્વીકારે છે.

ચેક પોઈન્ટ રિસર્ચના સાયબર રિસર્ચ હેડ યનીવ બાલમાસે કહ્યું છે કે. "આપણામાંના ઘણા જાણે છે કે આઈઓટી(Internet of Things) ઉપકરણો સલામતીનું જોખમ લાવી શકે છે, પરંતુ આ સંશોધન બતાવે છે કે કેવી રીતે સૌથી વધુ ભૌતિક એટલે કે, મોટે ભાગે 'મુંગા' ઉપકરણો જેવા ને હેકર્સ દ્વારા શિકાર કરવામાં આવે છે અને તે નેટવર્ક, અથવા પ્લાન્ટ માલવેરનો ઉપયોગ કરી શકે છે."

ચેક પોઈન્ટે જવાબદારીપૂર્વક નબળા 2019 માં ફિલિપ્સ હ્યુ બ્રાન્ડના માલિક ફિલિપ્સ અને સિગ્નિફને આ નબળાઈઓની જાણ કરી હતી, જેમણે હમણાં જ એક મહિનામાં ડિવાઈસ માટે એક અપડેટ, પેચ ફર્મવેર બહાર પાડ્યું હતું. તે મહત્વનું છે કે માલવેરના સંભવિત પ્રસારને મર્યાદિત કરવા માટે, સંગઠનો અને વ્યક્તિઓ તેમના ઉપકરણોને નવીનતમ પેચોથી અપડેટ કરીને અને તેમના નેટવર્ક પરના અન્ય મશીનોથી અલગ કરીને, આ સંભવિત હુમલાઓ સામે પોતાને સુરક્ષિત કરે છે. "અમારા નેટવર્ક્સ સાથે જોડાયેલ કોઈપણ ઉપકરણની(ફોન, લેપટોપ, વગેરે...) સુરક્ષા લેખક આવી કોઈપણ પરિસ્તિથીમાંથી ઉગારવા સક્ષમ છે અને આપને મદદ કરી શકે છે. (શરતોને આધીન)

અનુસંધાન પેજ 4 પરથી...

### ડિલિવરી મેન...

પૂરી થઈ જશે."

બોલી, પગનાં ટેકે ઊભો ઊભો થાકી જતાં બાઈક સીધી કરી. વાહામાં પરસેવા સાથે ચોટેલી પેલી કોથળા જેવી કીટને થોડી અળગી કરી.વીસ,પચ્ચીસ મિનિટ થઈ હશે ત્યાં પેલાં હરખઘેલા પતિ દેવ ત્યાં આવી પહોંચ્યા. તેણે હરખમાં મને પણ ન દેખ્યો. ને પેલાને ઉધડો લીધો.

" અલ્યા તમે, એક તો ડિલિવરી કેટલી મોડી આપોને આવો ત્યારે મારતા ઘોડે. અમારે પણ કાંઈ કામ હોય કે તમારી રાહે જ બેસી રહેવાનું? તારું ડિલિવરી રેટિંગ ડાઉન આપવું પડશે."

એમ કહી પાર્સલના પૈસા ચૂકવી. પાર્સલ આચકતો હોય તેમ લઈ મોઢું બગાડી નીકળી ગયો.

પેલો વધું ઝંખવાણો પડી ગયો." જોયું ને સાહેબ!"

મેં તેને સાંત્વના આપતા કહ્યું," ચાલ્યા કરે, પણ તારે ઘરે પહોંચવાની કેમ ઉતાવળ હતી?"

ઘર આગળના થાંભલાની સ્ટ્રીટલાઇટમાં એના માથેથી ટપકતાં પરસેવાનાં બિંદુ ચમકી રહ્યાં હતાં.

" સાહેબ,હું ભાવનગર પહોંચીશ ત્યાં બજાર બંધ થઈ ગઈ હશે.આજે મારી ત્રણ વર્ષની દીકરીનો પણ જન્મદિવસ છે. મેં તેને સાંજે ઢીંગલી લાવી દેવાનું પ્રોમિસ આપ્યું હતું.તે બિચારી મારીને તેની ઢીંગલીની રાહે હશે.પણ આ સાહેબે મારો ખેલ બગાડી નાખ્યો."

એમ કહી,બાઈકનો શોર્ટ ટર્ન વાળી પાછળ લાદેલો કોથળો સરખો કરી,મારી સામે એક ફિક્કું સ્મિત આપી. તેણે બાઈક મારી મૂકી..

અનુસંધાન પેજ 10 પરથી...

### એક હાર્દિકે...

કહોવામાં કાંઇ બાકી રાખવામાં આવ્યું નથી.

વિચારણાં ટીમ પાટિલે કરી જ હશે. હાર્દિક હવે કેટલા કોંગ્રેસીઓને તોડીને ભાજપમાં લાવશેકેટલા પાટીદાર આગેવાનો(ઉમિયાવાળા અને ખોડલવાળા)ને કમલમમાં લાવશે એ તો આગામી સમયમાં ખબર પડશે. પણ હાલમાં તો એટલુ જ કહી શકાય- હાથના કર્યા હૈયે વાગે બોયા પેડ બબૂલ કા, આમ કહાં સે હોયસૌરાષ્ટ્રનો ગાંડો બાવળ વાવ્યો હોય અને રત્નાગીરી હાફુસ કેરીની આશા રાખે તો એવી આશા રાખનાર પણ ગાંડા બાવળની એક જાત કહેવાય!!ચૂંટણી આવવા દોહાર્દિક અને ઠાકોર સહિત સૌના પારખાં થઇ વિચારણાં ટીમ પાટિલે કરી જ હશે. હાર્દિક હવે કેટલા કોંગ્રેસીઓને તોડીને ભાજપમાં લાવશેકેટલા પાટીદાર આગેવાનો(ઉમિયાવાળા અને ખોડલવાળા)ને કમલમમાં લાવશે એ તો આગામી સમયમાં ખબર પડશે.

પણ હાલમાં તો એટલુ જ કહી શકાય- હાથના કર્યા હૈયે વાગે બોયા પેડ બબૂલ કા, આમ કહાં સે હોયસૌરાષ્ટ્રનો ગાંડો બાવળ વાવ્યો હોય અને રત્નાગીરી હાફુસ કેરીની આશા રાખે તો એવી આશા રાખનાર પણ ગાંડા બાવળની એક જાત કહેવાય!!ચૂંટણી આવવા દોહાર્દિક અને ઠાકોર સહિત સૌના પારખાં થઈ.

# મૂસેવાલાની હત્યા અંગે દિલ્હી પોલીસનો મોટો ખુલાસો, લોરેન્સ બિશ્નોઈ છે માસ્ટરમાઈન્ડ

ગુજરાત | વંદન

પંજાબી યુવા સિંગર સિદ્ધૂ મૂસેવાલા હત્યાકાંડમાં દિલ્હી પોલીસે બુધવારે મોટો ખુલાસો કર્યો છે. પોલીસે જણાવ્યું કે અત્યાર સુધી કેસમાં 5 આરોપીઓની ઓળખ કરી લેવામાં આવી છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ સીપી ધાલીલાવે પત્રકાર પરિષદમાં જણાવ્યું કે સિંગર મૂસેવાલા હત્યાકાંડનો માસ્ટરમાઈન્ડ લોરેન્સ બિશ્નોઈ છે જે દિલ્હીની જેલમાં બંધ છે અને સતત તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, ભાગેડુ સૌરભ મહાકાલના નજીકના શૂટરે મૂસેવાલાને ગોળી મારી હતી.

નોંધનીય છે કે બુધવારે પુણે ગ્રામીણ પોલીસે મોટી કાર્યવાહી કરતા મુખ્ય શૂટરના નજીકના મહાકાલની ધરપકડ કરી લીધી છે અને તેને 14 દિવસની કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યો છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ સીપી એચજીએસ ધાલીવાલે કહ્યુ કે, મહારાષ્ટ્ર પોલીસને મહાકાલની 14 દિવસની કસ્ટડી મળી છે. પોલીસે જણાવ્યું કે હત્યામાં ઓછામાં ઓછા પાંચ લોકો સામેલ છે. એક મહાકાલની ધરપકડ કરવામાં આવી છે, તે પંજાબી સિંગર મૂસેવાલાની હત્યામાં સામેલ શૂટરોમાંથી એકનો નજીકનો સહયોગી છે, પરંતુ તે શૂટિંગમાં સામેલ નહતો. શૂટિંગ કરનારની જલદી ધરપકડ થશે.

આ પહેલાં પંજાબ પોલીસે પણ કહ્યું હતું કે મૂસેવાલાની હત્યા પાછળ લોરેન્સ ગેંગનો હાથ હતો. ગેંગના સભ્ય અને કેનેડામાં રહેતા ગોલ્ડી બરાડે આ હત્યાની જવાબદારી લીધી હતી.

# દૂધ સાથે ક્યારેય ન લેવી જોઈએ આ વસ્તુઓ, નહીં તો શરીરને થશે હાનિ



ભારતમાં દૂધનું બહુ મહત્વ છે. દૂધમાં કેલ્શિયમ સહિત અનેક પ્રકારના પોષક તત્વ હોવાથી મોટાભાગના લોકો તેનું સેવન કરે છે. દૂધ શરીરને સ્વસ્થ રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. દૂધ પીવાથી હૃદય રોગ, અનેક પ્રકારના કેન્સર અને ડાયાબિટીઝ જેવી સમસ્યાથી બચાવવામાં મદદ કરે છે. લોકો દૂધના ફાયદાઓ જાણે તે માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ભારતમાં મોટા ભાગે લોકો ચામાં દૂધ નાખી તેનું સેવન કરતા હોય છે. તો ઘણા લોકો ઠંડીની સિઝનમાં હળદળવાળું દૂધ પીતા હોય છે. પરંતુ કેટલીક વસ્તુઓ સાથે દૂધ લેવું ખુબ હાનિકારક સાબિત થઈ શકે છે. આવો જાણીએ વધુ માહિતી...

**ફળો સાથે દૂધ** | અનેક એવા ફળ છે જેની સાથે દૂધ ન લેવું જોઈએ. દૂધ પેટ સાફ કરવાનું કામ કરે છે. જ્યારે ફળોમાં કુદરતી નમક અને પાણી હોવાથી તે કીડનીને સાફ કરવાનું કામ કરે છે. બંને વસ્તુઓનું જો મિશ્રણ કરવામાં આવે તો પાંચન સંબંધી સમસ્યાઓ થઈ શકે છે. એટલું જ નહીં શરીરમાં ટોક્સિન પણ પેદા થઈ શકે. ઘણીવાર વ્યક્તિને ઉલટી પણ થઈ શકે છે.

**માછલી સાથે દૂધ** | આમ જોવા જઈએ તો દૂધ એક ઠંડુ પ્રવાહી છે. જ્યારે માછલીને ખાવાથી શરીરનું તાપમાન વધે છે. હવે દૂધ અને માછલીને સાથે લેવામાં આવે તો શરીરમાં અસંતુલન પેદા થઈ શકે. ખાસ કરીને પાંચન સમસ્યા થઈ શકે છે.

**દૂધ સાથે ખાટી વસ્તુઓ** | નિષ્ણાતો મુજબ દૂધમાં ખાટી અથવા એસિડીક વસ્તુઓ મીક્સ ન કરવી જોઈએ. વિટામિન Cવાળા ફ્રુટને પણ દૂધ સાથે ન લેવા જોઈએ. તમે જોયું હશે કે દૂધમાં લીંબુનો રસ મીક્સ કરવાથી પનીર બની જાય. તો વિચારો કે જો પેટમાં બંને વસ્તુઓ મીક્સ થાય તો કેવી સમસ્યા થઈ શકે. આવું કરવાથી પેટમાં દુખાવો, કબજિયાત સહિતની સમસ્યાઓ થવાની સંભાવના રહે છે.

**મુળા સાથે દૂધ** | આયુર્વેદ મુજબ મુળો ખાધા બાદ તરત જ દૂધ ન પીવું જોઈએ. કારણ કે મુળો ગર્મ હોય છે. અને દૂધ લેવાથી પેટમાં બળતરા થઈ શકે છે. દૂધ અને મુળાનું સેવન એક સાથે ક્યારેય ન કરવું જોઈએ. મુળા અથવા તેનાની બનેલી કોઈ પણ વસ્તુ આરોગ્યાના 2 કલાક બાદ દૂધ લઈ શકો.

**કેળા સાથે દૂધ** | સ્વાસ્થને ધ્યાને રાખીને ઘણા લોકો કેળા સાથે દૂધ લેતા હોય છે. જો કે નિષ્ણાતો આ વાત સાથે સંમત નથી. તેમના મુજબ કેળા અને દૂધ ભારે વસ્તુઓ છે. જેથી તેને પચાવવામાં વાર લાગે છે. આ બંને વસ્તુઓને સાથે લેવાથી થાક પણ વધુ લાગે છે.

### હાર્ટ એટેક અને કાર્ડિયાક અરેસ્ટની સમસ્યામાં CPR એ રામબાણ ઉપાય



# શ્વાસ-હૃદય બંધ પડી જાય તો CPRની મદદથી વ્યક્તિનો જીવ બચાવી શકાય

તાજેતરમાં કેકેના નામથી પ્રખ્યાત બોલિવૂડના જાણીતા સિંગર કૃષ્ણકુમાર કુન્નાથનું મંગળવારે રાત્રે કોલકત્તામાં એક લાઈવ કોન્સર્ટ બાદ કાર્ડિયાક અરેસ્ટથી નિધન થયું છે. કેકેના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં તેઓના હાર્ટમાં બ્લોકેજ હતા અને જો યોગ્ય સમયે તેઓને સીપીઆર (CPR) આપવામાં આવ્યું હોત તો તેઓનો જીવ બચાવી શકાયો હોત. આ જાણકારી ગુરૂવારે પોસ્ટમોર્ટમ કરનારા ડોક્ટરે આપી છે. અચાનક શ્વાસ અટકાઈ જવા અથવા કાર્ડિયાક અરેસ્ટ જેવી સ્થિતિમાં આ મેડિકલ ટેક્નિકનો ઉપયોગ કરીને દર્દીનો જીવ બચાવી શકાય છે.

એક રિપોર્ટ અનુસાર, ગાયક કેકેનું પોસ્ટમોર્ટમ કરનારા ડોક્ટરે કહ્યું કે, કેકેને લાંબા સમયથી હૃદય સંબંધી બીમારીઓ હતી, જેનું સમાધાન શક્ય નહતું. તેઓના ડાબી તરફના હૃદયમાં મુખ્ય ધમનીઓ અને આર્ટરીમાં એક મોટી અને અન્ય ધમનીઓ, ઉપ-ધમનીઓમાં નાના નાના બ્લોકેજ હતા. લાઈવ શો દરમિયાન વધુ ઉત્તેજિત થવાના કારણે તેઓનો બ્લડ ફ્લો અટકી ગયો, હૃદયની ગતિ અટકી ગઈ અને તેઓનું નિધન થયું. ડોક્ટરે જણાવ્યું કે, કેકેની ડાબી તરફ મેઈન કોરોનરીમાં 80 ટકા બ્લોકેજ હતું જ્યારે અન્ય ધમનીઓ અને ઉપધમનીઓમાં નાના-નાના બ્લોકેજ હતા. કોઈ પણ બ્લોકેજ 100 ટકા નહતું. જો તેઓને તાત્કાલિક સીપીઆર આપવામાં આવ્યું હોત તો તેઓનો જીવ બચાવી શકાયો હોત. અહીં જાણો, સીપીઆર શું હોય છે અને આ ટેક્નિકનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે છે.

## શું છે સીપીઆર અને તેનો ઉપયોગ

સીપીઆરનું ફૂલ ફોર્મ કાર્ડિયોપલ્મોનરી રિસસિટેશન છે, આ ઈમરજન્સી મેડિકલ ટેક્નિક છે જેની મદદથી વ્યક્તિના શ્વાસ અને હૃદય બંધ પડી જવા પર તેનો જીવ બચાવી શકાય છે. જ્યારે કોઈ વ્યક્તિનું હૃદય બંધ પડી જાય છે તો તેમે કાર્ડિયાક અરેસ્ટ કહેવામાં આવે છે. કાર્ડિયાક અરેસ્ટ દરમિયાન હૃદય, મગજ અને ફેફસા સહિત બાકીના શરીરમાં લોહી યોગ્ય રીતે પમ્પ નથી થતું. યોગ્ય સારવારના અભાવે વ્યક્તિનું મોત ગણતરીની મિનિટોમાં થઈ શકે છે. સીપીઆરમાં વ્યક્તિની છાતી પર દબાણ બને છે જેનાથી બ્લડ ફ્લોને ઠીક કરવામાં મદદ મળે છે.

## સીપીઆરથી જીવ બચાવી શકાય છે?

CDC અનુસાર, હાલમાં હોસ્પિટલ બહાર કાર્ડિયાક અરેસ્ટથી પીડિત અંદાજિત 10માંથી 9 લોકોના મોત થાય છે. સીપીઆરની મદદથી આ સમસ્યાને ઘટાડી શકાય છે. કાર્ડિયાક અરેસ્ટ પહેલાં અમુક મિનિટોમાં દર્દીને સીપીઆર આપવામાં આવે તો દર્દીના જીવિત રહેવાની સંભાવના બેથી ત્રણ ગણી થઈ શકે છે.

## સીપીઆર કેવી રીતે આપવામાં આવે છે?

તમારાં બંને હાથને દર્દીની છાતીની વચ્ચે રાખો અને 100થી 120 પ્રતિ મિનિટના દરે જોરથી છાતી પર ધક્કો (Pressure) આપો. દરેક ધક્કા બાદ છાતીને પોતાની સામાન્ય સ્થિતિમાં આવવા દો. ઈમરજન્સી હેલ્પ પહોંચે ત્યાં સુધી આવું કરતાં રહો.

### લાઈટ વિના પણ થઈ જશે પંખો ફાસ્ટ! કુલર પણ ચાલશે બિંદાસ્ત

# આટલું કરો તો ઘર થઈ જશે Cool-Cool!




ઉનાળામાં ઘણી વખત લાંબા સમય સુધી વીજળી જતી રહે છે. જેના કારણે તમારે ઘરમાં ગરમીમાં બેસવું પડે છે. બસ આ કામ કરો અને પછી તમે વીજળી વગર પણ પંખા અને કુલર ચલાવી શકશો. ઉનાળો હવે પોતાના પુરજોશમાં છે અને વધતી ગરમીથી સૌ કોઈ પરેશાન છે. ઉનાળાની સાથે સાથે આ સિઝનમાં પાવર કાપ પણ સામાન્ય સમસ્યા છે. દેશના ઘણા શહેરોમાં કલાકો સુધી વીજળી નથી હોતા અને જેના કારણે લોકોએ ગરમીમાં ઘરમાં બેસી રહેવું પડે છે. જો વગર વીજળીએ પણ તમારા ઘરમાં તમે પંખા-કૂલર ચલાવવા માંગો છો, તો તમારે તેના માટે ઈન્વર્ટર લેવું પડશે. આજે અમે તમને જણાવવા જઈ રહ્યા છીએ કે ઈન્વર્ટર ખરીદતી વખતે તમારે કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ.

## ઈન્વર્ટર ખરીદતા પહેલાં આ વાતનું રાખો ધ્યાન

ઈન્વર્ટર ખરીદતા પહેલા, તમને કેટલા વોટના ઈન્વર્ટરની જરૂર છે તે જાણી લો. આ કરવા માટે, તમારે એવા ઉપકરણોની લિસ્ટ બનાવવી પડશે જે ઈન્વર્ટર સાથે જોડાયેલા હશે, એટલે કે, જે તમે ઈન્વર્ટરની મદદથી ચલાવવા માંગો છો. આ તમને કુલ કેટલી વોટેજની જરૂર છે તે સમજવામાં મદદ કરશે. તમારા ઉપકરણો કેટલો પાવર ખેંચે છે તે મુજબ, ઈન્વર્ટરની ક્ષમતા નક્કી કરો. અને પછી ઈન્વર્ટર ખરીદવા માટે જાઓ.

## તમારે વોલ્ટ એમ્પીયર રેટિંગ તપાસવું સરળ બનશે

યોગ્ય ઈન્વર્ટર પસંદ કરવા માટે, તમારે તમારું V/A રેટિંગ (વોલ્ટ/એમ્પીયર) શોધવાની જરૂર છે. આ કરવા માટે થોડા પગલાં છે. ઈન્વર્ટરનું પાવર ફેક્ટર સામાન્ય રીતે તેની કાર્યક્ષમતા છે જેના પર ઈન્વર્ટર કામ કરે છે. ઈન્વર્ટર ક્યારેય 100 ટકા કાર્યક્ષમતા પર કામ કરતું નથી હોતું. તે 50-80 ટકા કાર્યક્ષમતા વચ્ચે જ કામ કરે છે. જો ઈન્વર્ટરની એફિસિન્યસી 70 ટકા છે, તો તેનું પાવર ફેક્ટર 0.7 હશે, જો તે 80 ટકા હશે, તો પાવર ફેક્ટર 0.8 હશે. જે બાદ તમારે વોલ્ટ એમ્પીયર રેટિંગ તપાસવું સરળ બનશે.

આ સાથે, ઈન્વર્ટર પસંદ કર્યા પછી, તે પણ જુઓ કે તેમાં કઈ બેટરી ઈન્સ્ટોલ કરેલી છે કે નહીં કારણ કે સારા ઈન્વર્ટરમાં સારી બેટરી હોવી ખૂબ જ મહત્વપૂર્ણ છે, નહીં તો તમને લાંબા સમય સુધી પાવર કટની સમસ્યાનો સામનો કરવો પડી શકે છે.

આ રીતે, યોગ્ય ઈન્વર્ટર પસંદ કરીને, તમે વીજળી વિના પણ પંખા અને કુલરનો ઉપયોગ કરી શકો છો અને ઉનાળાને ટાળી શકો છો.

# હિમાચલ પ્રદેશમાં કઈ જગ્યાઓ પર તમે માણી શક્શો હનીમૂન...

હિમાચલ પ્રદેશમાં એક પર એક ખુબ જ સુંદર ટૂરિસ્ટ ડેસ્ટિનેશન છે. હિમાચલ પ્રદેશના હિલસ્ટેશનો પર ઉનાળામાં સૌથી વધુ ટૂરિસ્ટ આવતા હોય છે. દેશ દુનિયાના ટૂરિસ્ટ અહીં આવીને સુંદર પહાડ, ઘાટી, નદી તેમજ હરિયાળીથી ભરેલા જંગલોને એક્સપ્લોર કરતા હોય છે. હિમાચલ પ્રદેશમાં આપ ટ્રેકિંગ, કેંપિંગ, પેરાગ્લાઈડિંગ એક્ટિવિટીની સાથે સાથે રોક ક્લાઈમ્બિંગ પણ કરી શકાય છે. અને વાત જ્યારે હનીમુન માટે કપલ્સની આવે ત્યારે મોટા ભાગે લોકો હિમાચલ પ્રદેશને જ પસંદ કરતા હોય છે. અને તેનું કારણ છે પ્રાકૃતિક સુંદરતા.

હિમાચલ પ્રદેશની નદીઓ, ઉંચા પહાડ, પ્રાચીન મંદિરો પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર હોય છે. આ સિવાય પણ હિલસ્ટેશન પરની શાંતિ અને સૂકુન લોકોને પસંદ આવે છે. જ્યારે શહેરોમાં ભીષણ ગરમી પડતી હોય છે ત્યારે પણ હિમાચલ પ્રદેશના હિલસ્ટેશન પરનું વાતાવરણ ઠંડુ રહે છે. જે પ્રેમીઓને ખુબ આકર્ષે છે. જો તમે પણ હિમાચલ પ્રદેશમાં હનુમૂન કરવા ઈચ્છો છો તો જાણી લો ક્યાં ક્યાં જઈ શક્શો તમે.

## શિમલા




શિમલા હિમાચલ પ્રદેશની સૌથી સુંદર રોમેન્ટિક જગ્યાઓમાંથી એક છે. હનીમૂન માટે દૂર દૂરથી લોકો શિમલા આવતા હોય છે. તેવામાં બેસ્ટ હનીમૂન ડેસ્ટિનેશન માટે આ હિલ સ્ટેશન ભારતના સૌથી લોકપ્રીય હિલસ્ટેશનમાંથી એક છે. હિમાચલ પ્રદેશની રાજધાની શિમલા સમુદ્રી તટથી 2200 મીટરની ઉંચાઈ પર છે. તમે પણ અહીં હનીમૂન માટે જઈ શકો છો.

## સોલંગ વૈલી



શિમલાની સાથે કપલ્સ સોલંગ વેલીમાં હનીમૂન માટે જતા હોય છે. આ પણ હિમાચલના ટોપ સ્થળોમાંથી એક માનવામાં આવે છે. સોલંગ વેલી કુલ્લુ ઘાટી પર સ્થિત છે. અહીં કપલ્સ પેરાશૂટિંગ, પેરાગ્લાઈડિંગ, સ્કેટિંગ, કેમ્પિંગ અને ટ્રેકિંગ કરતાં હોય છે. સોલંગ વૈલી મુખ્યત્વે ગુજરાતના પ્રવાસના શોખીનો માટે પ્રથમ પસંદગી છે.

## મનાલી



મનાલીને પણ કપલ્સ માટે બેસ્ટ હનીમૂન ડેસ્ટિનેશન માનવામાં આવે છે. આ હિમાચલના બેસ્ટ ટૂરિસ્ટ સ્પોટમાં સામેલ છે. આ હિલ સ્ટેશન ચારેય તરફથી હરિયાળીથી ઘેરાયલું છે. ટૂરિસ્ટ કે કપલ્સ અહીં પ્રકૃતિનો અદભૂત નજારો, ધરણા, તળાવ અને નદીઓ જોવા માટે આવતા હોય છે. આ સિવાય ટ્રેકિંગ, રાફ્ટિંગ અને રૉક ક્લાઈમ્બિંગ એક્ટિવિટી પણ કરતાં હોય છે.

## ધર્મશાળા



ધર્મશાળા ખુબ જ સુંદર જગ્યા છે. ટૂરિસ્ટ કે પછી કપલ્સ અહીં હનીમૂન માટે આવી શકે છે. આ સિવાય ચૈલ પણ બેસ્ટ ડેસ્ટિનેશન છે. ધર્મશાળા રાજ્યની શિયાળુ રાજધાની છે. તે કાંગડા નગરથી 16 કિમીના અંતરે આવેલું છે . ધર્મશાલાના મેકલિયોડગંજ ઉપનગરમાં સેન્ટ્રલ તિબેટીયન એડમિનિસ્ટ્રેશનનું મુખ્ય મથક છે , અને તેથી તે દલાઈ લામાનું નિવાસસ્થાન છે .

# શરીરમાં લોહીની ઉણપ છે?
## ડરો નહીં, આ નાનકડી વસ્તુના સેવનથી થશે ભરપુર રક્તનો સંચાર



સારું છે. પુરુષો માટે વધુ ઉપયોગી છે. જાણી કિસમિસના ક્યા ક્યા ફાયદા છે. આ સાથે કિસમિસમાં અનેક એવા ગુણો છે જેનાથી તમે હેલ્ધી રહી શકો છો. એમાં પણ આખી રાત કિસમિને પલાળીને રાખ્યા બાદ સવારે ખાવાથી અનેક ફાયદાઓ મળે છે. આવો જાણીએ કિસમિસના શું શું ફાયદાઓ છે.

**હાડકા કરશે મજબૂત** | જો તમને દૂધ નથી પસંદ તો તમે કિસમિસનો ઉપયોગ કરી શકો છો. કારણ કે તેનાથી તમને સારી માત્રામાં કેલ્શિયમ મળે છે. રોજ તમે 4 થી 5 કિસમિસનું સેવન કરી શકો છો.

**વજન વધતું અટકાવશે** | બહારના ખાવામાં ફેટ વધારે હોય છે. એવામાં વજન વધી જાય છે. કિસમિસના કારણે તે કંટ્રોલમાં રહે છે. કિસમિસનું નેચરલ સ્યુગર શરીરને એનર્જી આપે છે અને આળસ નહીં આવવા દેતા. આનાથી કોલેસ્ટ્રોલ પણ કંટ્રોલમાં રહે છે.

**લોહી વધારવામાં કરે છે મદદ** | મીડિયા રિપોર્ટ પ્રમાણે, મોટા ભાગના લોકોને લોહીની ઉણપની ફરિયાદ હોય છે. જેને એનીમિયા કહેવામાં આવે છે. જો તમે કિસમિસનું સેવન કરશો તો લોહીની ઉણપ નહીં રહે. સાથે જ પેટ સંબંધિત કોઈ પણ સમસ્યા માટે તમારે કિસમિસનું સેવન કરવું જોઈએ.

# દૂધીથી કેવી રીતે સફેદ વાળ થઈ શકે છે કાળા? આ ઘરેલૂ ઉપાય છે લાજવાબ



વાળની સફેદીને કાળા કરવા માતે તમામ પ્રકારના અખતરા અપનાવી રહેલા લોકો દૂધી પણ ફાયદાકારક છે. આ શાકભાજીથી સફેદ વાળને કાળા કરી શકાય છે. હવે તમે વિચારી રહ્યા હશો કે દૂધી વડે કેવી રીતે સંભવ છે, પરંતુ તમને જણાવી દઈએ કે આમ થઈ શકે છે. તેની સરળ રીત છે, જે લોકોને પહેલાંથી જ ખબર છે તે તેનો ફાયદો ઉઠાવી રહ્યા છે, જેમને ખબર નથી તે લાચાર છે. તો આવો જાણવાનો પ્રયત્ન કરીએ કે દૂધી વડે કેવી રીતે ઉંમર પહેલાં થતાં સફેદ વાળને કાળા કરી શકાય છે.

**દૂધીનો આ રીતે કરો ઉપયોગ** | દૂધી વડે વાળને કાળા કરી શકાય છે. તેના માટે સૌથી પહેલાં દૂધી લેવી પડશે. ત્યારબાદ તેને સુકવી દો. આ પ્રોસેસ બાદ ઉકાળો. ત્યારબાદ આ તેલને ગાળીને તમે નિયમિત રીતે તેની મસાજ કરીને તમારા વાળને કાળા કરી શકો છો.

- આ ઉપરાંત તમે દહી વડે પણ વાળને કાળા કરી શકો છો. તેના માટે સૌથી પહેલાં દહી લેવું પડશે. ત્યારબાદ તેમાં ટામેટા પીસીને નાખો. ત્યારબાદ તેમાં લીંબૂનો રસ પણ મિક્સ કરી શકો છો. તૈયાર કરવામાં આવેલી પેસ્ટથી તમે અઠવાડિયામાં એકવાર વાળમાં માલિશ કરશો તો ફાયદો મળશે.
- શું તમે જાણો છો કે લીંબૂ વડે પણ વાળ કાળા કરી શકાય છે. તેના માટે તમારે સૌથી પહેલાં આદુ લેવું પડશે. ત્યારબાદ તમે ઓલિવ ઓઈલ મિક્સ કરો. આ પેસ્ટને પણ તમે અઠવાડિયામાં 2 વાર લગાવી શકો છો. તેનાથી તમને ફાયદો થશે.

# કલાકો સુધી ટીવી જોવાની આદત હોય તો સાવધાન! આ ગંભીર બીમારીઓના તમે બની શકો છો શિકાર

ભલે લોકો પાસે પોતાના ફોન આવી ગયો હોય. પણ ઘરમાં આવતા જ લોકોનું સૌથી પહેલું ધ્યા તેમના ટીવી પર જાય છે. ટીવી જોવું લોકોના જીવનનો મહત્વુપૂર્ણ ભાગ બની ગયો છે. પણ અમે તમને ચેતવી દઈએ છે કે, જો તમે સતત લાંબા સમય સુધી ટીવી જોશો તો તમને કોરોનરી હાર્ડ ડિઝીઝનો ખતરો વધે છે. જી હાં, હાલમાં એક જ રિસર્ચમાં સામે આવ્યું છે કે,



લાંબા સમય સુધી ટીવી જોવાથી હૃદયથી જોડાયેલી સમસ્યાઓનો તમારે સામનો કરવો પડી શકે છે.

આ રિસર્ચ કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલય અને હૉંગકોંગ વિશ્વવિદ્યાલય દ્વારા કરાયું છે, જેમાં આ વાતનો ખુલાસો થયો છે જો કોઈ વ્યક્તિ રોજ નિયમિત રીતે 1 કલાકથી ઓછું ટીવી જોય છે તે તેને 11 ટકા કોરોનરી હાર્ટ ડિઝીઝ થવાનું જોખમ ઓછું છે. જણાવી દઈએ કે જો વ્યક્તિ લાંબા સમય સુધી બેસે છે અને શારીરિક ગતિવિધીથી દૂર રહે છે તો તેને હૃદયની બિમારીનું જોખમ વધે છે. રિસર્ચર્સે યૂકે બાયોબેંકનો ડેટા શેર કર્યો છે. જે મુજબ સ્કીન સામે લાંબા સમય બેસી રહેવાથી વ્યક્તિના જીવનમાં શારીરિક ગતિવિધીને કમી ઉત્પન્ન થાય છે. જેના પગલે કોરોનરી હાર્ટ ડિઝીઝનું જોખમ વધી શકે છે.

# ભારતીય મૂળની વિદ્યાર્થીનીએ 13 વર્ષની ઉંમરમાં રચ્યો ઈતિહાસ, સ્પેલિંગ બી પ્રતિયોગીતામાં બની વિજેતા

ગુજરાત | વંદન

ભારતીય જ્યાં જાય ત્યાં પોતાના દેશનું નામ રોશન કરતો રહે છે, ગઈકાલ રાતે ઈતિહાસ રચાયો જ્યારે 14 વર્ષની ભારતીય અમેરિકન વિદ્યાર્થી હરિની લોગાને 2022 સ્ક્રિપ્સ નેશનલ સ્પેલિંગ બી ખાતે તેની પ્રથમ સ્પેલ-ઓફ મેચ જીતીને દેશનું નામ રોશન કર્યું છે.

હરિની લોગનને એકવાર સ્ક્રિપ્સ નેશનલ સ્પેલિંગ બીમાંથી કાઢી મૂકવામાં આવી હતી, પરંતુ પછી પાછી પણ લાવવામાં આવી હતી. હરિની મેચમાં 12 વર્ષના વિક્રમ રાજુ સાથે સામસામે હતી.



**શું છે આ સ્પર્ધામાં?** | આ સ્પર્ધામાં સ્પર્ધકો 90 સેકન્ડની અંદર કેટલા શબ્દો યોગ્ય રીતે ઉચ્ચાર કરી શકે છે તેની ચકાસણી કરવામાં આવે છે.

**26માંથી 21 શબ્દોનું સાચુ ઉચ્ચારણ** | વિક્રમ રાજુ સામેના આ કોમ્પિટશનમાં તેણે 4 શબ્દો ચૂકી ગઈ હતી, પરંતુ તેણે 1 શબ્દ હતો જેણે હિરિની લોગાનને જીત અપાવી. હરિનીએ 26માંથી 21 શબ્દોનુ ઉચ્ચારણ સાચુ કર્યું હચતુ, જ્યારે વિક્રમે 19માંથી 15 શબ્દોનું ઉચ્ચારણ સાચુ કર્યું હતુ.

**લોગાનની પુસ્તક લખવાની ઇચ્છા** | લોગન સાન એન્ટોનિયોની મોન્ટેસરી સ્કૂલમાં 8મા ધોરણની વિદ્યાર્થી છે. જેનો શોખ સર્જનાત્મક લેખન કરવાનો છે અને તે હાઈસ્કૂલમાં એક પુસ્તક પ્રકાશિત કરવાનું પણ વિચારી રહી છે. શબ્દો શીખવા ઉપરાંત તેને પિયાનો, રેકોર્ડર અને ગિટાર વગાડવાનો શોખ છે.

**50,000નું ઇનામ**

ટેક્સાસની સાન એન્ટોનિયોv,14 વર્ષીય હરિની લોગાને આ જીત મેળવી સાથે સાથે ઈનામના રૂપે 50,000ની મોટી રકમ પણ ઈનામ રૂપે મેળવી હતી. આ ઈનામી રકમ મેરિયમ-વેબસ્ટર અને એનસાયક્લોપડિયા બ્રિટાનીકા તરફથી પણ આપવામાં આવે છે. જ્યારે ડેનવરના 12 વર્ષના વિક્રમ રાજુએ બીજું સ્થાન મેળવ્યું, જેને ઈનામી રકમ 25,000 આપવામા આવી હતી.

## મિતાલી રાજે ચાહકોને આપ્યો સૌથી મોટો ઝટકો, ક્રિકેટમાંથી લીધો સંન્યાસ

ગુજરાત | વંદન



ભારતની દિગ્ગજ બેટ્સમેન મિતાલી રાજે ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે. તેણે ત્રણેય ફોર્મેટમાં ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ કરી ચૂકી છે. ભારતીય મહિલા ટીમની ટેસ્ટ અને ODI ક્રિકેટની કેપ્ટન મિતાલી રાજ સમગ્ર વિશ્વમાં ખૂબ જ પ્રખ્યાત છે. તેમના નામે ઘણા રેકોર્ડ છે, તેમણે ભારતીય 'મહિલા ક્રિકેટનો સચિન તેંડુલકર' કહેવામાં આવે છે.

મિતાલી રાજે 1999માં આયર્લેન્ડ સામેની મેચમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો. ત્યારથી તેનું બેટ રન બનાવી રહ્યું છે. તેઓ ODI ક્રિકેટમાં 7000 થી વધુ રન બનાવનાર પ્રથમ મહિલા ખેલાડી છે. ODI ક્રિકેટમાં તેના નામે 7 સદી છે. જ્યારે, T20 ક્રિકેટમાં 2364 રન બનાવ્યા છે. તેમની બેટિંગ જોઈને સૌથી મોટા બેટ્સમેન દાંત નીચે આંગળીઓ દબાવી દે છે. જ્યારે તેઓ ક્રિઝ પર હોય ત્યારે ભારતીય ટીમની જીત નિશ્ચિત હોય છે.

ભારતની સ્ટાર બેટ્સમેન મિતાલી રાજે પોતાની રમતથી પોતાનું અને દેશનું નામ રોશન કર્યું છે. પરંતુ રમતગમત તેનો પ્રથમ પ્રેમ ન હતો. પિતાના આગ્રહથી મિતાલી રાજ ક્રિકેટર બની હતી. તેને ડાન્સ કરવાનું ગમતું. તે બાળપણથી જ ડાન્સર બનવા માંગતી હતી. તેણે ભરતનાટ્યમની તાલીમ પણ લીધી છે. મિતાલીના ભાઈ અને પિતા પણ ભૂતપૂર્વ ક્રિકેટર રહી ચૂક્યા છે.

## નડાલ ફ્રેન્ચ ઓપનમાં 14મી વખત ચેમ્પિયન: રૂડને આસાનીથી હરાવ્યો



### ફાઈનલમાં નડાલનો 6-3, 6-3, 6-0થી વિજય : નડાલે ફ્રેન્ચ ઓપનની ફાઈનલ ન હારવાનો રેકોર્ડ જાળવ્યો

ગુજરાત | વંદન

સ્પેનિશ ટેનિસ સ્ટાર નડાલે નોર્વેના રૂડને સીધા સેટોમાં ૬-૩ ,૬-૩, ૬-૦થી હરાવીને કારકિર્દીમાં ૧૪મી વખત ફ્રેન્ચ ઓપન ટાઈટલ જીતી લીધું હતુ. નડાલે પેરિસમાં રેડ ક્લે કોર્ટ પર રમાયેલી ફાઈનલમાં નડાલે બે કલાક અને ૧૮ મિનિટમા જ જીત હાંસલ કરી હતી.

નડાલે આ સાથે વર્લ્ડ રેકોર્ડ ૨૨મું ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીતીને ફેડરર-યોકોવિચ પર બે ટાઈટલની સરસાઈ મેળવી હતી. સૌથી વધુ ગ્રાન્ડ સ્લેમ જીતવામાં નડાલ પછી બીજા ક્રમે રહેલા ફેડરર-યોકોવિચ ૨૦-૨૦ ટાઈટલ જીત્યા છે.

૩૬ વર્ષના નડાલે સૌથી મોટી ઉંમરે ફ્રેન્ચ ઓપન ટાઈટલ જીતવાની સિદ્ધિ મેળવી હતી. તેણે કારકિર્દીની ૩૦મી ગ્રાન્ડ સ્લેમ ફાઈનલ રમતાં ૨૨મું ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ અને ઓવરઓલ ૯૨મું ટાઈટલ મેળવ્યું હતુ. જ્યારે ૨૪ વર્ષનો નોર્વેનો કાસ્પર રૂડ કારકિર્દીની પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ફાઈનલને યાદગાર બનાવી શક્યો નહતો. તે ફ્રેન્ચ ઓપનની ફાઈનલ રમનારો નોર્વેનો સૌપ્રથમ મેન્સ સિંગલ્સ પ્લેયર બન્યો હતો.

## IPL બાદ ટીમ ઈન્ડિયાના સ્પિનર યુઝવેન્દ્ર ચહલે નવી હેરકટ કરાવી

■ ચાહકોએ કહ્યું- '50 રૂપિયામાં આનાથી સારા કટિંગ થાય છે'

ગુજરાત | વંદન

આઈપીએલ 2022 પુરી થયા બાદ ટીમ ઈન્ડિયાના તમામ ખેલાડીઓ હળવાશની પળો માણી રહ્યા છે. અમુક ખેલાડીઓ વેકેશન એન્જોય કરવા માટે વિદેશમાં ગયા છે, તો અડધા અહીં છે. ત્યારે ટીમ ઈન્ડિયાના સ્પિનર યુઝવેન્દ્ર ચહલે એક નવી હેરસ્ટાઈલ કરાવી છે, જેની તસવીરો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહી છે.

ટીમ ઈન્ડિયાના સ્પિનર યુઝવેન્દ્ર ચહલે ફેમસ હેર સ્ટાઈલિશ આલિમ હકીમ પાસે હેર સ્ટાઈલ કરાવી છે. આ તસવીર જ્યારે સામે પ્રશંસકો ચહલની બરાબરની મઝા લઈ રહ્યા છે. આલિમ હકીમે યુઝવેન્દ્ર ચહલની તસવીર શેર કરીને જણાવ્યું છે કે ફ્રેશ હેયર સમટ કટ, યુઝવેન્દ્ર ચહલ માટે મઝાની વાત એ રહી છે કે ચહલની આ હેયરકટ પર પ્રશંસકોએ જોરદાર કોમેન્ટ્સ કરી. અમુક ફેન્સે તો એટલે સુધી લખી નાંખ્યું કે, શું ફાયદો આવા વાળ કપાવવાનો કારણ કે ન્હાયા બાદ ફરીથી જેવા હશે તેવા થઈ જશે. જ્યારે અન્ય ફેન્સે કોમેન્ટ્સમાં લખ્યું કે, 50 રૂપિયામાં ગામમાં આનાથી પણ વધારે સારા કટિંગ થાય છે.



તમને જણાવી દઈએ કે, આલિમ હકીમ મુંબઈના સ્ટાર હેયર સ્ટાઈલિસ્ટ છે, જે ઘણા બોલિવુડ સ્ટાર્સના હેયરકટ કરે છે. તેના સિવાય એમએસ ધોની, વિરાટ કોહલી, હાર્દિક પંડ્યા સહિત ઘણા અન્ય ક્રિકેટ્સ પણ અહીં આવે છે. જો યુઝવેન્દ્ર ચહલની વાત કરીએ તો હાલમાં પુરી થયેલી ઈન્ડિયન પ્રીમિયર લીગ 2022માં તે સૌથી વધુ શિકાર બનાવનાર ખેલાડી હતો. યુઝવેન્દ્ર ચહલે આખી સીઝનમાં 26 વિકેટ ઝડપી હતી, જેણા કારણે પર્પલ કેપ મળી હતી. હવે યુઝવેન્દ્ર ચહલ સાઉથ આફ્રિકા વિરુદ્ધ થનાર ટી20 સીરીઝમાં નજરે પડશે.

## વિશ્વનાથન આનંદે ફરી વર્લ્ડ ચેમ્પિયન કાર્લસનને હરાવ્યો

ગુજરાત | વંદન

ભારતના ધુરંધર ચેસ ખેલાડી અને પાંચ વખતના ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયન વિશ્વનાથન આનંદે નોર્વે ચેસ ટુર્નામેન્ટમાં શાનદાર દેખાવ જારી રાખતાં વર્તમાન વર્લ્ડ ચેમ્પિયન નોર્વેના મેગ્નસ કાર્લસનને ફરી વખત હરાવ્યો હતો. ક્લાસિક ફોર્મેટના મુકાબલામાં આનંદ અને કાર્લસન વચ્ચેની પાંચમા રાઉન્ડની બાજી ૪૦ ચાલ બાદ ડ્રોમાં પરિણમી હતી. વિજેતાનો નિર્ણય આર્મેજેડ્ડોન (સડન-ડેથ) મુકાબલાથી લાવવામાં આવ્યો હતો. જેમાં ૫૨ વર્ષના આનંદનો ૫૦ ચાલ બાદ વિજય થયો હતો.

આનંદે અગાઉ બ્લીટ્ઝ ફોર્મેટમાં કાર્લસનને હરાવ્યો હતો. હવે ક્લાસિક ફોર્મેટની મેચમાં આનંદે કાર્લસન સામે પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી હતી. વિશ્વના ટોચના ખેલાડીઓ વચ્ચે ચાલી



રહેલા ચેસ મુકાબલામાં હજુ ચાર રાઉન્ડ બાકી છે. આનંદ ૧૦ પોઈન્ટ સાથે ટોચ પર છે. જ્યારે કાર્લસન ૯.૫ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે.

આ ટુર્નામેન્ટમાં આનંદે શાનદાર શરૂઆત કરતાં ત્રણ મુકાબલા જીતી લીધા હતા. જોકે ચોથા રાઉન્ડની મેચમાં તેને અમેરિકાના વેસ્લે સો સામે હારનો સામનો કરવો પડયો હતો. આનંદે બાઉન્સબેક કરતાં કાર્લસન સામે જીત હાંસલ કરી હતી.

પોઈન્ટ ટેબલમાં બ્લીટ્ઝનો વિજેતા અમેરિકન ખેલાડી સો અને અઝરબૈજાનનો મામેડયારોવ ૮.૫ પોઈન્ટ્સ સાથે સ્થાન ધરાવે છે.

## નવ ટેસ્ટ બાદ આખરે જીત્યુ ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડનો પાંચ વિકેટથી પરાજય

ગુજરાત | વંદન

ભૂતપૂર્વ કેપ્ટન જો રૂટે ટેસ્ટ કારકિર્દીની ૨૬મી સદી સાથે અણનમ ૧૧૫ રન ફટકારતાં ઈંગ્લેન્ડે નવ ટેસ્ટના ઈંતજાર બાદ આખરે જીતનો સ્વાદ ચાખ્યો હતો અને ન્યુઝીલેન્ડને પાંચ વિકેટથી હરાવ્યું હતુ. જીતવા માટેના ૨૭૭ના ટાર્ગેટને ઈંગ્લેન્ડે ચોથા દિવસે જ પાંચ વિકેટ ગુમાવીને પાર પાડયું હતુ. રૂટ અને ફોક્સ (૯૨ બોલમાં ૩૨* રન) વચ્ચે અણનમ ૧૨૦ રનની ભાગીદારી નોંધાઈ હતી.

વિજયી ચોગ્ગો ફટકારનારા રૂટે આ ઈનિંગ દરમિયાન ટેસ્ટમાં ૧૦,૦૦૦ રનના માઈલસ્ટોનને પાર કર્યો હતો. આ સાથે તે ૧૦ હજાર રન પુરા કરનારો ઈંગ્લેન્ડનો,



કૂક પછીનો બીજો બેટ્ટર બન્યો હતો. ઈંગ્લેન્ડ છેલ્લે ઓગસ્ટ, ૨૦૨૧માં ભારત સામેની લીડ્ઝ ટેસ્ટ જીત્યું હતુ. જોકે ત્યાર બાદ રમાયેલી ઈંગ્લેન્ડની નવ ટેસ્ટમાંથી છમાં તેઓ હાર્યા હતા અને ત્રણ ડ્રો રહી હતી.

રૂટે આ સાથે ઘરઆંગણે સૌથી વધુ ૧૫ સદીનો રેકોર્ડ પણ નોંધાવ્યો હતો. રૂટ ૧૯૯૦ના દશકમાં જન્મેલો એવો પહેલો બેટ્ટર બન્યો હતો કે, જેણે ૧૦,૦૦૦થી વધુ ટેસ્ટ રન નોંધાવ્યા હતા. તેણે સૌથી વધુ સદી ફટકારવામાં પણ ઈંગ્લેન્ડના રેકોર્ડમાં બીજું સ્થાન મેળવી લીધું હતુ.



## મેસીની અનોખી સિદ્ધિ

## આર્જેન્ટીના તરફથી એક જ મેચમાં પાંચ ગોલ ફટકાર્યા

ગુજરાત | વંદન

મેજિકલ ફૂટબોલર લાયોનેલ મેસીએ આર્જેન્ટીના તરફથી આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં સૌપ્રથમ વખત પાંચ ગોલ ફટકારવાની સિદ્ધિ હાંસલ કરી હતી. આ સાથે આર્જેન્ટીનાએ ૫-૦થી ઈસ્ટોનિયાની સામે જીત હાંસલ કરી હતી. મેસીએ સૌથી વધુ ગોલ ફટકારવામાં પેલેનો રેકોર્ડ તોડયો હતો. મેસીના ૭૬૯ ગોલ થઈ ગયા છે. જ્યારે પેલેના ૭૬૨ ગોલ છે.

મેસીના આંતરરાષ્ટ્રીય ગોલની સંખ્યા આ સાથે ૮૬ પર પહોંચી ગઈ છે અને તે મેન્સ ફૂટબોલમાં સૌથી વધુ ગોલ ફટકારવામાં ચોથા ક્રમે આવી પહોંચ્યો છે. તે પાંચ ગોલના રેકોર્ડ દરમિયાન જ હંગેરીના દિગ્ગજ ખેલાડી ફેરેન્સ પુસ્કાસને પાછળ રાખી દીધા હતા. પુસ્કાસે હંગેરી તરફથી ૮૪ ગોલ નોંધાવ્યા હતા.

નોંધપાત્ર છે કે, મેસીએ આ પહેલા ક્યારેય આર્જેન્ટીના તરફથી સિનિયર લેવલે એક મેચમાં પાંચ ગોલ નોંધાવ્યા નહતા. તેણે ૨૦૧૧-૧૨ની ચેમ્પિયન્સ લીગની રાઉન્ડ ઓફ ૧૬ મેચમાં બાર્સેલોના તરફથી રમતાં બાયેર લેવેરકુસેન સામે પાંચ ગોલ નોંધાવ્યા હતા. તે મેચમાં બાર્સેલોના ૭-૧થી જીત્યું હતુ. આર્જેન્ટીનાએ આ સાથે છેલ્લી ૩૩ મેચમાં અજેય રહેવાનો રેકોર્ડ જાળવી રાખ્યો હતો.

## ICC મેચમાં માત્ર 8 રનમાં આ દેશની આખી ટીમ ઓલઆઉટ થઇ ગઇ

ગુજરાત | વંદન

ICC ક્વોલિફાયર મેચમાં એક ટીમ માત્ર 8 રન બનાવીને આઉટ થઈ ગઈ હતી અને બીજી ટીમે માત્ર 7 બોલમાં લક્ષ્ય હાંસલ કરી લીધું હતું.

યુએઈ અને નેપાળની અંડર-19 યુવા મહિલા ટીમનો આ મુકાબલો હતો. મલેશિયામાં આ દિવસોમાં યુવા મહિલા અંડર-19 T20 વર્લ્ડ કપ ક્વોલિફાયર મેચો રમાઈ રહી છે. પ્રથમ વખત યોજાઈ રહેલા અંડર-19 વિમેન્સ ટી-20 વર્લ્ડ કપ ક્વોલિફાયર્સમાં નેપાળ, યુએઈ, થાઈલેન્ડ, ભૂતાન અને કતારની આ 5 ટીમો ભાગ લઈ રહી છે.

દેશની 5 ટીમોએ આ ક્વોલિફાઈંગ સ્પર્ધામાં વિજેતા ટીમ આવતા વર્ષે દક્ષિણ આફ્રિકામાં પ્રથમ ICC અંડર-19 T20 મહિલા વર્લ્ડ કપમાં ભાગ લેશે. શનિવારે રમાયેલી મેચમાં નેપાળની યુવતીઓ જોરદાર જુસ્સા સાથે આવી હતી.

કારણ એ હતુ કે, આ પહેલા તેમણે શુક્રવારની સ્પર્ધામાં પ્રથમ મેચમાં કતારની ટીમે માત્ર 38 રનમાં જ આઉટ કરી દીધી હતી. આ પહેલા તેમણે 3 વિકેટમાં 113 રન બનાવ્યા હતા. સાથે જ નેપાળની ટીમે મેચમાં 79 રન બનાવીને સારા પ્રદર્શન સાથે પોતાની શરૂઆત કરી હતી. પરંતુ કતાર જીત્યા બાદ યુએઈનો મુકાબલો કરવા મેદાને ઉતરેલી નેપાલની ટીમને જરા પણ ખ્યાલ રહ્યો નહોતો કે આ મેચ કેટલી ભારે પડી શકે છે.



### 1 કલાકમાં પૂરી થઇ ગઇ મેચ

બંનેમાંથી કોઈ પણ ટીમ દસ આંકડામાં રન બનાવી શકી નહોતી. યુએઈના તીર્થ સતીશે સૌથી વધુ અણનમ 4 રન ફટકાર્યા હતા. નેપાળની છ બેટર ખાતું ખોલવામાં નિષ્ફળ રહી હતા જ્યારે સ્નેહા માહરાએ 10 બોલમાં સૌથી વધુ 3 રનનું યોગદાન આપ્યું હતું. મનિષા રાણાએ 2 જ્યારે ત્રણ બેટરોએ એક-એક રન કર્યા હતા.

જોકે ટોસના મામલામાં નેપાળ ટીમ ભાગ્યશાળી રહી. તેણે ટોસ જીત્યું અને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. યુએઈ તરફથી બોલિંગની શરૂઆત કરનારી માહિકા ગૌરે 4 ઓવરમાં બે મેડન સાથે બે રન આપીને 5 વિકેટ ઝડપી હતી. નવા બોલ સાથે તેની જોડીદાર ઈન્દુજા નંદકુમારે 4 ઓવરમાં 6 રન આપીને 3 વિકેટ ઝડપી હતી. નેપાળની ઈનિંગ 8.1 ઓવરમાં પૂરી થઈ ગઈ હતી. ત્યારબાદ આ જ યુએઈએ 7 બોલમાં ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો.

**આયોજન** ટી-20 શ્રેણીનો પ્રારંભ 29મી જુલાઈએ પોર્ટ ઓફ સ્પેનના બ્રાયન લારા સ્ટેડિયમમાં આયોજીત થશે



## ટીમ ઈન્ડિયા જુલાઈ-ઓગસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસમાં ત્રણ વન ડે અને પાંચ ટી-20 રમશે

ગુજરાત | વંદન

ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ પ્રવાસ પુરો કરીને જુલાઈ-ઓગસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝના પ્રવાસે જશે. ભારત વિન્ડિઝ પ્રવાસમાં ત્રણ વન ડે અને પાંચ ટી-૨૦ એમ કુલ મળીને સાત વ્હાઈટબોલ ક્રિકેટ મેચ રમશે. ભારત અને વેસ્ટ ઈન્ડિઝની શ્રેણીની આખરી બે વન ડે અમેરિકાના ફ્લોરિડા સ્થિત બ્રોવાર્ડ કાઉન્ટી ગ્રાઉન્ડ ખાતે આયોજીત થશે. નોંધપાત્ર છે કે, અગાઉ પણ ભારત અને વિન્ડિઝ અમેરિકામાં ટી-૨૦ મુકાબલો રમી ચૂક્યા છે.

ભારતીય ટીમ ૨૨મી જુલાઈએ વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસમાં શ્રેણીની પ્રથમ વન ડે રમશે. ત્યાર બાદ ૨૪ અને ૨૭મી જુલાઈએ બાકીની બે વન ડે રમાશે. ત્રણેય વન ડે મેચ પોર્ટ ઓફ સ્પેનના ક્વિન્સ પાર્ક ઓવલ મેદાનમાં રમાશે. જ્યારે ટી-20 શ્રેણીનો પ્રારંભ 29મી જુલાઈએ પોર્ટ ઓફ સ્પેનના બ્રાયન લારા સ્ટેડિયમમાં આયોજીત થશે. ત્યાર બાદ ૧ અને ૨ ઓગસ્ટે સેંટ. કિટ્સ અને નેવિસના વોર્નર પાર્કમાં બીજી અને ત્રીજી ટી-૨૦ રમાશે. જ્યારે ૬ અને ૭ ઓગસ્ટે આખરી બે ટી-૨૦ અમેરિકાના ફ્લોરિડા સ્થિત બ્રોવાર્ડ કાઉન્ટી ગ્રાઉન્ડ ખાતે યોજાશે.

વિન્ડિઝના કેપ્ટન નિકોલસ પૂરણે કહ્યું કે, અમારી ટીમ યુવા છે અને અમે વિન્ડિઝની આગવી ઓળખ સમું આક્રમક ક્રિકેટ રમવા માટે ઉત્સુક છીએ. વેસ્ટ ઈન્ડિઝની ટીમનું નેતૃત્વ સંભાળતા અમે ટીમને વધુ સ્પર્ધાત્મક બનાવવા ઈચ્છીએ છીએ. ભારત સામેની શ્રેણીને અમે આગામી ટી-૨૦ વર્લ્ડ કપ અને વન ડે વર્લ્ડ કપની તૈયારીના ભાગ તરીકે જોઈ રહ્યા છીએ.

દેશ-વિદેશ
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ફરી કોરોનાનો વધતો કહેર: મહારાષ્ટ્રમાં માસ્ક ફરજિયાત

ગુજરાત | વંદન

દેશની આર્થિક રાજધાની મુંબઈ સહિત રાજ્યમાં કોરોના કેસમાં થઈ રહેલા સતત વધારાને કારણે ઉદ્ધવ સરકાર એક્શનમાં આવી છે. મહારાષ્ટ્ર સરકારે ફરી રાજ્યમાં કોરોના સામે લડવા માટે માસ્ક ફરજિયાત કર્યું છે.

મહારાષ્ટ્ર સરકારે કોવિડના કેસોમાં થયેલા વધારાને કારણે ખુલ્લી જગ્યાઓ સિવાય જાહેરમાં ફરજિયાત માસ્કનો આદેશ આપ્યો છે. મહારાષ્ટ્રના આરોગ્ય વિભાગે 3 જૂનના રોજ જિલ્લા અને નગરપંચાયત અને મહાનગરપાલિકાને કોરોનાવાયરસનું ટેસ્ટિંગ વધારવા પણ સૂચન કરાયું છે. લોકોએ ટ્રેન, બસ, સિનેમાઘરો, ઓડિટોરિયમ, ઓફિસો, હોસ્પિટલો, કોલેજો અને શાળાઓ જેવી બંધ જાહેર જગ્યાઓ પર માસ્ક ફરજિયાત પહેરવું જોઈએ.

સતત ત્રીજા દિવસે રાજ્યમાં કોરોનાનો કહેર વધતો થઈ રહ્યો છે. જુન મહિનાના ત્રણેય દિવસમાં કોરોનાના 1000થી વધુ કેસ નોંધાતા મહાવિકાસ અઘાડી સરકારે કોરોનાને કાબૂમાં લેવા માટે ચર્ચા કરવા ટાસ્ક ફોર્સની બેઠક બોલાવી હતી. આ



બેઠકના સલાહ-સૂચનોના આધારે તાત્કાલિક ધોરણે માસ્ક ફરજિયાત કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.ટાસ્ક ફોર્સે એ બાબતે પણ નારાજગી વ્યકત કરી હતી કે એક તરફ રાજ્યમાં કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે અને બીજી તરફ છેલ્લા એકાદ મહિનાથી ટેસ્ટિંગની સંખ્યામાં પણ ઉત્તરોતર ઘટાડો કરવામાં આવી રહ્યો છે.

આ અંગે કલેક્ટર્સ, મ્યુનિસિપલ કોર્પોરેશનો અને મુખ્ય કાર્યકારી અધિકારીઓને લખેલા પત્રમાં અધિક મુખ્ય સચિવ (આરોગ્ય વિભાગ) પ્રદીપ વ્યાસે જણાવ્યું હતું કે તમામ જિલ્લાઓએ કુલ કોરોના ટેસ્ટિંગમાં RT-PCR પરીક્ષણ 60%થી વધુ હોવું જોઈએ જેથી ઝડપી કોરોના વાયરસનું સંક્રમણ પકડી શકાય અને તેને ફેલાતો અટકાવી શકાય.

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં જ શુક્રવારે કોરોનાના 763 નવા કેસ નોંધાયા છે. આ સાથે સંક્રમિતોની સંખ્યા વધીને 1,068,008 થઈ ગઈ છે. શહેરમાં કોરોનાને કારણે અત્યાર સુધીમાં 16,567 લોકોના મોત થયા છે.

સતત વધી રહેલા કેસોને ધ્યાનમાં રાખીને BMC કમિશનર ઈકબાલ ચહલે સ્પષ્ટ સૂચનાઓ આપતા અધિકારીઓને કહ્યું કે," દૈનિક કોરોના ટેસ્ટિંગની સંખ્યા વર્તમાન 8000 કોવિડ ટેસ્ટથી વધારીને 30,000થી વધુ કરવી જોઈએ." હાલમાં શહેરમાં કોરોના સંક્રમણનો દર 8% પર પહોંચી ગયો છે.

# મુંબઈ એરપોર્ટ પર વિદેશી મહિલાના શરીરમાંથી ૩ કરોડનું હેરોઇન-કોકેન પકડાયું



■ કેફીદ્રવ્ય ભરેલી 64 કેપ્સ્યુલ સરકારી હોસ્પિટલના ડોક્ટરોએ મહિલા દાણચોરના શરીરમાંથી કાઢી

ગુજરાત | વંદન

મુંબઈના આંતરરાષ્ટ્રીય વિમાન મથક પર યુગાન્ડાથી આવેલી એક મહિલાને આંતરી નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરોએ ત્રણ કરોડની કિંમતનું હેરોઈન અને કોકેન પકડી પાડયું હતું. કેફીદ્રવ્ય ભરેલી ૬૪ કેપ્સુઅલ શરીરમાં છૂપાવી દાણચોરીથી લાવવાનો પ્રયાસ સતર્ક અધિકારીઓએ નિષ્ફળ બનાવ્યો હતો.

એનસીપીના અધિકારીએ જણાવ્યું હતું કે એક મહિલા યુગાન્ડાથી કેફી દ્રવ્ય લઈન આવવાની છે એવી ચોક્કસ બાતમી મળ્યા પછી જાપ્તો રાખવામાં આવ્યો હતો. ૨૮મી મેના રોજ યુગાન્ડાથી આવેલી મહિલાની પૂછપરછ કરવામાં આવતા અને સામાન તપાસવામાં આવતા કોઈ ડ્રગ્સ મળ્યું નહોતું. આથી એવી શંકા ગઈ હતી કે તેણે પોતાના શરીરમાં કેફીદ્રવ્ય છૂપાવ્યું હશે. આથી તેને તરત જ સરકારી જેજે હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. હોસ્પિટલમાં ડોક્ટરોએ એક્સ-રે કાઢ્યો હતો. ત્યાર બાદ મહિલાના પેટમાંથી હેરોઈન ભરેલી ૪૯ કેપ્સ્યુઅલ અને કોકેન ભરેલી ૧૫ કેપ્સ્યુઅલ બાર કાઢવામાં આવી હતી. આમ ઈન્ટરનેશનલ માર્કેટમાં ત્રણ કરોડની કિંમતનું કેફીદ્રવ્ય પકડી પાડવામાં આવ્યું હતું.

૨૮મી મે અને ૩જી જૂન દરમિયાન મહિલાના પેટમાંથી આ કેપસ્યુઅલ કાઢવાની કામગીરી પૂરી થતા તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે અને હવે નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરો તરફથી તેની વધુ પૂછપરછ કરવામાં આવશે.

## બિહારના ગોપાલગંજની વૈકુંઠપુર બેઠકના પૂર્વ ધારાસભ્યના દિર્ઘાયુ માટે સમગ્ર મતવિસ્તારે પ્રાર્થના-દુવા અને મન્નતો માની

# જ્યારે સાચા દિલથી કરેલી જનસેવા ફળે છે, અને જનસેવક મોતના મુખમાંથી હેમખેમ બહાર આવે છે

ગુજરાત | વંદન

આજના સમયમાં રાજકારણ એવુ થઇ ગયું છે કે કોઈ એકવાર ચૂંટણીમાં જીત્યા બાદ પાંચ વર્ષે મતદારો સમક્ષ ડોકાય છે. અને ક્યારેક તો મતવિસ્તારમાં પોસ્ટર લાગહે કે અમારા ધારાસભ્ય ખોવાયા છે..! જો કે કેટલાક એવા પણ જનપ્રતિનિધિ પણ હોય છે કે જેઓ પેતાના મતવિસ્તારની નાના બાળકની જેમ કાજી લેતા હોય છે અને એક એક સપરિવારને નામથી ઓળખતા હોય. આવા જ એક જનપ્રતિનિધિ છે મંજીતસિંગ. બિહારના ગોપાલગંજના વૈકુંઠપુર વિધાનસભા બેઠકનું બે વખત પ્રતિનિધિત્વ કર્યું અને તેમના પિતાએ 25 વર્ષ જનસેવા કરી તેના સદગુણરૂપે મનજીતસિંગે પણ જન સેવા એવી કરી કે જ્યારે તેઓ બિમારીમાં સપડાયા અને ગંભીર હાલત એવી થઇ કે કંઇપણ થઇ શકે ત્યારે તેમના મતવિસ્તારના લોકોએ તેમના માટે પ્રાથ્ના-દુવા બાધા આખડી મન્નત અને જે કૉંઇ ભગવાનને કહી શકે એવી દુવાઓ કરી કે તે જોઇને અન્ય રાજકીય નેતાઓ પણ નવાઇ પામી ગયા અને કેટલાકે તેમાંથી બોધપાઠ પણ મેળવ્યો હશે કે આને કહેવાય પ્રજાની સાચી સેવા..!

મંજીતસિંગ હાલમાં બિહારમાં સત્તાપક્ષ જેડીયુ(જનતાદળ યુનાઇટેડ)ના





પ્રદેશ ઉપાધ્યક્ષપદે છે. એમ કહી શકાય કે તેઓ બિહારના સીએમ નિતિશકુમારની નજીકના છે. તેઓ વૈકુંઠપુર બેઠક પરથી બે વખત જીત્યા હતા અને છેલ્લે 2020ની ચૂંટણીમાં અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી છતાં તેમને 45 હજાર મતો મળ્યા હતા જે દર્શાવે છે કે તેમણે મતવિસ્તારની કેટલી સારી સેવા કરી હશે. અપક્ષ ઉમેદવારી એટલા માટે નોંધાવવી પડી કેમ કે તેમની બેઠક જેડીયુ-ભાજપના ગઢબંધનમાં ભાજપને મળતા અપક્ષ તરીકે ઉભા રહ્યાં હતા. જો કે આ બેઠક પરથી લાલુપ્રસાદની પાર્ટી આરજેડીના ઉમેદવાર જીત્યા હતા.

2000થી 20025 અને 2015થી 2020 સુધી તેમણે વૈકુંઠપુર મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. થોડાક સમય પહેલા મંજીતકુમારસિંગની તબિયત લથડતા તેમને દિલ્હી લઇ જવામાં આવ્યાં અને ત્યાંથી મુંબઇ ખાતેની બોમ્બે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતા. તેઓ મગજની બિમારીથી પિડાતા હતા અને બચવાની કોઇ આશા નહોતી. તેમના ભાઇ કે જેઓ જોડકા છે તે સંજીતકુમાર સિંગનો સંપર્ક કરતાં તેમણે ગુજરાત વંદન સાથેની વાતચીતમાં જણાવ્યું કે, તેમના ભાઇની બિમારી અને તબિયતને જોતાં કંઈપણ થઇ શકે એવી ક્રિટીકલ સ્થિતિ હતી. દરમ્યાન મતવિસ્તારમાં જાણ થઇ કે તેમના પૂર્વ ધારાસભ્ય મંજીતકુમારસિંગ ક્રિટીકલ છે અને કંઇપણ થઇ શકે તેમ છે. તરત જ મતવિસ્તારમાં તેમના દિર્ઘાયુ માટે અને તેઓ સત્વરે સાજા થઇ જાય તે માટે આખા મતવિસ્તારમાં લોકોએ પોતાના ઈષ્ટદેવને પ્રાર્થના-દુવા અને જે કૉંઇ બની શકે એવી બાધા આખડી મન્નત માનીને તેમના પૂર્વ જનપ્રતિનિધિ સત્વરે સાજા થઈને હેમખેમ બહાર આવે તેવા પ્રાયસો શરૂ કર્યાં. મુંબઈમાં તેમને સંદેશાઓ મળતા હતા મંજીતકુમારસિંગ માટે લોકોએ મંદિર-મસ્જીદ, દેવળ વગેરેમાં તેમના માટે દુવાઓ કરી રહ્યાં છે.

તેમણે એક સવાલના જવાબમાં કહ્યું કે, તેમના પિતાએ પણ 25 વર્ષ રાજકારણમાં સેવા કરી છે અને હવે તેમના ભાઇ મંજીતે મતવિસ્તારની 20 વર્ષ સેવા કરી છે. એમ કહી શકાય કે તેમના પરિવારે 40-50 વર્ષ રાજકારણમાં રહીને લોકોની જે સેવાઓ કરી અને ખાસ કરીને મંજીતકુમારેસિંગે તેમના મતવિસ્તારમાં એવી કોઇ સુવિધા બાકી રાખી નથી કે જેનાથી લોકોને વંચિત રહેવુ પડે. રોડરસ્તા, ગટર, પાણી, મોડેલ પોલીસ મથક, મોડેલ સરકારી કચેરી , મોડેલ શાળાઓ, મોડેલ હોસ્પિટલ સહિત સંખ્યાબંધ સુખ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી કે જે જોઇને લોકો ગદગદ થઇ ગયા અને એમ કહેતા હતા કે જનપ્રતિનિધિ હો તો મંજીતકુમાર જૈસા. તેમણે કરેલી જનસેવાઓને કારણે આજે મંજીતકુમાર ગંભીર બિમારી અને બચવાની કોઇ આશા નહોતી એમાંથી બહાર આવ્યાં છે. પાંચ કલાક ઓપરેશન ચાલ્યું અને સફળ થયું છે. એકાદ સપ્તાહમાં તેમને રજા આપશે અને બિહારમાં પણ કેટલોક સમય ડોકટરોની દેખરેખમાં રહેવુ પડશે.

સંજીતકુમારસિંગે તમામ મતદારો અને જેમણે તેમના ભાઇ માટે પ્રાર્થના દુવા કરી તે તમામનો આભાર માન્યો છે.

# વારાણસી સીરિયલ બ્લાસ્ટ કેસમાં મોટો ચુકાદો, આતંકી વલીઉલ્લાહને ફાંસીની સજા

ગુજરાત | વંદન

ઉત્તરપ્રદેશના વારાણસીમાં 16 વર્ષ પહેલા થયેલા સીરિયલ બ્લાસ્ટના મામલામાં ગાઝિયાબાદ કોર્ટે આરોપી વલીઉલ્લાહ માટે સજાની જાહેરાત કરી દીધી છે. કોર્ટે તેને ફાંસીની સજા ફટકારી છે. મહત્વનું છે કે 16 વર્ષ પહેલાં વારાણસીના સંકટમોચન અને કેન્ટ સ્ટેશન પર બ્લાસ્ટ થયા હતા. સંકટ મોચન મંદિર અને છાવણી રેલવે સ્ટેશન પર સાત માર્ચ 2006ના થયેલા બ્લાસ્ટમાં 20 જેટલા લોકોના મોત થયા તો 100થી વધુને ઈજા થઈ હતી.

જિલ્લા તંત્રના વકીલ રાજેશ શર્માએ કહ્યુ કે, જિલ્લા સત્ર ન્યાયાધીશ જિતેન્દ્ર કુમાર સિન્હાએ વલીઉલ્લાને આઈપીસીની વિવિધ કલમો હેઠળ નોંધાયેલા બે કેસમાં દોષી ઠેરવ્યા. ચુકાદો સંભળાવવા દરમિયાન સુરક્ષાને ધ્યાનમાં રાખતા જિલ્લા જજની અદાલતમાં મીડિયાને પણ પ્રવેશ આપવામાં આવ્યો નહીં. કોર્ટમાં જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી.

# EPFમાં સૌથી નીચા વ્યાજદર, શ્રમિકોને નુકસાન

■ 40 વર્ષમાં પહેલીવાર સૌથી ઓછા વ્યાજદર

ગુજરાત | વંદન

મોંઘવારીના માર વચ્ચે નોકરિયાત લોકોને કેન્દ્ર સરકારે વધુ એક મોટો ઝટકો આપ્યો છે. કેન્દ્ર સરકારે શુક્રવારે નાણાકીય વર્ષ 2021-22 માટે EPFનો વ્યાજદર 8.1 ટકા સુધી ઘટાડવા માટે મંજૂરી આપી દીધી છે. આ ઘટાડા સાથે EPFનો વ્યાજદર 40 વર્ષોના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે. વર્ષ 1977-78 દરમિયાન EPFનો વ્યાજદર 8 ટકા હતો. આ વર્ષે માર્ચ મહિનામાં Employee Provident Fund Organisation (EPFO)એ 6.4 કરોડ સબસ્ક્રાઈબર્સ માટે EPFના વ્યાજદર 8.5 ટકાથી ઘટાડી 8.1 ટકા કરવા માટેનો નિર્ણય કર્યો હતો. આ નિર્ણયને નાણા મંત્રાલયે લીલીઝંડી આપી દીધી છે. તમને જણાવી દઈએ કે, આ નિર્ણયને કારણે આ નાણાકીય વર્ષ માટે નાણા મંત્રાલયની કમાણીમાં 450 કરોડ રૂપિયા રૂપિયાનો વધારો થશે. માર્ચમાં ગુવાહાટીમાં થયેલી EPFOની બેઠક બાદ લેબર મંત્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે, ગત નાણાકીય વર્ષે 8.5 ટકાની કમાણીની સરખામણી આ નાણાકીય વર્ષ સાથે કરવામાં આવે તો, EPFOને આ વર્ષે 76,768 કરોડ રૂપિયાની કમાણી થાય તેવી સંભાવના છે, જે 7.9 ટકાનું વળતર સૂચવે છે. સરકારે જણાવ્યું કે, તેજીવાળા સ્ટોક માર્કેટને કારણે ઊંચું વ્યાજદર આપવામાં આવતું હતું.

# ભારતીય ચલણી નોટો પર હવે ગાંધીજીનો એકાધીકાર ખત્મ થશે!

■ ગાંધી ઉપરાંત અબ્દુલ કલામ, રવિન્દ્રનાથ ની છબિ પણ જોવા મળશે

ગુજરાત | વંદન

ભારતીય રિઝર્વ બેંક પહેલીવાર બેંક નોટ પર ફોટો પરિવર્તન કરવા પર વિચાર કરી રહી છે. ભારતીય કરન્સી પર મહાત્મા ગાંધીની સાથે રવિન્દ્રનાથ ટાગોર અને ડો. એપીજે અબ્દુલ કમાલનો ફોટો પર વિચાર કરી રહી છે. અત્યાર સુધી નોટો પર ફક્ત મહાત્મા ગાંધીનો ફોટો જોવા મળે છે પરંતુ હવે નોટો પર મહાત્મા ગાંધીની સાથે રવીન્દ્રનાથ ટાગોર અને એપીજે અબ્દુલ કલામ પણ જોવા મળી શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે આરબીઆઇ કેટલીક નોટોની શ્રૃંખલા પર ટાગોર અને કલામના ફોટાનો ઉપયોગ કરવા પર વિચાર કરી રહી છે.

ઈન્ડીયન એક્સપ્રેસમાં છપાયેલા સમાચાર અનુસાર નાણા મંત્રાલય અને આરબીઆઇ જલદી જ આ અંગે પગલાં ભરી શકે છે. આ પહેલીવાર છે જ્યારે આરબીઆઇ બેંક નોટો પર મહાત્મા ગાંધી ઉપરાંત અન્ય પ્રસિદ્ધ હસ્તીઓની તસવીરોનો ઉપયોગ કરવા પર વિચાર કરી રહી છે.



રિપોર્ટ અનુસાર નાણા મંત્રાલય અને આરબીઆઇ હેઠળ આવનાર સિક્યોરિટી પ્રિંટિંગ એન્ડ મિતિંગ ઓફ ઈન્ડીયા તરફથી ગાંધી, ટાગોર અને કલામન વોટરમાર્કવાળી તસવીરોના નમૂના બે અલગ-અલગ સેટ આઈઆઈટી દિલ્હી અમેરિટસ પ્રોફેસર દિલીપ ટી શાહનીને મોકલવામાં આવ્યા છે. પ્રોફેસર શાહનીને બે સેટોમાંથી એક સેટ સિલેક્ટ કરી સરકાર સમક્ષ રજૂ કરવા માટે કહેવામાં આવ્યું છે. કહેવામાં આવી રહ્યું છે કે તેનો અંતિમ નિર્ણય ઉચ્ચત્તમ સ્તરની થનારી બેઠકમાં ભાગ લેવામાં આવશે.

જો તમે વિચારી રહ્યા છો કે આમ કેમ થઇ રહ્યું છે તો તમને જણાવી દઇએ કે નોટો પર ઘણા અંકોના વોટરમાર્કને સામેલ કરવાની સંભાવનાઓની તપાસ કરવા માટે પગલાં ભરવામાં આવી રહ્યા છે. અહીં તમને જણાવી દઇએ કે અમેરિકામાં અલગ-અલગ મૂલ્યવર્ગના ડોલર્સમાં જોર્જ વોશિંગ્ટન, બેંજામિન ફ્રેંકલિન થોમસ, જેફરસન, એંડ્રયૂ જેક્સન, એલેક્ઝેંડર હેમિલ્ટન અને અબ્રાહમ લિંકન સહિત 19મી સદીના કેટલાક રાષ્ટ્રપતિઓની તસવીરો છે.

# પયગંબર મહંમદ વિશે વિવાદિત નિવેદન આપવા મુદ્દે BJP નેતા નૂપુર શર્માને પાર્ટીએ સસ્પેન્ડ કર્યા

ગુજરાત | વંદન

પયગંબર મહંમદ વિશે એક ટીવી ડિબેટ દરમિયાન વિવાદિત નિવેદન આપવા મુદ્દે ભારતીય જનતા પાર્ટીએ પ્રવક્તા નૂપુર શર્માનુ પ્રાથમિક સભ્ય પદ સસ્પેન્ડ કરી દીધુ છે. તેમના વિરુદ્ધ પાર્ટીએ તપાસના આદેશ આપ્યા છે. દિલ્હી ભાજપના મીડિયા પ્રભારી નવીન કુમાર જિંદલ પર પણ એક્શન લેવાયુ છે. પાર્ટીએ તેમને બહારનો રસ્તો બતાવી દીધો છે. નવીન કુમાર જિંદલે આ મુદ્દે કેટલીક વિવાદિત ટ્વીટ કરી હતી.

આ દરમિયાન હવે ભાજપ પ્રદેશ અધ્યક્ષ આદેશ ગુપ્તાએ પત્ર જારી કરતા જણાવ્યુ કે નવીન કુમાર જિંદલે સોશ્યલ




મીડિયા પર સાંપ્રદાયિક સદ્ભાવના ભડકાવવાનો વિચાર પ્રગટ કર્યો છે. આ ભાજપના મૂળ વિચારના વિરોધમાં છે.

પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહ તરફથી જારી એક નિવેદનમાં પાર્ટીએ કહ્યુ કે ભારતીય જનતા પાર્ટીને એવો કોઈ વિચાર સ્વીકૃત નથી જે કોઈ પણ ધર્મ-સંપ્રદાયની ભાવનાઓને ઠેસ પહોંચાડે. ભાજપ આવા કોઈ વિચારને માનતુ નથી અને પ્રોત્સાહન પણ આપતુ નથી.

## ચૂંટણી આવવા દો સૌના પારખાં થઈ જશે..

# એક હાર્દિકે મેચ જીતાડી, બીજો ચૂંટણી જીતાડશે..?!

ગુજરાત | વંદન

20 જુલાઇ 2022ના રોજ 28 પૂરા કરી 29માં વર્ષમાં પ્રવેશ કરનાર પાટીદાર યુવા નેતા હાર્દિક પટેલને કોંગ્રેસની સાથે લગભગ બધા જ મિડિયાએ ધોઇ નાંખ્યો..કમલમમાં કેસરી ખેસ અને કેસરી ટોપી પહેરીને પત્રકાર પરિષદમાં હા.ભ. પટેલને કહે છે કે સવાલોના જવાબો આપતાં આપતાં પસરેવો છૂટી ગયો..એક તબક્કે તો તેમની બાજુમાં બેઠેલ એક કાર્યકર તેમને કોણીએ આંગળી અડાડીને વધુ ના બોલીશ.. રહેવા દે..નો ઈશારો કરતા વિડિયોમાં જણાય છે. અને જ્યારે 1200 કરોડનો સવાલ આવ્યો ત્યારે, 25 ઓગસ્ટ 2015ના રોજ જીએમડીસી મેદાનમાં સીએમ (આનંદીબેન)ને અહીં આવવુ પડશે..એવી સિંહ ગર્જના કરનાર હાર્દિક ભીગી હિલ્લી બન ગયે..સિયા વિયા થઇ ગયા..ગેં ગેં ફેં ફેં..થઇ ગયાઅને તેનો કોઇ જવાબ ના આપ્યો. કુલ મિલા કે હાર્દિકભાઇ ટોટલી ફેઇલ ગયા!કોઇએ કહ્યું કે ન ઘર કે રહેંગે ન ઘાટ કે.. જૈસે વો હોતા હૈ ન ધોબી કા ડોટડોટડોટડોટ.! 11 ઓક્ટોબર 2022ના રોજ હાર્દિકની જેમ 28 પૂરા કરી 29મા વર્ષમાં પ્રવેશ કરનાર અને આઇપીએલ 2022માં ગુજરાત ટાઇટન્સને વટભેર જિતાડનાર હાર્દિક પંડ્યાની ક્રિકેટક્ષેત્રે વાહવાહી થઇ રહી છે. એક હાર્દિકે તો ગુજરાતને ક્રિકેટના મેદાનમાં વિજય અપાવ્યો પણ બીજો હાર્દિક ગુજરાત ભાજપને ચૂંટણીના મેદાનમાં જીતાડી શકશે?! વિજય અપાવશે..?! કેમ કે ગુજરાત ભાજપમાં તેમનો પ્રવેશ





રાજ્યમાં અંદાજે 1.50 કરોડ જેટલી પાટીદારોની વસ્તીમાંથી વધુમાં વધુ મતો ખેંચી લાવવાના કામ માટે થયો છે. રાજકિય બાબતો પર નજર રાખનારા કહે છે કે ગુજરાતમાં 182 બેઠકોમાંથી 70 બેઠકો પર પાટીદાર પાવરનો પ્રભાવ છે. 70 બેઠકો આમથી તેમ એટલે કે કમલમથી રાજીવગાંધી ભવન તરફ ઢળે તો ભાજપ સત્તાની ખુરશી પરથી ઢળી જાય અને જો 70 બેઠકો કમલમ તરફ ઢળે તો કોંગ્રેસે કાંઇ ગુમાવવાનું નથી કેમ કે કોંગ્રેસને હવે ગુજરાતમાં વિધાનસભાની અંદર વિરોધપક્ષોની પાટલીઓ એટલી બધી ગમી ગઇ છે કે તેઓ ક્યારેક ક્યારેક પાટલી પર માથુ મૂકીને હાથ ફેરવતાં ફેરવતા એમ પણ બબડતા હશે-મેં ઔર મેરી પાટલી અક્સર યે બાતેં કરતી હૈ તું નહીં હોતી તો ન જાને મેરા ક્યા હોતા?! હાર્દિક ચૂંટણીમાં ભાજપ માટે કેટલા પાટીદારોના વોટ ખેંચી લાવશે એ તો ભાજપ તેમનો ક્યાં કેવો ઉપયોગ કરે છે તેના ઉપર આધાર છે અને જો હાર્દિક ચૂંટણીમાં ઉભો રહ્યો તો કોંગ્રેસ તેને હરાવવા માટે બધુ જ કરી છૂટશે એમ માની લેવુ પડે. દરમ્યાન કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરે પોલીસ તંત્રને ધમકી આપી છે કે પોલીસ ખાતાના પાંચ ટકા લોકો ભાજપના ઈશારે કામ કરે છે અને જે દિવસે કોંગ્રેસની સત્તા આવશે ત્યારે એ પોલીસવાળાના કપડાં કાઢીને 500 મીટર દોડાવવામાં આવશે..?! આ અંગે ઠાકોરની સામે પોલીસમાં ફરિયાદ નહીં નોંધાય તો જ નવાઇ લાગશે..! જગદીશ ઠાકોરની જેમ રાજકિય રીતે અપરિપક્વ હાર્દિકે પણ પાટીદાર અનામત આંદોલન વખતે તોફાન કરનારા પાટીદારોને અસામાજિક તત્વો કહીને વધુ નારાજગી વ્હોરી લીધી છે. કેમ કે હાર્દિકે અનામત માટે સળગાવેલી હિંસાની આગમાં કેટલાય પાટીદાર યુવાનો અનામત માટે સરકારની સામે પડીને તોફાન મચાવતા હતા,, જાહેર માલ-મિલકતોને નુકશાન પહોંચાડતા હતા એ જગજાહેર છે અને એવા તોફાનોમાં જ જે 14 લોકો પોલીસ ગોળીબારમાં ખપી ગયા તે કોઇ અન્ય સમાજના નહીં પણ પાટીદારો જ હતા અને તેમને શહીદ ગણાવી તેમના અસ્થિકુંભ સાથે હાર્દિકે ગુજરાતમાં યાત્રા કાઢી હતી! ભાઇ હાર્દિક હવે તમે કમલમમાં બેસીને એમ કહો કે હું બસ સળાગવવા ગયો હતોહું હિંસા કરવા ગયો હતો એવા સવાલો કરીને હિંસા આચરનારા અસામાજિક તત્વો હતા એવા જવાબો આપો તો સામાન્ય પાટીદારો ચૂંટણીમાં, ભાજપને વોટ આપજોએવી તમારી વાત કઇ રીતે માનશે ભલા?! વાણી વર્તનમાં ટોટલી ફેઇલ હાર્દિકનો ભાજપ ચૂંટણીમાં ક્યાં, કેટલો અને કેવો ઉપયોગ કરશે એ તો ટીમ ભાજપ નક્કી કરશે. તેમને પ્રવેશ આપતા પહેલાં કોંગ્રેસની સામે તેમનો શું ઉપયોગ કરવો એની

...અનુસંધાન પાના નં.06

# ફિલ્મમાં વિદેશી દર્શકોને રામચરણ તથા જુનિયર NTR સમલૈંગિક લાગ્યા..!



એસ એસ રાજમૌલિની ફિલ્મ 'RRR' ભારતમાં જ નહીં, વિશ્વભરના દર્શકોને ગમી છે. 25 માર્ચે રિલીઝ થયેલી આ ફિલ્મમાં રામચરણ તથા જુનિયર NTRએ લીડ રોલ પ્લે કર્યો છે. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી. ફિલ્મની વાર્તા, વિઝ્યુઅલ ઈફેક્ટ્સના વખાણ કરવામાં આવ્યા હતા. રામચરણ તથા જુનિયર NTRની મિત્રતા ભારતીય દર્શકોના મનને સ્પર્શી ગઈ હતી. જોકે, પશ્ચિમના દેશોમાં આ ફિલ્મમાં આ બંને હીરોની મિત્રતાને અલગ જ રીતે જોવામાં આવી છે. વિદેશી લોકો સમજી રહ્યા છે કે 'RRR' એક ગે મૂવી છે. ફિલ્મમાં એક્ટર્સની ઓનસ્ક્રીન કેમિસ્ટ્રીને તેઓ રોમાન્સ સમજી રહ્યા છે. આ અંગે સો.મીડિયામાં પણ ખાસ્સી ચર્ચા થઈ છે.

ભારતની બ્લોકબસ્ટર હિટ ફિલ્મ આરઆરઆરને પશ્ચિમી દર્શકોએ ગે મૂવી ગણાવી દીધી છે. સંખ્યાબંધ સોશિયલ મીડિયા હેન્ડલ પર તેને બે પુરુષોની અતરંગ દોસ્તીની ફિલ્મ જણાવવામાં આવી છે. આ ફિલ્મમાં રામચરણ અને જુનિયર એનટીઆરની પ્રગાઢ દોસ્તી અને તેમનાં શૌર્યની ગાથા છે. ભારતની આઝાદીની લડાઈ અને પૌરાણિક સંદર્ભો પણ તેમાં સાંકળવામાં આવ્યા છે.

જોકે પશ્ચિમી દર્શકોએ તેમના પોતાના દૃષ્ટિકોણથી આ ફિલ્મ નિહાળી છે. એક દર્શકે જણાવ્યું હતું કે આ સાહસ અને બદલાની વાર્તા છે પણ શા માટે કોઈએ કહેતું નથી કે આ એક ઉષ્માસભર ગે સ્ટોરી પણ છે. એક ફેન એ તો પોતે સમલૈંગિક ગૌરવ મહિનામાં જ એક ભારતીય ગે ફિલ્મ જોઈ રહ્યાનું જણાવી એલજીબીટી સ્પિરીટને દર્શાવતા બહુરંગી ધ્વજને પણ સાથે મૂક્યા છે.

આ અર્થઘટન જોઈને ભારતીય દર્શકોને આંચકો લાગ્યો છે. કેટલાય દર્શકોએ જણાવ્યું છે કે વેસ્ટર્ન ઓડિયન્સ કોઈ માનસિક બિમારીથી પીડિત છે. બે મિત્રોની જુસ્સભરી દોસ્તીનું પણ આવું અર્થઘટન અજીબ છે.

# લોહીથી રંગાયેલો ચહેરો, આખા શરીરે બાંધેલી પટ્ટીઓ, ખતરનાક છે 'જવાન'માં શાહરુખનો લુક



શાહરૂખ ખાનની ફિલ્મ જવાનનું ટીઝર રિલીઝ થઈ ગયું છે. મૂવીમાં કિંગ ખાનને ફેન્સ પહેલી વખત નયનતારા સાથે જોશે. જવાનને લઈને પહેલા ફેન્સમાં ખૂબ જ બઝ બનેલું છે. મૂવીના ડાયરેક્ટર એટલી અને કિંગ ખાનનો કોમ્બો ધમાલ મચાવશે.

સાઉથ ફિલ્મમેકર એટલી સાથે પહેલા પણ શાહરૂખ ખાનની કોલેબોરેશનને લઈને મોટું અનાઉસમેન્ટ થયું છે. એટલીની મૂવી જવાનનું ટીઝર રિલીઝ થઈ ગયું છે. આ દિવસની ફેન્સ આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. શાહરૂખ ખાનની આ ફિલ્મનું નામ જવાન રાખવામાં આવ્યું છે. જવાનના ટીઝરમાં શાહરૂખ ખાનનો લુક જોઈને તમારો હોશ ઉડી જશે. જવાન બનેલા કિંગ ખાન ખતરનાક લુકમાં જોવા મળી રહ્યા છે. હંમેશાથી પોતાના લવર બોય ઈમેજમાં સિનેમાઘરોમાં તહેલકો મચાવી રહેલા શાહરૂખને આ પહેલા આવા લુકમાં જોવામાં નથી આવ્યો.

ટીઝરનું બેકગ્રાઉન્ડ ટીઝરની થીમની સાથે પરફેક્ટ મેચ થાય છે. ટીઝરમાં શાહરૂખ ઈજાગ્રસ્ત દેખાઈ રહ્યો છે. તેના આખા ચહેરા પર, માથા પર, હાથ પર પટ્ટીઓ લગાવવામાં આવી છે. આ ટીઝર જોયા બાદ તમને વિશ્વાસ નહીં થાય કે જવાન બનીને શાહરૂખ ખાન ધમાલ મચાવવાનો છે. જવાન એક્શન પેક મૂવી છે જે 2 જૂન 2023માં રિલીઝ થશે. ફિલ્મને હિન્દી સહિત તમિલ, તેલુગૂ, મલીયાલમ અને કન્નડમાં રિલીઝ કરવામાં આવશે.

ખબર અનુસાર જવાનમાં શાહરૂખ ખાન ડબલ રોલ પ્લે કરી રહ્યા છે. નયનકારા ઈન્વેસ્ટિગેટિવ ઓફિસરની ભુમિકામાં જોવા મળશે. ફિલ્મમાં સાન્યા મલ્હોત્રા પણ મુખ્ય રોલ નિભાવશે. કહેવામાં આવી રહ્યું છે કે ફિલ્મમાં અમુક સીન્સથી શાહરૂખ ખાન ખુશ નથી. તેમણે ડાયરેક્ટર એટલી સાથે સ્ક્રીનપ્લેમાં ફેરફાર કરવા માટે કહ્યું છે. એટલીએ પણ આરામથી આ ફેરફાર માટે કામ શરૂ કર્યું છે. સાંભળવામાં આવી રહ્યું છે કે એટલી ફિલ્મના સ્ક્રીનપ્લેને લઈને કિંગ ખાન પાસેથી મળેલી સલાહને લઈને ખૂબ જ ખુશ છે.

# Happy B'Day: સોનમ કપૂર ટૂંક સમયમાં જ પહેલા બાળકને જન્મ આપીને માતૃત્વની ખુશીઓ લેશે



બોલિવૂડમાં પોતાની ફેશનને લઈને ચર્ચામાં રહેનારી સોનમ કપૂર આજે તેનો 37મો જન્મદિવસ ઉજવી રહી છે. ફેશનને નવી વ્યાખ્યા આપનાર સોનમ અવારનવાર પોતાના લુકને લઈને એક્સપેરિમેન્ટ કરતી રહે છે. સોનમ બોલિવૂડના પ્રખ્યાત અભિનેતા અનિલ કપૂરની પુત્રી છે. આજે તેના જન્મદિવસ પર, ચાહકો, મિત્રો, સહ કલાકારો અને સંબંધીઓ તેને સોશિયલ મીડિયા પર સતત અભિનંદન આપી રહ્યા છે. અભિનેત્રી સોનમ કપૂર હાલ ગર્ભવતી છે અને ટૂંક સમયમાં જ તે પોતાના પહેલા બાળકને જન્મ આપીને માતૃત્વની ખુશીઓ લેશે.

અભિનેત્રીએ અગાઉ તેની ઈન્સ્ટા સ્ટોરી પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તે પતિ આનંદ આહુજા સાથે જોવા મળી રહી હતી. વીડિયોના કેપ્શનમાં સોનમ કપૂરે લખ્યું છે કે, પતિ આનંદ આહુજા સાથે પુનઃયુનિટેડ. એટલે કે અભિનેત્રી ઘણા દિવસો પછી તેના પતિને મળી રહી છે. તે જ સમયે, ઈન્સ્ટાસ્ટોરીના છેલ્લા સ્ટેટસમાં, અભિનેત્રીએ તેના કાળા ડ્રેસમાં એક તસવીર પણ શેર કરી હતી. તસવીર મિરર સેલ્ફી છે, જેમાં એક્ટ્રેસ એક હાથમાં મોબાઈલ અને બીજા હાથમાં બેબી બમ્પ ધરાવે છે. અભિનેત્રીએ આ મિરર સેલ્ફી પર કોઈ કેપ્શન છોડ્યું નથી. તમને જણાવી દઈએ કે, સોનમ કપૂર આ વર્ષે પોતાના પહેલા બાળકને જન્મ આપવા જઈ રહી છે.

# હિના ખાને જાળીદાર ડ્રેસમાં કરાવ્યું બોલ્ડ ફોટોશૂટ, કિલર લૂકથી કર્યા લોકોને ઘાયલ



કિલર લુક અને કિલર અદાઓની માહિર હિના ખાન પોતાની સ્ટાઈલને કારણે સતત ચર્ચામાં રહે છે. તાજેતરમાં હિના ખાને બ્લેક કલરનું જમ્પસૂટ સાથે કેટલીક તસવીરો પોસ્ટ કરી હતી, જે સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થઈ હતી. ફોટોશૂટમાં અભિનેત્રી જમ્પસૂટ પહેરીને એવો કિલર લુક આપી રહી છે, જેને જોઈને કોઈ પણ તેના દિવાના થઈ જશે.

# તારા સુતારિયાનો સ્ટાઈલીશ અંદાજ



અભિનેત્રી તારા યંગ સ્ટાઈલીશ આઈકોન છે, તારાની દરેક તસવીર ફેન્સના દિલની ધડકન વધારે છે. તારા પાસે ઘણી ફિલ્મોની લાઈનો લાગી છે. તારા સ્ટુડન્ટ ઓફ ધ યર 2થી બોલીવૂડમાં આવી હતી. તારાની છેલ્લી ફિલ્મ 'તડપ' હતી. પ્રોફેશનલ લાઈફ ઉપરાંત તારા પોતાની પર્સનલ લાઈફને લઈને પણ ખૂબ જ ચર્ચામાં છે.

# પપ્પાને પૂછીને આપ્યા બોલ્ડ સીન, અભિનેત્રીએ કર્યો આશ્રમ 3ના સીનને લઈને ખુલાસો



મોસ્ટ અવેટેડ 'આશ્રમ' વેબ સિરીઝનો ત્રીજો ભાગ રિલીઝ થઈ ગયો છે. સિરીઝ અંગે વિવાદ થયા બાદ આ વખતે નામ 'એક બદનામ આશ્રમ' કરવામાં આવ્યું છે. આશ્રમ ૩ સીરીઝમાં ઘણા ઈન્ટિમેટ સીન પણ જોવા મળ્યા. આ વિશેના એક ઈન્ટરવ્યુમાં કવિતાનો રોલ કરનાર અનુરિતા ઝાએ ઘણા ખુલાસાઓ કર્યા.વેબ સિરીઝ દ્વારા અનેક કલાકારોની ડૂબતી કારકિર્દીને સપોર્ટ મળ્યો છે. તેમાં અભિનેતા બોબી દેઓલ પણ સામેલ છે. આશ્રમ વેબ સિરિઝ દ્વારા તેમને સફળતાનો સ્વાદ ચાખવા મળ્યો છે. 'આશ્રમ-1' અને 'આશ્રમ-2' પછી 'આશ્રમ-3' આવે છે. આ સીરિઝ સાથે જોડાયેલા અન્ય કલાકારો પણ ચર્ચામાં છે. અનુરિતા ઝા પણ તેમાંથી એક છે. તેમણે 'આશ્રમ 3'માં ઈન્ટિમેટ સીન્સ આપ્યા છે. જો કે આમ કરતા પહેલા તેણે પોતાના પિતા સાથે વાત કરી હતી અને તેણે ખૂબ જ સરસ જવાબ આપ્યો હતો. આ વાત અનુરિતા પોતે જ કરે છે.

એક ઈન્ટરવ્યુમાં અનુરિતાએ કહ્યું કે, "મેં મારા પરિવારને પહેલા જ જણાવી દીધું હતું. તેથી જ હું ખૂબ જ ઉત્સાહિત છું. આ માર માટે પહેલીવાર છે જ્યારે મેં મારા માટે કોઈ ઈન્ટિમેટ દ્રશ્ય કર્યું છે. મેં મારી કારકિર્દીમાં હજી સુધી એવું કશું કર્યું નથી. મેં તે કર્યું તે પહેલાં, મેં મારા પપ્પાને ફોન કર્યો અને કહ્યું, "પપ્પા,આવું હશે, શું હું કરું?" આના પર તેમણે કહ્યું કે " હા બિન્દાસ થી કર. તેથી જ હું ઠીક હતી. ''

# કોર્ટની મંજૂરી છતાં રિયા ચક્રવર્તી નહીં જઈ શકે વિદેશ



દિવંગત એક્ટર સુશાંત સિંહ રાજપુતના મોતને લઈને કાયદાકીય ગૂંચવણમાં ફસાયેલી અભિનેત્રી રિયા ચક્રવર્તી ફરી એકવાર મુસ્કેલીમાં મુકાઈ ગઈ છે. ખરેખરમાં રિયા ચક્રવર્તીએ આંતરરાષ્ટ્રીય ભારતીય ફિલ્મ એકેડમી પુરસ્કાર (IIFA) 2022ના ભવ્ય સમારોહ અબુધાબીમાં શરૂ થઈ ચૂક્યો છે. 2 જૂનથી 4 જૂન વચ્ચે ચાલનારા IIFAના આ રંગારંગ કાર્યક્રમમાં સામેલ થવા માટે રિયા ચક્રવર્તીએ કોર્ટ પાસે વિદેશ જવાની મંજૂરી માંગી હતી, કોર્ટે આને ધ્યાનમાં રાખીને રિયા ચક્રવર્તી વિદેશ જવાની અનુમતી પણ આપી, જોકે હવે રિયા ચક્રવર્તીએ વિદેશ જવાનુ અચાનક માંડી વાળ્યુ છે, આ માટે લૂકઆઉટ નૉટીસ જવાબદાર છે.

રિપોર્ટ અનુસાર, રિયા ચક્રવર્તીને કોર્ટે શરતોને આધિન વિદેશ જવાની પરવાનગી આપી છે પરંતુ રિયા સામે હાલમાં લૂકઆઉટ નૉટિસ જાહેર થયેલી છે. જેના કારણે રિયા IIFA 2022 સામેલ નથી થઈ શકતી.


# બદનક્ષીના દાવામાં જોની ડેપ સામે અમ્બર હારી: 116 કરોડ ચૂકવવા પડશે

હોલીવુડ અભિનેતા જોની ડેપ અને તેની પૂર્વ પત્ની એમ્બર હર્ડ વચ્ચે કોર્ટમાં ચાલેલી લાંબી લડાઈ અંતે જોનીની તરફેણમાં પૂરી થઈ છે. ટ્રાયલમાં જ્યુરીએ ડેપની તરફેણમાં ચુકાદો આપ્યો છે. જોની ડેપે અભિનેતા એમ્બર હર્ડ સામે માનહાનિનો દાવો દાખલ કર્યો હતો, જે તેણે આખરે જીતી લીધો છે.

જ્યુરીએ જોની ડેપને 15 મિલિયન યુએસ ડોલર (આશરે રૂ. 1,16,33,46,750) નુકસાની ચૂકવવાનો આદેશ આપ્યો છે. તો સામે જ્યુરીએ એમ્બર હર્ડને તેના કાઉન્ટરસુટ પર 2 મિલિયન યુએસ ડોલર (આશરે 15,51,12,900 રૂપિયા) ચૂકવવા માટે પણ કહ્યું છે.



તમને જણાવી દઈએ કે એમ્બર હર્ડે દાવો કર્યો હતો કે ડેપે લગ્ન પહેલા અને પછી તેનું શોષણ કર્યું હતું. ડેપના વકીલે તેની બદનક્ષી કરી હતી અને તેણે જોનીના બદનાક્ષીના આરોપને ખોટો ગણાવ્યો હતો. આ પછી એમ્બર હર્ડે જોની ડેપ પર ઘરેલુ શોષણનો કેસ પણ કર્યો હતો.



58 વર્ષીય 'પાઈરેટ્સ ઓફ ધ કેરેબિયન' સ્ટાર જોની ડેપે ડિસેમ્બર 2018ના ઑપ-એડમાં ફેરફેક્સ કાઉન્ટી સર્કિટ કોર્ટમાં હર્ડ સામે માનહાનિનો દાવો દાખલ કર્યો હતો. ડેપે હર્ડ પર 50 મિલિયન ડોલર્સનો દાવો માંડ્યો હતો, તેણે એવી દલીલ કરી હતી કે તેણે વોશિંગ્ટન પોસ્ટ અખબારમાં હર્ડ દ્વારા ડેપને ઘરેલું હિંસાનું પ્રતિનિધિત્વ કરતી જાહેર વ્યક્તિ કહીને તેણે બદનામ કર્યો હતો.




# અમદાવાદ-ગાંધીનગરમાં બની રહી છે આઈકોનિક/હાઈરાઈઝ બિલ્ડિંગો

## ■ 5 વર્ષમાં શહેરમાં રચાશે ન્યૂ સ્કાય લાઈન

ગુજરાત | વંદન

ગુજરાતની ટ્વીન સિટી અમદાવાદ અને ગાંધીનગરમાં નિર્માણ પામી રહી છે ન્યૂ સ્કાઈ લાઈન, ત્યારે થઈ જાઓ તૈયાર સ્કાઈ સ્કેપર્સ બિલ્ડિંગોમાં રહેવા. ગુજરાત સરકારે 2017માં આઈકોનિક અને હાઈરાઈઝ બિલ્ડિંગો નિર્માણ કરવાની પોલિસી જાહેર કર્યા બાદ, અમદાવાદમાં અંદાજિત કુલ 4 હાઈરાઈઝ બિલ્ડિંગો નિર્માણ પામવા જઈ રહી છે. જેમાં ગુજરાતની પ્રથમ હાઈરાઈઝ બિલ્ડિંગ નિર્માણ કરનાર હરિકેશ-હાર્મોની ગ્રુપ, અમદાવાદના પોશ અને ધનિક એરિયા સાયન્સ સિટીમાં 100 મીટરની ઊંચાઈ ધરાવતા 35 માળ ધરાવતું હાઈરાઈઝ રેસિડેન્શિયલ બિલ્ડિંગ નિર્માણ કરી રહ્યું છે.

**ગિફ્ટ સીટી ખાતે રિવરફ્રન્ટ** | નર્મદા અને જળ સંશાધન વિભાગ દ્વારા પીડીપીયુ યુનિ. નજીકના



પુલ અને શાહપુર પુલ વચ્ચે અમદાવાદમાં રિવરફ્રન્ટની સાથે 9.3 કિ.મી.નો વિસ્તાર વિકસાવવાનું આયોજન છે. પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં રૂ. 353.58 કરોડના ખર્ચનો અંદાજ છે. આ પ્રોજેક્ટ હાલના

રિવરફ્રન્ટની કેટલીક વિશેષતાઓને અમલમાં મૂકશે. જેમ કે નાગરિકોની સુરક્ષા માટે નીચેથી લઈને છેક ઉપર સુધી મજબૂત દિવાલો બનાવવી . ઉપરાંત નદીના બન્ને કાંઢે ચાર ઘાટ બનાવાશે. અને ગિફ્ટ સીટી રિવરફ્રન્ટ પર જવા માટે બન્ને કાંઠે પાંચ પોઈન્ટ બનાવાશે. લોકો ધોળેશ્વર મંદિર, રાયસણ ગામ અને રાંદેસણ ગામમાંથી પણ રિવરફ્રન્ટ જઈ શકશે.

### આકર્ષણનું કેન્દ્ર બનશે આઈકોનિક ઇમારતો




તો, ગાંધીનગર સ્થિત આવેલી ગિફ્ટ સિટીમાં અમદાવાદ અને ગાંધીનગરના રીયલ એસ્ટેટ ડેવલપર્સ દ્વારા યુનિક અને સ્કાઈ સ્કેપર્સ બિલ્ડિંગો નિર્માણ પામવા જઈ રહ્યા છે. જેમાં ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં સૌથી પહેલાં રેસિડેન્શિયલ બિલ્ડિંગ નિર્માણ કરનાર સંગાથ ગ્રુપ છે. સેવી સ્વરાજ ગ્રુપ, કાવ્યા રત્ના ગ્રુપ, શિવાલિક ગ્રુપ, શિલ્પ ગ્રુપ અને વિશ્વનાથ ગ્રુપ સહિત કેટલાક રીયલ એસ્ટેટ ગ્રુપો ગિફ્ટ સિટીમાં રેસિડેન્શિયલ અને કોમર્શિયલ બિલ્ડિંગો એટલે સેઝમાં નિર્માણ કરવા જઈ રહ્યા છે.અમદાવાદ અને ગાંધીનગરના રીયલ એસ્ટેટ ડેવલપર્સ જણાવી રહ્યા છે કે, આવનારા પાંચથી દસ વર્ષમાં બંને શહેરોમાં ન્યૂ સ્કાઈ લાઈન નિર્માણ પામશે અને ગુજરાતના લોકો અવકાશી વ્યૂમાં રહેતા થઈ જશે. અમદાવાદીઓ સહિત ગુજરાતના લોકો, હવે રાઈ રાઈઝ બિલ્ડિંગોમાં રહેવાનું પસંદ કરી રહ્યા છે.

## થોડી ઈધર કી / થોડી ઉધર કી

# ક્ષમા, ક્ષમા કરજે તું તારી જાતે જ ઓમ મંગલમ ભગવાન વિષ્ણુ..ના મંત્રોચ્ચારો દ્વારા તારી જાત સાથે પરણી જા..! બીજુ તો શું..?

જમાનો ક્યાંથી ક્યાં પહોંચી ગયો છે અને પહોંચી રહ્યો છે. સ્ત્રી-પુરુષ વચ્ચે લગ્ન વ્યવહાર બાદ બે પુરૂષો વચ્ચે સજાતીય લગ્નનું ચલણ શરૂ થયું. વિદેશી કલ્ચરની દેખાદેખીમાં ત્યારબાદ ભારતમાં બે મહિલાઓ લગ્ન કરે તેવા સજાતિય લગ્નની નવી પરંપરા શરૂ થઇ અને હવે તેનાથી એક ડગલુ આગળ વધીને એક યુવતીએ જાહેર કર્યુ- હું તો પરણું મારો મીરાની જેમ કોઇ ગીરીધર ગોપાલ નથી, કોઇ મન કા મીત નથી મારા મન ની વાત એ છે કે હું પરણું તો મારી જાતને પરણું...!!

કોઇ યુવતી એકલી એકલી પરણે, જાતે માથામાં સિંદુર મેકે અને પોતે એકલી એકલી હનીમૂન માટે જાય એવી નવી પ્રથા કે કૂપ્રથાની શરૂઆત ગુજરાતથી થાય તેમ છે. ક્ષમા બિન્દુ નામની આ યુવતીને જાતે એકલી એકલી પોતાની જાત સાથે જ પરણવાની ચાનક ચડી. જાહેર કર્યું અને મંદિરમાં જઇને લગ્નની વિધિ માટેની તૈયારી કરી કે તરા જ વિરોધ વંટોળ..આંધી ઉમટી પડી....

એક પૂર્વ મહિલા મેયરે ફિલ્મોમાં નાયિકાને ઘરની બહાર જતાં અટકાવવા માતા કે પિતા દરવાજે બે હાથ દઇને ઉભા રહી જાય તેમ મેયરે કહી દીધુ-ખબરદાર જો આવા કામ માટે કોઇ મંદિરમાં પ્રવેશી તો... અમે આવા કામ માટે મંદિરનો ઉપયોગ નહીં કરવા દઈએ...તું પરણ તો ખરા...કઇ રીતે પરણે છે....!

મામલો દેશવ્યાપી બની ગયો. મૂળભૂત અધિકારોની દુહાઇ આપવામાં આવી, ક્ષમાને અધિકાર છે વગેરે. દલીલો થઇ રહી છે અને હવે પૂજારી દ્વારા પણ કહી દેવામાં આવ્યું, બેટા ક્ષમા.. અમને ક્ષમા કરજે, અમે તારા લગ્ન નહીં કરાવી શકીએ.. પણ એક રસ્તો છે અને તે એ છે કે તું એકલી એકલી પરણવાની છે તો જાતે જ એકલા એકલા લગ્નના મંત્રોચ્ચાર કરીને પરણી જા...! 11મીએ ક્ષમા એકલી એકલી પોતાની જાતને પરણીને ભારતની પ્રથમ એવી મહિલા બની જશે કે જે વિજાતિય નહીં,, સજાતિય નહીં પણ અજાતિય પરણીને હનીમૂન માટે જશે...!

### ચીનની આર્થિક પ્રગતિમાં બિયરનો ફાળો..,ગુજરાત વિચારે તો...?! વિચારવામાં શું જાય છે..? ચિયર્સ..

બિયર અને ચીલ્ડ બિયરનું નામ પડે ટલે મોટાભાગના ગુજરાતીઓના મોઢા મલક..મલક..મલકાય. ઘણાં તો ગાવા લાગે- બૈરૂ ગયું પિયર અને ફ્રિજમાં છે બિયર...! ગુર્જરબંધુઓ બિયરની મોજ માણવા ગુજરાતને અડીને આવેલા પરપ્રાંતમાં જાય છે. મોજમજામસ્તી અને જોખમ લઈને થોડીક લેતા આવે...એક સામાન્ય બિયરને કારણે 4 હજાર વર્ષ પહેલા ચીનના અર્થતંત્રને નવુ જીવન મળ્યું એમ જો કહીએ તો..?

અભ્યાસુઓના એક નવા તરોતાજા અભ્યાસમાં દર્શાવાયુ છે કે 4 હજાર વર્ષ પહેલાં ચીને જે આર્થિક પ્રગતિ કરી તે બિયરને આભારી છે..કેમ કે તે વખતે બિયરનું મોટા પ્રમાણમાં ઉત્પાદનની નવી રીત-ટેકનોલોજી શોધાઈ અને વ્યાપક પ્રમાણમાં બિયરનું ઉત્પાદન અને વેચાણ-વપરાશને કારણે અર્થતંત્રની ચાઇનીઝ ગાડી બુલેટની જેમ દોડી અને ચીન એક આર્થિક સત્તાશાળી બન્યું તેના મૂળમાં એક સામાન્ય બિયર રહેલી છે..!

ગુજરાતે તો 1 મે 1960થી નશાબંધીની નીતિ અપનાવી છે અને ભાજપના એક નેતા ખૂમાનસિંહ વાંશિયાએ દારૂબંધી દૂર કરવા કરેલી માંગણી અને "લોક-લાગણી"ને જોતાં તથા ચીનની પ્રગતિમાં બિયરનો ફાળો વગેરે. જોતાં જો ગુજરાત સરકાર થોડીક છૂટછાટ આપે .... તો....?!

...અનુસંધાન પાના નં. 06

# જીવન રક્ષક ઈન્જેક્શન માટે અગાઉ વલખાં, હવે જશે કચરાપેટીમાં

## ■ રેમડેસિવિરના 60 લાખ ડોઝ ફેંકી દેવાનો વારો આવ્યુ

ગુજરાત | વંદન

પાછલા વર્ષે પોતાના સ્વજનોને કોરોનાથી બચાવવા માટે સગા-વહાલા રેમડેસિવિર ના એક ડોઝ માટે કલાકો સુધી દવાની દુકાનોની બહાર લાઈનો લગાવી રહ્યા હતા. પરંતુ હવે એક વર્ષ પછી આજે રેમડેસિવિરના 60 લાખ વાયલ (દવા ભરી હોય તે શીશી)ને નસ્ટ કરવા માટે લાઈન લગાવવામાં આવી છે, કારણ કે તે એક્સપાયર ડેટ થઈ ગઈ છે. આ સાથે જે રેમડેસિવિરનો સ્ટોક ફાર્મા કંપનીઓએ DCGIને સ્ટેબિલિટી ડેટા માટે જમા કરાવી હતી, તે પણ આગામી વર્ષે એક્સપાયર ડેટ થઈ જશે. આમ જે દવા માટે કાળા બજારી થતી હતી અને છેતરપિંડીના પણ કિસ્સા બનતા હતા તે જ રેમડેસિવિર હવે તેની એક્સપાયરી ડેટ આવી જતા નકામી બની ગઈ છે.કુલ મળીને જે રેમડેસિવિર દવાની શીશીઓ એક્સપાયર ડેટ પર પહોંચી ગઈ છે તેની કિંમત 600 કરોડ રૂપિયા થયા છે, રેમડેસિવિરની કિંમત 200 કરોડ રૂપિયા થાય છે અને અન્ય કોરોનાની સારવાર માટે

...અનુસંધાન પાના નં. 06




### ફાર્મા કંપનીઓએ ભોગવવું પડશે મોટું નુકસાન?

મુંબઈમાં હેડક્વાર્ટર ધરાવતી ફાર્માસ્યુટિકલ્સના ચેરમેન ધર્મેન્દ્ર શાહ જણાવે છે કે, "માર્ચ 2020માં કેટલીક જ કંપનીઓએ રેમડેસિવિર બનાવી હતી. પાછલા વર્ષે કોરોનાની બીજી લહેર દરમિયાન રેમડેસિવિરની ઘણી માંગ હતી." શાહે આગળ જણાવ્યું કે, "રેમડેસિવિરનો પુરતો જથ્થો ઉપલબ્ધ રહે તે સુનિશ્ચિત કરવા માટે કંપનીઓએ ઉત્પાદન વધાર્યું હતું." આ મામલે તેમણે આગળ જણાવ્યું કે, એક અનુમાન પ્રમાણે હાલ કંપનીઓ અને સરકાર પાસે રેમડેસિવિરની 60 લાખ શીશીઓ પડી છે, જોકે, સૌભાગ્ય એ છે કે હાલ તે દવાઓની જરુર નથી, કારણ કે કોરોના કાબૂમાં છે.

# ગુજરાત હાઇકોર્ટની સરકારી અધિકારીઓ સામે લાલ આંખ

## ■ કન્ટેમ્પ્ટની અરજીમાં સંબંધિત અધિકારીને પણ હાજર રખાશે, બિન જામીનપાત્ર વોરંટ ઈશ્યુ કરવાની ચેતવણી

ગુજરાત | વંદન

ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ખંડપીઠે રાજ્ય સરકારના અધિકારીઓના વલણ સામે ભારોભાર નારાજગી વ્યક્ત કરી છે. કોર્ટના હુકમનું પાલન ન કરનાર અધિકારીઓ સામે બિનજામીનપાત્ર વોરંટ ઈશ્યૂ કરવાની તૈયારી પણ ખંડપીઠે દર્શાવી છે. મુખ્ય ન્યાયધીશની ખંડપીઠ સમક્ષ કોર્ટના હુકમ તિરસ્કારની અરજી એટલે કે કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની સુનાવણી દરમિયાન કેટલાક કિસ્સાઓમાં વિભાગની બેદરકારી સામે આવતી હોય છે. જેને લઈ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે.

ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અરવિંદ કુમાર અને જસ્ટિસ આશુતોષ શાસ્ત્રીની ખંડપીઠે ગુજરાત હાઈકોર્ટ હુકમનો તિરસ્કાર થવા મામલે વિવિધ વિભાગના અધિકારીઓ સામે નારાજગી વ્યક્ત કરી છે. કોર્ટે ટકોર કરી કે, હવે કન્ટેમ્પ્ટની અરજીમાં રાજ્ય સરકારને નોટિસની સાથે સંબંધિત અધિકારીને પણ હાજર રાખવા માટે હુકમ કરશે અને બિનજામીનપાત્ર વોરંટ પણ ઈશ્યુ કરશે.ભૂતકાળમાં આવા કિસ્સા સામે આવી ચૂક્યા છે કે, જ્યાં સંબંધિત વિભાગને કોર્ટનો ઓર્ડર ન મળવાનું કારણ હાથ ધરીને હુકમનું પાલન ન થતું હોવાની દલીલો કરવામાં આવી હતી. જોકે, હવે કોર્ટના ઓર્ડર સંબંધિત

...અનુસંધાન પાના નં. 06

### રીયલ એસ્ટેટ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ રાહત આપવા માંગણી

# ચૂંટણી પહેલા ભાજપ સરકાર બિલ્ડર લોબી માટે નિયમો હળવા કરે તેવી શક્યતા

ગુજરાત | વંદન

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી વર્ષમાં રાજ્ય સરકાર બિલ્ડરોને ખુશ કરવાની તૈયારીમાં હોય તેમ રીયલ એસ્ટેટ ક્ષેત્રની લાંબા વખતની માગણીઓનો સ્વીકાર કરી શકે છે. કોમન જનરલ ડેવલોપમેન્ટ એન્ડ કંટ્રોલ રેગ્યુલેશન (સીજીડીસીઆર)માં પ્રવર્તતી વિવિધ વિસંગતતાઓ દૂર કરીને શહેરી વિકાસ આડેના અંતરાયો દૂર કરવા અને એકસમાન નીતિ-નિયમો નક્કી કરવાની દિશામાં તૈયારી શરુ કરવામાં આવી છે.

રાજ્ય સરકારના શહેરી વિકાસ મંત્રાલયના એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું કે, હાઉસીંગ રિડેવલોપમેન્ટ, હોટલ, હોસ્પિટલ તથા વિવિધ શહેરોના વિકાસ પ્લાનોમાં વ્યાપક વિસંગતતાઓ રહી છે. રીયલ એસ્ટેટ સંગઠનો લાંબા વખતથી

...અનુસંધાન પાના નં. 06

### રીયલ એસ્ટેટ ક્ષેત્રની મુખ્ય માંગ

- FSIની ખરીદ કિંમત 50 ટકા ઘટાડવામાં આવે
- ટીપી અને શહેરી વિકાસ કાયદાની કલમ 49(1)માં બદલાવ કરવામાં આવે, જેના કારણે રુપાંતરિત ફાઈનલ પ્લોટનો ઉપયોગ નથી થઈ શકતો
- વિકાસ બાકી હોય તેવા પ્લોટ વિશે દર છ મહિને ટીપીઓનું પૂછાણ આવે છે અને જવાબ આપવા પડે છે તે નિયમ દૂર કરવામાં આવે
- બિનખેતી અને પ્લાન મંજૂરીની પ્રક્રિયા એકસાથે થાય તેથી સમય બચી શકે.
- સમયનો વ્યય રોકવા ટીપીના મુસદા વખતે જ પર્યાવરણ ક્લીયરન્સ આપી દેવામાં આવે
- પ્રોજેક્ટની જરુરિયાત મુજબ પાર્કિંગના નિયમો ફ્લેક્સીબલ રાખવામાં આવે.
- ગગનચૂંબી ઈમારતો માટે મંજૂરી પ્રક્રિયા માત્ર એક જ અધિકારી હસ્તક રાખવામાં આવે અને સમગ્ર પ્રક્રિયા ઝડપી બની શકે તે માટે વધુ અધિકારીઓને સત્તા સોંપવામાં આવે
- ગ્રીન બિલ્ડીંગમાં રાહતોની નીતિ રિવાઈઝ કરવામાં આવે.
- એસી પ્લાન્ટ તથા ઈલેક્ટ્રીક રુમની જગ્યાની એફએસઆઈમાં ગણતરી અટકાવવામાં આવે.

